Monday 05, October 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૨૬ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## કોંગ્રેસે કપરાડા CHCમાં તબીબો-સાધનોની અછતનો મુદ્દો ઉઠાવ્યો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૪ :** કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારોના લોકોને સમયસર અને યોગ્ય આરોગ્ય સેવા મળી રહે તે હેતુથી જિલ્લા પંચાયત સભ્ય જશોદાબેન કિરણભાઈ જાદવ સહિત સરપંચો અને વડીલ આગેવાનોએ કપરાડા સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (CHC)ની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન આરોગ્ય કેન્દ્રમાં તબીબો તેમજ જરૂરી તબીબી સાધનોની અછતનો મુદ્દો સામે આવ્યો હતો. કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર માટે CHC ખાતે આવતા હોવાથી પૂરતો તબીબી અને નર્સિંગ સ્ટાફ ઉપલબ્ધ હોવો જરૂરી છે. ત્યારે મંજૂર જગ્યાઓની સામે હાલમાં કેટલા તબીબો અને નર્સિંગ સ્ટાફ ફરજ બજાવી રહ્યા છે તેની સમીક્ષા કરવાની જરૂરિયાત પણ વ્યક્ત કરવામાં આવી હતી.ગ્રામજનોના જણાવ્યા મુજબ કપરાડા જેવા અંતરિયાળ તાલુકા માટે CHC આરોગ્ય સેવાનું મહત્વનું કેન્દ્ર છે. અહીં જરૂરી તબીબી સેવા અથવા સાધનો ઉપલબ્ધ ન હોય તો દર્દીઓને અન્ય સ્થળે સારવાર માટે જવું પડે છે, જેના કારણે સમય અને આર્થિક ખર્ચ બંને વધે છે. જિલ્લા પંચાયત સભ્ય જશોદાબેન જાદવે આરોગ્ય વિભાગ સમક્ષ CHCમાં જરૂરી તબીબોની નિમણૂક કરવા, ખાલી જગ્યાઓ ભરવા તેમજ જરૂરી તબીબી સાધનો ઉપલબ્ધ કરાવવા રજૂઆત કરવાની તૈયારી દર્શાવી છે. કપરાડા CHCમાં આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ બને અને અંતરિયાળ વિસ્તારના લોકોને તેમના નજીકના સ્થળે સમયસર સારવાર મળી રહે તેવી માંગ ઉઠી છે.




## થ્રીડીના પ્રશાસક પ્રફુલ પટેલ દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીઓને મળ્યા

દિલ્હીની મુલાકાત દરમિયાન, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ પટેલે કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ અને કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન જે.પી. નડ્ડા સાથે મુલાકાત કરી હતી. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સાથેની મુલાકાત દરમિયાન, પ્રશાસક પ્રફુલ પટેલે કેન્દ્રશાસિત પ્રદેશના વિકાસ અને રાષ્ટ્રીય હિતના મુદ્દાઓ સાથે સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. ત્યારબાદ તેમણે કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડા સાથે મુલાકાત કરીને રાજ્યમાં આરોગ્ય સેવાઓ અને ચાલી રહેલા વિકાસ કાર્યો અંગે ચર્ચા કરી. આ સમયગાળા દરમિયાન, પ્રશાસક પ્રફુલ પટેલે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સાથે પણ મુલાકાત કરી હતી.







## ચંડોર ત્રણ રસ્તા પર જીવતા વાયર સાથે તૂટેલો વીજ પોલ, તંત્ર સામે રોષ



**છેલ્લા ઘણાં દિવસોથી આ વીજપોલ તૂટેલી હાલતમાં હોય અનેક રજુઆત છતાં વીજ કંપની દ્વારા કામગીરી નહીં કરાતાં કોઈકને વીજ કરંટ લાગવાની પણ શકયતા**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૪ :** વાપી-ચંડોર મુખ્ય માર્ગ પર આવેલા ભંડારી સ્ટ્રીટ ત્રણ રસ્તા નજીક અજાણ્યા વાહનની ટક્કરથી વીજ પોલ તૂટી પડ્યાની ઘટના બની હતી. તૂટેલો વીજ પોલ જીવતા વીજ વાયર સાથે નજીકની એક શૈક્ષણિક સંસ્થાના મકાનના કમ્પાઉન્ડમાં પડ્યો હોવા છતાં છેલ્લા ઘણા દિવસોથી વીજ કંપની દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ, આશરે ૨૦ દિવસ અગાઉ કન્ટેનર, ટેન્કર, ટ્રક કે ટેમ્પો જેવા કોઈ અજાણ્યા ભારે વાહને માર્ગની બાજુમાં આવેલ વીજ પોલને ટક્કર મારી હતી. અકસ્માત બાદ વીજ પોલ તૂટી પડ્યો હતો. આ માર્ગ પરથી દમણના ઔદ્યોગિક વિસ્તારો તેમજ વાપી ટાઉન તરફ જતા ભારે વાહનોની સતત અવરજવર રહે છે. વીજ પોલ તૂટી પડ્યા બાદ સ્થાનિકો દ્વારા વીજ કંપનીના અધિકારીઓને વારંવાર રજૂઆત કરી નવા વીજ પોલની વ્યવસ્થા કરવા તેમજ જીવતા વીજ વાયરોને સલામત રીતે ઉપર કરવાની માંગ કરવામાં આવી હતી. જોકે, રજૂઆતો છતાં હજુ સુધી યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી. ખાસ કરીને શૈક્ષણિક સંસ્થાના કમ્પાઉન્ડમાં વીજ પોલ અને જીવતા વાયર પડેલા હોવાથી વિદ્યાર્થીઓ તથા રાહદારીઓની સુરક્ષાને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જો વીજ કંપનીની બેદરકારીના કારણે કોઈ માસૂમ બાળક કે રાહદારીને વીજ કરંટ લાગવાથી જાનહાનિ થાય તો તેની જવાબદારી કોની રહેશે, તેવો સવાલ પણ સ્થાનિકો ઉઠાવી રહ્યા છે.

## વાપી જે-ટાઈપ ROB માટે ગર્ડર મુકાયા : હવે સ્પાન મુકાશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૪ :** વાપીમાં રેલવે લાઈનની પૂર્વ-પશ્ચિમમાં વાહનોની અવરજવર માટે મહત્વાકાંક્ષી બે ઓવરબ્રિજ પૈકીના જે-ટાઈપ રેલવે ઓવરબ્રિજનું રેલવે હદમાં ૨૨ મીટર સ્પાન ફિટ કરવા માટે ગર્ડર ઊભા કરવાનું કામ પૂર્ણ થઈ ગયું છે. આ કામ માટે રેલવેના મેગા બ્લોકની મંજૂરીની રાહ જોવાતી હતી.

ચોમાસુ પૂર્ણ થયા બાદ ગત ૨૭ સપ્ટેમ્બરથી ૩ ઓક્ટોબર સુધી મેગા બ્લોક મંજૂર થતાં આ સમયગાળા દરમિયાન રેલવે અને એજન્સી દ્વારા જે-ટાઈપને જોડતો રેલવે નાળાવાળો રોડ વાહન વ્યવહાર માટે બંધ કરાયો હતો. ત્યારબાદ ૭ દિવસમાં રેલવેની હદમાં ૪ જેટલા ગર્ડર મોટી ક્રેન દ્વારા ઊભા કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.

હવે ઊભા કરાયેલા ગર્ડર ઉપર સ્લેબ ચઢાવવામાં આવશે. ત્યારબાદ ગણતરીના દિવસોમાં વાપી જે-ટાઈપ રેલવે ઓવરબ્રિજ, જે નામધા રિંગ રોડ થઈ કચીગામ અને દમણને જોડે છે, તે જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવશે. જેનાથી રોજિંદા હજારો વાહનચાલકોને મોટી રાહત થશે.

બીજી તરફ વાપીના જૂના ફાટક પર આશરે દોઢ અબજના ખર્ચે નિર્માણ પામી રહેલા ઓવરબ્રિજનું કામ હજુ કેટલા વર્ષ ખેંચાશે તે કહેવું મુશ્કેલ છે.

આ બ્રિજ માટે પૂર્વમાં સોનોરસ સામે એક પિલર ટેકનિકલ ખામીઓના કારણે તોડવાની ફરજ પડી રહી હોવાનું જાણવા મળ્યું છે.




**દમણગંગા ટાઈમ્સ**
દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com



## સેલવાસમાં વન્યજીવ સંરક્ષણ માટે મેરેથોન યોજાઈ

**મોટી સંખ્યામાં ખેલાડીઓ-વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર જોડાયા**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૪ :** રાષ્ટ્રીય વન્યજીવ સપ્તાહ-૨૦૨૬ અંતર્ગત વન અને વન્યજીવ વિભાગ દ્વારા સેલવાસમાં ૫ કિમીની 'રન ફોર વાઈલ્ડલાઈફ' મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. રિંગ રોડ ફલાયઓવર સ્થિત એસડીએમસી કોલેજ નજીક મુખ્ય વન સંરક્ષક સંજય વારડકર અને નગરપાલિકા પ્રમુખ સોમનાથે લીલીઝંડી આપી મેરેથોનને પ્રસ્થાન કરાવ્યું હતું.

મેરેથોનમાં ખેલો ઈન્ડિયાના યુવા ખેલાડીઓ, વિદ્યાર્થીઓ, મહિલાઓ સહિત મોટી સંખ્યામાં શહેરવાસીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

દોડ પૂર્ણ કરનાર તમામ સ્પર્ધકોને મેડલ અને સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વન્યજીવ સંરક્ષણ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો તેમજ પર્યાવરણ સંરક્ષણનો સંદેશ જન-જન સુધી પહોંચાડવાનો હતો. મેરેથોન દ્વારા વન્યજીવો અને કુદરતી પર્યાવરણના રક્ષણ માટે લોકોની ભાગીદારી વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો

## પારડીના જવેલર્સમાં ગ્રાહકના સ્વાંગમાં ૫ તોલા સોનુ સેરવી ગયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૪ :** પારડીમાં વલસાડી ઝાંપા, કુંભારવાડ લક્ષ્મી ફર્નિચર સામે આવેલ બંસી જ્વેલર્સ નામની દુકાનમાં ટોપી અને માર્ક્સ પહેરીને ગ્રાહકના સ્વાંગમાં આવેલ એક અજાણ્યા વ્યક્તિએ પાંચ તોલાના સોનાના દાગીના રૂપિયા અઢી લાખની ચોરી કરી પલાયન થઈ ગયો હતો. જે અંગેની ફરિયાદ દુકાનદારે પારડી પોલીસ મથકમાં નોંધાવી હતી ચોરી કરનાર ઈસમ સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો હતો. આ ઘટનાના પગલે સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ છે. અહીં બંસી જ્વેલર્સની દુકાનમાં બપોરના સુમારે ટોપી અને માર્ક્સ પહેરીને આવેલ અજાણ્યા વ્યક્તિએ નાકમાં પહેરવાની સોનાની જળ બતાવવા જણાવેલ જેથી બંસી જ્વેલર્સના દુકાનદાર દીપકભાઈ ચંપકભાઈ પારેખે આ ઈસમને સોનાની બુટ્ટી આપેલી હતી. જેના રૂા.૧૯૦૦/- ચૂકવીને બુટ્ટી એની પત્નીને બતાવીને



આવું છું એમ કરીને ગયા બાદ પરત આવ્યો હતો અને ફરીથી બુટ્ટી જોવા માંગી હતી ત્યારે દીપકભાઈએ ફરીથી બતાવી હતી ત્યારબાદ નથી ગમતી એમ કહીને અજાણ્યો વ્યક્તિ ચાલી ગયો હતો અને એના ગયા બાદ દીપકભાઈએ બોક્સ જોતા બોક્સમાં સોનાની ચેઈન નંગ ૮, જેનું વજન આશરે ૫૦ ગ્રામ પાંચ તોલા જેની કિંમત રૂા. ૨,૫૦,૦૦૦/- લઈને અજાણ્યો ચોર પલાયન થઈ ગયો હતો એવું જાણવા મળ્યું હતું. સમગ્ર ઘટના દુકાનમાં લાગેલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. આ બનાવના હકીકતની પારડી પોલીસ મથકમાં દીપકભાઈએ અજાણ્યા વ્યક્તિ સામે ફરિયાદ આપતા પારડીપોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજ લઈ આ બાબતની વધુ તપાસના ધરી છે. આ સાથે પારડીની વિવિધ સોનાની દુકાનોમાં પણ આ ચોર રેકી કરી હોવાનું સીસીટીવી કેમેરામાં દુકાનદારોએ કેદ કરી લીધો હતો. આ બાબતની સંપૂર્ણ તપાસ પી.આઈ વાયબી ગોહિલ કરી રહ્યા છે



## સોમનાથ તળાવ ફરતે બંધ લાઈટો ઝળહળી ઊઠી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૦૪ :** બીલીમોરા નગરપાલિકા પાછળ આવેલા ઐતિહાસિક સોમનાથ તળાવના બ્યુટીફિકેશન અંતર્ગત લાખો રૂપિયાના ખર્ચે મુકાયેલી લાઈટો બંધ હોવા અંગે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલનો જોરદાર પ્રભાવ જોવા મળ્યો છે. અહેવાલ પ્રસિદ્ધ થતાંની સાથે જ ઘોર નિંદ્રામાં પોઢેલું પાલિકા વહીવટીતંત્ર તાબડતોબ હરકતમાં આવ્યું હતું અને એજન્સી મારફતે યુદ્ધના ધોરણે કામગીરી કરાવી તમામ લાઈટો પુનઃ કાર્યરત કરાવી દેતાં તળાવ વિસ્તાર ઝળહળી ઊઠ્યો છે.

રાજ્ય સરકારની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ અંદાજે રૂા.૮૦ લાખના ખર્ચે સોમનાથ તળાવનું બ્યુટીફિકેશન સુરતની એજન્સી દ્વારા કરાયું હતું. જોકે, કામ પૂર્ણ થયા બાદ મોટાભાગની આકર્ષક લાઈટો બંધ પડી રહેતાં સમગ્ર પરિસરમાં અંધારપટ છવાયો હતો. આ અંગે પાલિકાના વિપક્ષી સભ્ય મલંગ કોલિયાએ લેખિત રજૂઆત કરી હોવા છતાં તેમજ ચીફ ઓફિસરે ૧ સપ્ટેમ્બરના રોજ લેખિત ખાતરી આપી હોવા છતાં એક મહિના સુધી કોઈ નક્કર કામગીરી થઈ ન હતી. અંતે વિપક્ષે ૨જી ઓક્ટોબરે ગાંધી જયંતિના દિને જલદ વિરોધ પ્રદર્શનની ચીમકી ઉચ્ચારી હતી.

પ્રજાની આ ગંભીર સમસ્યા અને તંત્રની ઢીલી નીતિને દમણગંગા ટાઈમ્સ દ્વારા વાચા આપતાં જ પાલિકા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. અધિકારીઓએ તાત્કાલિક ઈજારદાર એજન્સીને સ્થળ પર દોડાવી વાયરિંગ અને ટેકનિકલ ખામીઓનું નિરાકરણ લાવવા કડક સૂચના આપી હતી. તંત્ર દ્વારા હાથ ધરાયેલી ત્વરિત કામગીરીના પરિણામે બંધ પડેલી તમામ આકર્ષક લાઈટો ફરી શરૂ થઈ જતાં સોમનાથ તળાવ રોશનીથી ઝળહળી ઊઠ્યું હતું. પરિણામે દેસરા તેમજ આસપાસના વિસ્તારના રહીશો તથા મૉર્નિંગ-ઈવનિંગ વોક માટે આવતા નગરજનોમાં રાહતની લાગણી ફેલાઈ છે અને લોકોએ દમણગંગા ટાઈમ્સની લોકહિતની ભૂમિકાને બિરદાવી હતી.

## દાંડી વિનય મંદિરનાં વિદ્યાર્થીઓએ ગાંધીજીને ત્રિવિધાંજલિ અર્પી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દાંડી, તા.૦૪ :** ૧૯૫૯થી કાંઠા વિસ્તારના વિદ્યાર્થીઓ માટે શિક્ષણનો દીપ સમાન સંસ્થા વિનય મંદિર દાંડી હાઈસ્કૂલના મૂળ ઉદ્દેશ્ય ગાંધીજીનાં શિક્ષણના સિદ્ધાંતો અનુસાર વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ માટે પ્રયત્ન કરવો છે. આથી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મજયંતી નિમિત્તે વિનય મંદિર દાંડીના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ગાંધીજીને ત્રિવિધ અંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ અંતર્ગત સૌપ્રથમ શાળાનાં પ્રત્યેક વિદ્યાર્થીએ ગાંધીજીની આત્મકથા સત્યના પ્રયોગોનું આંશિક વાંચન કર્યું અને પોતાને સમજાયેલા ગાંધીના વિચારોને નોંધ્યા. આ સાથે જ સુંદર અક્ષર અને ગાંધીજીની આત્મકથામાંથી પ્રાપ્ત થયેલ સુવિચારની સ્પર્ધામાં પણ ભાગ લીધો. આમ, ગાંધી વિચારો અને જીવનમૂલ્યોનું સ્મરણ કરીને વિદ્યાર્થીઓને સત્ય, અહિંસા અને સ્વાનુશાસનના સંસ્કારોનું મહત્વ સમજીને બાપુને સ્મરણાંજલિ અર્પણ કરવામાં આવી હતી.



ગાંધીબાપુને નાટ્ય અંજલિ અર્પણ કરવા માટે પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓએ ગાંધીજીના જીવન પ્રસંગો આધારિત નાટક રજૂ કર્યું. આ નાટ્યઅંજલિ દ્વારા ગાંધીજીના બાળપણ, સત્યના પ્રયોગો, સ્વદેશી ચળવળ અને દાંડીકૂચ જેવા પ્રસંગોને જીવંત રીતે રજૂ કરવામાં આવ્યા, જેને ઉપસ્થિત સૌએ વધાવી લીધા હતાં.

કાર્યક્રમના ત્રીજા તબક્કામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકમિત્રોએ શાળા પરિસર તથા આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન કર્યું જેમાં જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, નવસારી તેમજ સામાજ વૈજ્ઞાનિક ડો કાળુભાઈ ડાંગર પણ જોડાયા હતા. ગાંધીજીના ઙ્કસ્વચ્છતા એ સેવાજ્ઞના સંદેશને આત્મસાત કરતાં સૌએ કાર્યઅંજલિ અર્પણ કરી હતી.

આ સાથે જ વિનય મંદિર છાત્રાલયના વિદ્યાર્થીઓએ પણ દાંડી સ્થિત પ્રાર્થના મંદિરમાં સાંજે બાપુના ભજનોનું દાન કરી બાપુ ને પુષ્પાંજલિ પણ અર્પણ કરી હતી.

આમ ગાંધીજીના મૂલ્યોને જીવનમાં ઉતારવા માટેના પ્રયત્નના ભાગરૂપે વિનય મંદિર દાંડીના વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીજીને અપાયેલી આ ત્રિવિધ અંજલીના કાર્યક્રમનું શાળા પરિવાર દ્વારા સુયોગ્ય આયોજન કરવા બદલ સંચાલક મંડળના પ્રમુખ સુરેશભાઈ પટેલ અને મંત્રી ધીરુભાઈ પટેલે બિરદાવી હતી.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૫-૧૦-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** ભાદરવો વદ, દશમ, **સૂર્યોદય :** ૦૬ : ૩૬ **સૂર્યાસ્ત** ૦૬ : ૧૯, **ચંદ્રોદય** - ૦૧:૦૭ **ચંદ્રાસ્ત** - ૦૨:૫૬ **ચંદ્ર રાશિ :** કર્ક, **નક્ષત્ર** - પુષ્ય

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** પ્રમોશન કે કોઈ સારા સમાચાર મળવાના યોગ છે. ભાગ્યનો સાથ મળશે. મિત્રોની સલાહ આર્થિક રીતે ઉપયોગી સાબિત થશે.
**વૃષભ(બ.વ.ઉ) :** રોકાણ માટે દિવસ અનુકૂળ છે. જૂના વિવાદોનો અંત આવી શકે છે. કાર્યસ્થળ પર સહકર્મીઓનો સહયોગ મળશે.
**મિથુન(ક.છ.ઘ) :** બુદ્ધિ અને સમજદારીથી લીધેલા નિર્ણયો ફાયદાકારક સાબિત થશે. આવકના નવા સ્રોત ઊભા થઈ શકે છે. સ્વાસ્થ્ય સારું રહેશે.
**કર્ક(ડ.હ) :** ધનલાભના યોગ છે અને માન-પ્રતિષ્ઠામાં વધારો થશે. પરિવાર સાથે સારો સમય પસાર થશે. રચનાત્મક કાર્યોમાં રુચિ વધશે.
**સિંહ(મ.ટ.) :** ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી છે. વિરોધીઓથી સાવધ રહેવું. કાર્યક્ષેત્રમાં મહેનતનું યોગ્ય પરિણામ મળશે.
**કન્યા(પ.ઠ.ણ.) :** જૂના રોકાણોથી સારો નફો મળી શકે છે. તમારીડ કળા અને હુનરથી કાર્યક્ષેત્રમાં પ્રશંસા મેળવશો.
**તુલા (ર.ત.) :** બજેટ સંતુલિત રાખવું. વેપારમાં ભાગીદારીથી લાભ થશે પરંતુ સાવચેતી રાખવી જરૂરી છે. પરિવારમાં શાંતિ જળવાશે.
**વૃશ્ચિક(ન.ય.) :** આર્થિક સ્થિતિ મજબૂત બનશે. અટકેલા કાર્યો પૂરા થવાની સંભાવના છે. વેપારમાં નવા સહયોગીઓથી લાભ થશે.
**ધન(ભ.ધ.ફ.ઢ.) :** ઉત્સાહ અને ઊર્જાથી ભરપૂર દિવસ છે. સમજદારીપૂર્વક કરેલી બચત ભવિષ્યમાં કામ આવશે. ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે.
**મકર(જ.ખ) :** તમારી રાશિમાં જ ચંદ્ર હોવાથી આત્મવિશ્વાસ વધશે. વ્યાપાર અને નોકરીમાં નવી સાખ અને પ્રતિષ્ઠા સ્થાપિત થશે.
**કુંભ(ગ.શ.સ.) :** આર્થિક લાભ થવાની સંભાવના છે. અચાનક ધન પ્રાપ્તિના યોગ છે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું અને વિવાદોથી દૂર રહેવું.
**મીન(દ.ચ.ઝ.થ.) :** પારિવારિક જીવનમાં સુમેળ રહેશે. નાણાકીય બાબતોમાં થોડો સંયમ રાખવો અને ઉતાવળમાં નિર્ણય ન લેવો. નોકરીમાં જવાબદારીઓ વધશે.

## વઘઈ ગાંધીબાગ ખાતે મહાત્મા ગાંધીજીની જન્મજયંતિની ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સાપુતારા, તા.૦૪ :** ડાંગ જિલ્લાનાં વઘઈ ખાતે ગાંધીબાગમાં ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મજયંતિની ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના સત્ય, અહિંસા અને રાષ્ટ્રસેવાના વિચારોને યાદ કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમમાં ડાંગ કૉંગ્રેસનાં માજી ધારાસભ્ય મંગળભાઈ ગાવિત, વઘઈ સરપંચ સિંદુબેન ભોયે ઉપ સરપંચ રમેશ ભોયે માજી ઉપપ્રમુખ બળવંત દેશમુખ, તાલુકા સદસ્ય સ્મિતાબેન કોંગ્રેસ આગેવાન ગૌતમભાઈ પટેલ, તબરેઝ અહેમદ, નરેશ રેંજડ સહિત કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ મહાત્મા ગાંધીજીના જીવન અને દેશની આઝાદીની લડતમાં તેમના યોગદાનને યાદ કરી તેમના આદર્શોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### સંસદીય સંકુલ વિકાસ પરિયોજના અંતર્ગત

## વાંસદા સંકુલની વિકાસલક્ષી બેઠક યોજાઈ

**ગામોની સ્થાનિક જરૂરિયાતો, સિંચાઈ, પ્રાકૃતિક ખેતી અને આજીવિકાની નવી તકો અંગે વિસ્તૃત ચર્ચા**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાંસદા, તા.૦૪ :** સંસદીય સંકુલ વિકાસ પરિયોજના અંતર્ગત વાંસદા સંકુલના સર્વાંગી, સુઆયોજિત અને ટકાઉ વિકાસના હેતુથી આજે વાંસદા સંકુલ કચેરી ખાતે વિકાસ સહયોગી ડૉ. લોચન શાસ્ત્રીના નેતૃત્વમાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આંબેડકર ટ્રસ્ટ, સુરત તરફથી પરેશભાઈ વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. બેઠકમાં વાંસદા સંકુલ અંતર્ગત આવતા વિવિધ ગામોના પ્રતિનિધિઓ સાથે ગામની સ્થાનિક જરૂરિયાતો, પ્રાથમિક સમસ્યાઓ અને ભવિષ્યમાં હાથ ધરી શકાય તેવા વિકાસકાર્યો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન વિવિધ ગામોના પ્રતિનિધિઓએ પોતાના વિસ્તારની વાસ્તવિક પરિસ્થિતિ, ગ્રામજનોની જરૂરિયાતો, ખેડૂતોના પ્રશ્નો તેમજ રોજગારી અને આજીવિકાને લગતા મુદ્દાઓ રજૂ કર્યા હતા. ખાસ કરીને ખેડૂતોને ખેતી માટે પૂરતું પાણી મળી રહે તે માટે સિંચાઈની સુવિધાઓનું વિસ્તરણ, તળાવો અને ચેકડેમનું નિર્માણ, જળસંચયની વ્યવસ્થાને મજબૂત બનાવવા તથા વરસાદી પાણીનો મહત્તમ ઉપયોગ કરવા જેવા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી.

વાંસદા વિસ્તારના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ પ્રોત્સાહિત કરવા, ખેતીના ખર્ચમાં ઘટાડો કરવા અને ટકાઉ કૃષિ પદ્ધતિઓ અપનાવવા અંગે પણ વિશેષ ચર્ચા થઈ હતી. આ ઉપરાંત સ્થાનિક સ્તરે ઉપલબ્ધ વનપેદાશોનો યોગ્ય ઉપયોગ કરીને આજીવિકાનાં નવા સાધનો ઊભાં કરવા, પશુપાલનને પ્રોત્સાહન આપવા, કૃષિ આધારિત વ્યવસાયો વિકસાવવા તેમજ કૌશલ્યવર્ધન તાલીમ અને સ્વરોજગારની તકો ઊભી કરવા અંગે જરૂરી માર્ગદર્શન અને સૂચનો રજૂ કરવામાં આવ્યા હતાં.

બેઠકમાં વાંસદા સંકુલના અંતરિયાળ અને ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા, જાહેર ઉપયોગી માળખાકીય સુવિધાઓનું વિસ્તરણ કરવા અને ગામની ભૌગોલિક પરિસ્થિતિ તથા સ્થાનિક સંસાધનોને અનુરૂપ વિકાસલક્ષી યોજનાઓ તૈયાર કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. દરેક ગામની વિશિષ્ટ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકાસકાર્યોની પ્રાથમિકતા નક્કી કરવી, તાત્કાલિક નિરાકરણ માગતા પ્રશ્નોની ઓળખ કરવી અને આગામી સમયમાં હાથ ધરી શકાય તેવા કાર્યોનું આયોજન કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

## દમણ રેડિયો

**102.3 FM**

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## બીલીમોરા સ્ટેશન રોડ પર ભીષણ આગ

**ગાદલાની દુકાન સહિત આસપાસની ૫ દુકાનો લપેટમાં, લાખોનું નુકસાન**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૦૪ :** બિલીમોરા નગરપાલિકા વિસ્તારમાં સ્ટેશન રોડ પર આવેલી દુકાનોમાં શનિવારે દોઢ વાગ્યા આસપાસ સુમારભાઈ હમીરભાઇ મુલતાનીની ગાદલાની દુકાનમાં શોર્ટ સર્કિટ કારણોસર અચાનક આગ ફાટી નીકળી હતી. આ આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં બાલાજી બેગ્સ,આલ્ફા ફૂટવેર, દીપક બેગ, દીપક સાયકલ સ્ટોર સહિત કુલ ૬ દુકાનો તેની ઝપેટમાં આવી ગઈ હતી. તમામ દુકાનોમાં રહેલો માલસામાન બળીને ખાખ થઈ જતાં મોટું આર્થિક નુકસાન થયું હતું.

નવસારી જિલ્લાના બીલીમોરા સ્ટેશન રોડ પર શનિવાર બપોરના આશરે દોઢ વાગ્યાની આસપાસ ગાદલાની દુકાનમાં શોર્ટ સર્કિટ કારણોસર ભીષણ આગ ભભૂકી ઊઠતા સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને દોડધામ મચી જવા પામી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં દીપક સ્ટોર્સની સામે આવેલી અન્ય છ જેટલી દુકાનો પણ આગની લપેટમાં આવી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી તાત્કાલિક બીલીમોરા સહિત ગણદેવી અને ખૂંધ-ચીખલી નગરપાલિકાના ફાયર ફાઈટરો ઘટનાસ્થળે દોડી આવ્યા હતાં અને ચારેય તરફથી પાણીનો સતત મારો ચલાવી કલાકોની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ફાયર ટીમોની ત્વરિત અને સમયસૂચક કામગીરીને પગલે આસપાસની અન્ય દુકાનો આગમાં હોમાતા બચી ગઈ હતી અને એક મોટી જાનહાનિ કે મોટી હોનારત ટળી શકી હતી, જોકે આગની ઝપેટમાં આવેલી તમામ દુકાનોમાં રહેલો માલસામાન બળીને ખાખ થઈ જતાં લાખો રૂપિયાનું મોટું નુકસાન થયું હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે, સાથે જ સ્થાનિક પોલીસે પણ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક વ્યવસ્થા હળવી કરી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર પૂર્ણ નિયંત્રણ મેળવી લીધું હતું.

## બીલીમોરાની પીએમ કન્યા શાળામાં ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૦૪ :** બીલીમોરા પીએમશ્રી કન્યા શાળા ખાતે ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીનીઓએ ગણિત તથા વિજ્ઞાન આધારિત વિવિધ મોડેલ્સ, ચાર્ટ્સ અને પ્રયોગો ઉત્સાહપૂર્વક રજૂ કર્યા હતા. આ પ્રદર્શનમાં ખાસ કરીને પાણી બચાવો, રેઈન વોટર હાર્વેસ્ટિંગ, સૌર અને પવન ઊર્જા, પર્યાવરણ સંરક્ષણ, પ્રદૂષણ નિયંત્રણ તેમજ કચરા વ્યવસ્થાપન જેવા વિષયો પર તૈયાર કરાયેલી જીવંત કૃતિઓએ વિશેષ આકર્ષણ જમાવ્યું હતું.



બાળ વૈજ્ઞાનિકોએ પોતાના પ્રોજેક્ટની કાર્યપદ્ધતિ, ઉપયોગિતા અને વૈજ્ઞાનિક સિદ્ધાંતો મુલાકાતીઓને સરળ શૈલીમાં સમજાવ્યા હતાં. શાળાના આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત વાલીઓએ પ્રદર્શન નિહાળી -ોત્સાહન પૂરું પાડ્યું હતું. વિષયની સમજ, સર્જનાત્મકતા અને ઉપયોગિતાના આધારે કૃતિઓનું મૂલ્યાંકન કરી શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર અને ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં, તેમજ ભવિષ્યમાં પણ આવી પ્રયોગાત્મક શિક્ષણની પ્રવૃત્તિઓ સતત યોજવાનો શાળા પરિવારે સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### સુડોકુ નં.૦૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | 7 | | | 3 | | | |
| | 3 | | 6 | | 4 | | 5 | 9 |
| | | | 1 | | | | | 3 |
| 4 | 2 | | | | | 3 | 8 | |
| | | | | 4 | | | | |
| | 9 | 1 | | | | | 2 | 6 |
| 7 | | | | | 1 | | | |
| 8 | 4 | | 7 | | 5 | | 1 | |
| | | | 3 | | | 7 | 6 | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૧નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 8 | 7 | 1 | 9 | 5 | 4 | 2 | 6 |
| 9 | 6 | 5 | 7 | 2 | 4 | 8 | 1 | 3 |
| 4 | 1 | 2 | 8 | 3 | 6 | 7 | 9 | 5 |
| 7 | 3 | 1 | 4 | 6 | 8 | 9 | 5 | 2 |
| 8 | 2 | 6 | 3 | 5 | 9 | 1 | 4 | 7 |
| 5 | 9 | 4 | 2 | 1 | 7 | 3 | 6 | 8 |
| 6 | 4 | 9 | 5 | 8 | 3 | 2 | 7 | 1 |
| 1 | 5 | 3 | 9 | 7 | 2 | 6 | 8 | 4 |
| 2 | 7 | 8 | 6 | 4 | 1 | 5 | 3 | 9 |

## બીલીમોરામાં ગાંધીજીની જન્મજયંતીની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા. ૦૪ :** સમગ્ર દેશ સાથે બીલીમોરા નગરમાં પણ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મજયંતીની ઉત્સાહભેર અને ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે બીલીમોરા હરિજનવાસ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો તેમજ શ્રી ગંગા માતા મંદિર પરિસરમાં આવેલી પૂજ્ય બાપુની પ્રતિમાને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાસુમન વહેવડાવવામાં આવ્યા હતાં.

કાર્યક્રમ દરમિયાન પાલિકા પ્રમુખ મનીષ પટેલ, ચીફ ઓફિસર સંદીપ પટેલ તથા ભાજપ શહેર પ્રમુખ નીરવ ટેલર, અરવિંદ પટેલ, મનીષ દેસાઈ સહિતના અગ્રણીઓએ બાપુના સત્ય, અહિંસા અને સાદગીના મૂલ્યોને યાદ કર્યા હતા. સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત નગરમાં સફાઈ અને લોકજાગૃતિના સંકલ્પ સાથે આગેવાનોએ ગાંધીજીના વિચારોને જીવનમાં ઉતારી રાષ્ટ્રનિર્માણ અને સમાજ કલ્યાણમાં સક્રિય યોગદાન આપવા આહવાન કર્યું હતું.


**દમણગંગા ટાઇમ્સ**
**મુખ્ય કાર્યાલય**
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com


## ખારેલ ઓવરબ્રિજ નીચેથી રૂા.૩.૪૦ લાખના દારૂ સાથે ટેમ્પો ચાલક ઝડપાયો

**ગણદેવી, તા.૦૪ :** ગણદેવી પોલીસે શનિવારે ને.હા.નં.૪૮ ખારેલ ઓવરબ્રિજ નીચેથી વિદેશી દારૂ ભરેલો ટાટા એસ ટેમ્પો ઝડપી પાડી એક શખ્સની ધરપકડ કરી છે. પોલીસે દારૂ-બિયર, ટેમ્પો અને મોબાઈલ ફોન સહિત કુલ રૂા.૫,૯૫,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી દારૂનો જથ્થો મંગાવનાર તથા પહોંચાડનાર અન્ય શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે.

ગણદેવી પોલીસેનબાતમીના આધારે પોલીસે ખારેલ ઓવરબ્રિજ નીચે વોચ ગોઠવી શંકાસ્પદ ટાટા એસ ટેમ્પો નં. GJ-15-AV-3410ને અટકાવ્યો હતો. ટેમ્પોની તલાશી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બિયરના કુલ ૧,૧૫૨ નંગ ટીન-બોટલ મળી આવી હતી, જેની કુલ કિંમત રૂા.૩,૪૦,૮૦૦ હોવાનું પોલીસે જણાવ્યું છે.પોલીસે આ ઉપરાંત રૂા.૨.૫૦ લાખની કિંમતનો ટેમ્પો અને રૂા. ૫,૦૦૦નો મોબાઈલ ફોન મળી કુલ રૂા.૫,૯૫,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કાર્યવાહીમાં પોલીસે ટેમ્પો ચાલક નરેન્દ્રસીંગ લાલજીસિંહ પરસ્તે (ઉં.વ.૨૭, રહે. ઉમરગામ, મૂળ મધ્યપ્રદેશ)ની ધરપકડ કરી છે. પ્રાથમિક પૂછપરછ દરમિયાન દારૂનો જથ્થો ભરાવી આપનાર તથા મંગાવનાર તરીકે વડોદરા ખાતે રહેતા સોનુસિંગ અને કાકાને વોન્ટેડ જાહેર કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ગણદેવી પીઆઈ એનઆઈ રાઠોડ એ વધુ તપાસ હાથ ધરી છે.


**દમણગંગા ટાઈમ્સ**
દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

સ્થાનિક સમાચાર
● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# વાપી મનપા દ્વારા રવિવારે વિશેષ સ્વચ્છતા અભિયાન યોજાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૪ :** વાપી મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા દર મહિનાના પ્રથમ રવિવારે યોજાતા સ્વચ્છતા અભિયાન અંતર્ગત આજે શહેરના વિવિધ વિસ્તારોમાં વ્યાપક શ્રમદાન કરવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી (IAS)ના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ અભિયાનમાં મેયર દક્ષાબેન પટેલ સહિત ચૂંટાયેલા પ્રતિનિધિઓ, અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા. અભિયાન અંતર્ગત વડોલી, છરવાડા, રણછોડનગર, જ્યોતિધામ સ્કૂલ રોડ, ગુંજન, મુક્તાનંદ માર્ગ, કચીગામ, એમ.જી. રોડ, વાપી રેલવે સ્ટેશન રોડ, ખડકલા રોડ, જ્ઞાનસાગર સ્કૂલ વિસ્તાર, ભડકમોરા, ચણોદ ગેટ અને હરિયા પાર્ક સહિતના વિવિધ વિસ્તારોમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ પ્રસંગે ડેપ્યુટી મેયર મીતેશભાઈ દેસાઈ, સ્થાયી સમિતિના અધ્યક્ષ સતીશભાઈ પટેલ, આરોગ્ય સમિતિના ચેરમેન સંદીપભાઈ પટેલ, વિવિધ સમિતિના ચેરમેન, કાઉન્સિલરો, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર વિશાલ પટેલ તથા કિરણસિંહ રાણા સહિતના અધિકારીઓ-કર્મચારીઓએ શ્રમદાન કર્યું હતું.

મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરીએ સ્વચ્છતા અભિયાનને માત્ર એક દિવસ પૂરતું સીમિત ન રાખી તેને નાગરિકોના દૈનિક જીવનનો હિસ્સો બનાવવા અપીલ કરી હતી. સાથે જ ડોર-ટુ-ડોર કચરા સંગ્રહ કરતાબી કર્મચારીઓને સહકાર આપી ઘરનો કચરો તેમને જ આપવા તેમજ જાહેર સ્થળોએ કચરો ન ફેંકવા અનુરોધ કર્યો હતો.

# વલસાડ જિલ્લામાં માર્ગોની સ્વચ્છતા સાથે ભંગારના વાહનોના દબાણો દુર કરાયા




(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૦૪ :** સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લાને સ્વચ્છ અને સુંદર બનાવવા કલેકટર નીતિન સાંગવાનના વડપણ હેઠળ વિશેષ સન્ડે સ્વચ્છતા ડ્રાઈવ કરવામાં આવી રહી છે. દર માસના પ્રથમ રવિવારે અધિકારીઓ/કર્મચારીઓ સ્વચ્છતા અભિયાનમાં જોડાતા હોય છે. આજે તા.૦૪/૧૦/૨૦૨૬ ના રવિવારે જિલ્લાની ૧૯૦ થી વધુ કચેરીઓના તમામ અધિકારીઓ/ કર્મચારીઓ જિલ્લાના વિવિધ સ્થળોએ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા. સવારે ૮ થી ૧૦ બે કલાક હાથ ધરાયેલા સ્વચ્છતા અભિયાનમાં રોડ પર ઘણા વખતથી પડી રહેલો સામાન તેમજ જૂના પુરાણા વાહનોનો પણ નિકાલ કરી રસ્તાને ચોખ્ખા ચણાક બનાવવામાં આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ અને સુંદર ભારતના સ્વપ્નાને સાકાર કરવા માટે સમગ્ર ગુજરાતમાં રાજ્ય વ્યાપી સફાઈ અભિયાન હાથ ધરાઈ રહ્યું છે ત્યારે વલસાડ જિલ્લા કલેકટર નીતિન સાંગવાનના નેતૃત્વ હેઠળ સરકારના વિવિધ વિભાગોના અધિકારી અને કર્મચારીઓની ટીમોને સફાઈ અભિયાન માટે અલગ અલગ લોકેશન આપવામાં આવ્યા હતા. જે મુજબ વિવિધ ખાતા દ્વારા રવિવારે રજાના દિવસે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

કલેકટર નીતિન સાંગવાન અને તેમની ટીમે લીલાપોર થી છીપવાડ રોડ, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત અને તેમની ટીમે લીલાપોર સર્કલ થી ઔરંગા નદી પુલ સુધી અને જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા અને તેમની ટીમે બસ સ્ટેશન થી આરપીએફ ગ્રાઉન્ડ સુધી સફાઈ કરી આ રસ્તાને કલીન કર્યા હતા. આ દરમિયાન જાહેર માર્ગો ઉપર જ્યાં પણ વાહનોનું દબાણ કે જૂના સામાનનું દબાણ હોય તો તેને પણ દૂર કરાયુ હતું. આ સિવાય પાનના ગલ્લા ઉપર માવો - ગુટખા ખાતા લોકોને પણ કચરો કચરાપેટીમાં જ નાંખવા માટે કડક વૉર્નિંગ આપી હતી. નહિતર કડક દંડ ભરવો પડશે તેવી ચીમકી આપી હતી.

આ સફાઈ અભિયાનમાં ગંદકી ધરાવતા સ્થળો, શહેરના ગાર્બેજ વનરેબલ પોઈન્ટ, મુખ્ય માર્ગો, જાહેર સ્થળો, બજાર વિસ્તાર, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન સહિતના વિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા. વલસાડ શહેરની સાથે ઉમરગામ, પારડી, ધરમપુર નગરપાલિકા વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ સ્વચ્છતા અભિયાન હાથ ધરાયુ હતું. વિવિધ ખાતાની ટીમો આ સફાઈ અભિયાનમાં જોડાઈ હતી.

# ચણોદના સેવાસેતુમાં કુલ ૧૩૦૫ લોકોએ વિવિધ સેવાઓનો લાભ લીધો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૪ :** વાપી મહાનગરપાલિકા દ્વારા નગરજનોની વિવિધ સરકારી તથા મહાનગરપાલિકાની સેવાઓનો લાભ એક જ સ્થળેથી મળી રહે તે હેતુથી તા. ૩ ઓક્ટોબરના રોજ ચણોદ પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમનું ઉદ્ઘાટન મેયર દક્ષાબેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. પ્રસંગે નવસારી વિભાગના માજી ધારાસભ્ય પીયુષભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન મેયર દક્ષાબેન પટેલ તથા પીયુષભાઈ દેસાઈએ વિવિધ વિભાગોના સ્ટોલની મુલાકાત લઈ નગરજનોને આપવામાં આવતી સેવાઓનું નિરીક્ષણ કર્યું હતું. અધિકારીઓ અને કર્મચારીઓને નાગરિકોની રજૂઆતો તથા અરજીઓનો ઝડપી અને સરળતાથી નિકાલ કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ચણોદ પ્રાથમિક શાળા ખાતે મેયર દક્ષાબેન પટેલ અને પીયુષભાઈ દેસાઈના હસ્તે વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો.

સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત ઙ્ગઆંગણવાડી મિલન સેવાઙ્ગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મેયર તથા પીયુષભાઈ દેસાઈએ આંગણવાડીની મુલાકાત લઈ કાર્યકરોનું સન્માન કર્યું હતું તેમજ બાળકોને પૌષ્ટિક આહારનું વિતરણ કર્યું હતું. વાપી મહાનગરપાલિકા દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ સરકારી યોજનાઓ અને મહાનગરપાલિકાની સેવાઓનો લાભ લેવા માટે કુલ ૧,૩૦૫ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા, જેથી કાર્યક્રમને સારો પ્રતિસાદ મળ્યો હતો.

# વાપી સિંધી એસો. દ્વારા રકતદાન શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૪ :** વાપી સિંધી એસોસિએશન દ્વારા રાતા સ્થિત સિંધુ ભવન ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં યોજાયેલી શિબિરમાં સમાજના આગેવાનો, યુવાનો અને મહિલાઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું એસોસિએશનના પ્રમુખ રાની લછવાનીએ જણાવ્યું કે, રક્તદાન મહાદાન છે અને જરૂરિયાતમંદ દર્દીઓનો જીવ બચાવવા માટે આ શિબિર યોજાઈ છે.

વાઈસ પ્રેસિડેન્ટ કિરણ ચાંદવાનીએ જણાવ્યું કે, કેમ્પમાં ૮૦થી ૧૦૦ બ્લડ યુનિટ એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો.ટ્રસ્ટી રમેશ કુંદનાનીએ જણાવ્યું કે, બ્લડ બેંકોમાં રક્તની અછતને ધ્યાનમાં રાખીને સામાજિક જવાબદારીના ભાગરૂપે આ સેવાયજ્ઞ હાથ ધરાયો છે. રક્તદાતાઓને સંસ્થા દ્વારા સન્માનપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



# સરીગામમાં દીપ કલમથી બજાર સુધી સફાઈ કરાઇ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૪ :** સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આજે રવિવારે સરીગામ ખાતે ધારાસભ્ય રમણભાઈ પાટકરની અધ્યક્ષતામાં સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. દીપ-કમલથી બજાર વિસ્તાર સુધી સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ ડૉ. નિરવ શાહ, સરપંચ સહદેવભાઈ વઘાત, તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ વળવી, પ્રદેશ આદિજાતિ મોરચાના મંત્રી વિલાસભાઈ ઠાકરીયા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ નરેશભાઈ વળવી તથા મયુરીબેન બારીયા, જિલ્લા બક્ષીપંચ મોરચા પ્રમુખ નિલેશભાઈ ભંડારી, તાલુકા બાંધકામ સમિતિ અધ્યક્ષ મનીષભાઈ પટેલ, તાલુકા ભાજપ મહામંત્રી સતિષ કારભારી, જિલ્લા પંચાયત સભ્ય રામદાસભાઈ વરઠા, ભરતભાઈ જાદવ, પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય દીપકભાઈ મિસ્ત્રી, મોદી વિચાર મંચ જિલ્લા પ્રમુખ મનમોહનભાઈ શાહ, APMC ઉપપ્રમુખ વિજયભાઈ પાટકર, ડૉ. સુરેન્દ્રભાઈ પરમાર, ડૉ. ગીતેશભાઈ નાયક સહિત ડૉક્ટરો, સંગઠનના હોદ્દેદારો, તાલુકા પંચાયત-ગ્રામ પંચાયતના સભ્યો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. સ્વચ્છ અને સ્વસ્થ સરીગામના સંકલ્પ સાથે યોજાયેલા અભિયાનમાં જાહેર સ્થળોની સફાઈ કરી લોકોને સ્વચ્છતા જાળવવા માટેનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# વાપી જૈન સંઘ દ્વારા પૈંસઠિયા છંદ આધારનાની પૂર્ણાહૂતિ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૪ :** વાપીના શ્રી સ્થાનકવાસી જૈન સંઘ ખાતે મહાસતી શ્રી વિશ્વવંદનાજી મ.સા. તથા ડો. પરમેષ્ઠી વંદનાજી મ.સા.ના પાવન સાનિધ્યમાં ૬૫ દિવસથી ચાલી રહેલી પેંસઠિયા છંદ આરાધનાની ગુરુવાર, તા. ૧ ઓક્ટોબરના રોજ શ્રદ્ધા અને ભક્તિમય વાતાવરણમાં પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ૬૫ દિવસીય આરાધનામાં સહભાગી રહેલા શ્રાવક-શ્રાવિકાઓ તથા તપસ્વીઓની શ્રીસંઘ દ્વારા અનુમોદના કરવામાં આવી હતી. ભીલવાડા, ઘાટકોપર, કાંકરોલી, સુરત, લાંઘચ સહિતના વિવિધ સ્થળોથી શ્રાવક-શ્રાવિકાઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પૂર્ણાહુતિ પ્રસંગે બહારથી આવેલા મહાનુભાવોએ મહાસતીજીના ચરણોમાં ભાવ વ્યક્ત કર્યા હતા. જાપ દરમિયાન લાભાર્થી પરિવાર દ્વારા આરાધકોને પ્રભાવના આપવામાં આવી હતી. ગુરુભક્ત પરિવાર દ્વારા લકી ડ્રોનું આયોજન કરાયું હતું, જેમાં શ્રદ્ધાળુઓને ચાંદીના સિક્કા આપવામાં આવ્યા હતા.

સમાપન પ્રસંગે લાભાર્થી પરિવાર દ્વારા શ્રીસંઘનું સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. શ્રીસંઘના પ્રમુખ અરુણ સિરોયાએ જણાવ્યું હતું કે, ૬૫ દિવસની આ આરાધનાથી સમગ્ર શ્રીસંઘમાં ધર્મ, ભક્તિ અને સાધનાનું વાતાવરણ સર્જાયું હતું.

# મગોદની જય અંબે સ્કુલમાં ગાંધી જયંતિ ઉજવાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૪ :** વલસાડ તાલુકા ના મગોદ ગામે આવેલી જય અંબે ઈન્ટરનેશનલ સ્કૂલના બાળકો દ્વારા,આજરોજ ગાંધી જયંતિ નિમિત્તે, ગાંધીજીની પ્રતિમાને ફૂલોનો હાર તથા વલસાડ નગર પાલિકા ના સફાઈ કર્મીઓ ને પુષ્પ આપી સન્માનિત કરવામાં આવ્યાં, બાળકોએ અમારા શહેરને સતત સ્વચ્છ રાખી,નાગરિકો ને શુધ્ધ હવા અને પર્યાવરણ પૂરું પાડવા બદલ દરેક નેથેંક્યું પણ કહેવામાં આવ્યું હતું.

# ઉમરગામમાં ભાડા વિધેયકનો વકીલોએ વિરોધ કર્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૪ :** ઉમરગામ બાર એસોસિએશનના વકીલોએ ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ અને તેના પરિપત્રનો વિરોધ કર્યો. તેમણે વિધેયકની હોળી કરીને સરકાર સામે નારજગી વ્યક્ત કરી. વકીલોએ સરકારને આ વિધેયક વહેલી તકે પરત ખેંચવા અથવા રદ કરવાની માંગ કરી.વકીલોનો મુખ્ય વાંધો ભાડા અદાલતની કામગીરી અને સત્તાઓ અંગેની જોગવાઈ પર છે. સિવિલ કોર્ટની કલમ ૩૩ હેઠળની સત્તાઓ કલેક્ટરને ભાડા અદાલત તરીકે આપવાની જોગવાઈ સામે ચિંતા વ્યક્ત કરાઈ. ઉમરગામ બાર એસોસિએશને વલસાડ જિલ્લાના અન્ય બાર એસોસિએશનોને ટેકો આપવાનો નિર્ણય કર્યો છે. હડતાળ દરમિયાન કોઈ કેસને નુકસાન ન થાય તે માટે કોર્ટ સમક્ષ રજૂઆત પણ કરાઈ. પ્રમુખ ચિન્ટુ ભાઈ દુબળા, ઉપપ્રમુખ શૈલેષ ભાઈ દુબળા, મંત્રી કે.ડી. દુબળા અને ખજાનચી બી.એમ. ભંડારી સહિતના હોદ્દેદારોએ ઠરાવને સંમતિ આપી. પ્રદર્શનમાં મૈત્રાણી કોળી, હેતલ નાયક, શિખા ઉપાધ્યાય સહિત અનેક સિનિયર અને જુનિયર વકીલો હાજર રહ્યા હતા.

# વાપીમાં ૪૧૦ બાળકોને નિ:શુલ્ક ચપ્પલ વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૪ :** વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને સમાજસેવક કિરણ રાવલ દ્વારા વાપી તથા ગુંજન વિસ્તારમાં ચપ્પલ વગર ફરતા આશરે ૪૧૦ નાના બાળકોને નિ:શુલ્ક ચપ્પલનું વિતરણ કરવામાં આવ્યું



હતું. છેલ્લા ચાર દિવસ દરમિયાન ટ્રસ્ટના સભ્યો સાથે વિવિધ વિસ્તારોમાં ફરી બાળકોને ચપ્પલ ઉપરાંત બિસ્કિટ અને વેફરના પેકેટનું પણ વિતરણ કરાયું હતું. કિરણ રાવલ છેલ્લા નવ વર્ષથી વલસાડ જિલ્લામાં આવતા કપરાડા ધરમપુર અને વાંસદા તાલુકાના અનેક ગામોમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે.

# દાનહમાં વાઈલ્ડલાઈફ વીકનો પ્રારંભ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૪ :** દાદરા અને નગર હવેલીમાં શુક્રવારથી રાષ્ટ્રીય વન્યજીવ સપ્તાહનો ઉત્સાહભેર પ્રારંભ થયો છે. ૨થી ૮ ઓક્ટોબર દરમિયાન યોજાનારા વાઈલ્ડલાઈફ વીકની થીમ કનેક્ટિંગ હેબિટેટ્સ, થ્રાઈવિંગ વાઈલ્ડલાઈફ રાખવામાં આવી છે. કુદરતી રહેઠાણોના સંરક્ષણ અને વન્યજીવોની સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

વન્યજીવ સપ્તાહના પ્રારંભે સૌથી મોટું આકર્ષણ સાતમાલિયા વાઈલ્ડલાઈફ સૅન્ક્ચુરીનું પુનઃઉદ્ઘાટન રહ્યું હતું. જાળવણી અને સુરક્ષાના કારણોસર છેલ્લા ત્રણ મહિનાથી બંધ રહેલા અભયારણ્યને ૨ ઓક્ટોબરથી સામાન્ય પ્રવાસીઓ માટે ફરી ખુલ્લું મુકવામાં આવ્યું છે. આશરે ૪૧૦ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલા આ અભયારણ્યમાં ૫૦૦થી વધુ વિવિધ પ્રકારના વન્યજીવો હોવાની માહિતી છે. વાઈલ્ડલાઈફ વીકના પ્રથમ દિવસે શાળાના બાળકો માટે ખાસ ટ્રેકિંગ કેમ્પ યોજાયો હતો. બાળકોએ કુદરતી વાતાવરણ વચ્ચે ટ્રેકિંગમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વન્યજીવ સપ્તાહ દરમિયાન રવિવાર, ૪ ઓક્ટોબરે ૫ કિમી મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્ય અને ફિટનેસ સાથે વન્યજીવ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી યોજાનારી મેરેથોનમાં નાગરિકોને મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરવામાં આવી છે. ૨થી ૮ ઓક્ટોબર દરમિયાન બાળકો અને યુવાનોને પ્રકૃતિ તથા વન્યજીવ સંરક્ષણ સાથે જોડવા વિવિધ સ્પર્ધાઓ અને પ્રવૃત્તિઓ યોજાશે. સપ્તાહભરના કાર્યક્રમોનો ૮ ઓક્ટોબરે ભવ્ય સમાપન સમારોહ યોજાશે. આ પ્રસંગે વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને સન્માનિત કરવામાં આવશે.

# સેલવાસમાં જિલ્લા કક્ષાની પ્રશ્નમંચ સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૪ :** સમગ્ર શિક્ષા અંતર્ગત દાદરા અને નગર હવેલીના ઉચ્ચ પ્રાથમિક તથા માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ માટે બે દિવસીય જિલ્લા કક્ષાની પ્રશ્નમંચ સ્પર્ધાનું આયોજન ૨૯ અને ૩૦ સપ્ટેમ્બરના રોજ સિલવાસા સ્થિત ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ કોલેજના કાર્યક્રમ હોલમાં કરવામાં આવ્યું હતું.

શિક્ષણ નિયામક, સહાયક રાજ્ય પ્રોજેક્ટ નિયામક, જિલ્લા પ્રોજેક્ટ અધિકારી તથા બીઆરસી સંયોજકોના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ સ્પર્ધાના ઉદ્ઘાટન સમારોહમાં સહાયક રાજ્ય પ્રોજેક્ટ નિયામક ડૉ. સતીશ પટેલ, શિક્ષણ અધિકારી રાજેન્દ્ર મોહિલે, પ્રાથમિક શિક્ષણ અધિકારી દૌલતસિંહ સોલંકી અને સહાયક શિક્ષણ અધિકારી ચેતનસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓએ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સ્પર્ધામાં દાદરા અને નગર હવેલીની ૧૨ પ્રાથમિક અને ૮ માધ્યમિક શાળાની ટીમોએ ભાગ લીધો હતો. ગણિત, વિજ્ઞાન અને સામાન્ય જ્ઞાન આધારિત પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થીઓની જ્ઞાન અને ક્ષમતાની કસોટી કરવામાં આવી હતી. સ્પર્ધામાં વૈકલ્પિક પ્રશ્નો, પાસ ઓન, ચિત્ર ઓળખ, બઝર અને રેપિડ રાઉન્ડ સહિત વિવિધ રાઉન્ડ યોજાયા હતા. સમાપન સમારોહમાં સહાયક રાજ્ય પ્રોજેક્ટ નિયામક ડૉ. સતીશ પટેલ અને શિક્ષણ અધિકારી રાજેન્દ્ર મોહિલેએ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા બીઆરસી સંયોજક અલારખા વોહરાના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવી હતી. સિલવાસા અને ખાનવેલ બ્લોકના ખંડ સંસાધન સંયોજકો, સીઆરસી સંયોજકો તથા બીઆરપીના સહયોગથી સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

# દાનહના તમામ ગામોની વિશેષ ગ્રામસભા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૪ :** દાદરા અને નગર હવેલીની તમામ ગ્રામ પંચાયતોમાં શુક્રવારે વિશેષ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામસભામાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, અધિકારીઓ ઉપરાંત મોટી સંખ્યામાં ગ્રામજનોએ હાજરી આપી હતી. આ દરમિયાન ગામની સ્થાનિક જરૂરિયાતો અને વિકાસની પ્રાથમિકતાઓ નક્કી કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

પીપલ્સ પ્લાન કેમ્પેઈન અંતર્ગત યોજાયેલી આ વિશેષ ગ્રામસભાનો મુખ્ય હેતુ સહભાગી અને સર્વસમાવેશક ગ્રામ વિકાસ યોજના તૈયાર કરવાનો હતો.

ગ્રામ પંચાયત વિકાસ યોજના (GPDP) તૈયાર કરવા માટે ગ્રામજનોની જરૂરિયાતો, સૂચનો અને પ્રાથમિકતાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સ્થાનિક સ્તરે કયા વિકાસકાર્યોને પ્રથમ પ્રાથમિકતા આપવી તે અંગે પણ મંતવ્યો લેવામાં આવ્યા હતા.

ગ્રામસભામાં Viksit Bharat–Gram Governance (VB-GRAMG), Viksit Gram Panchayat Plan (VGPP) તથા Village Poverty Reduction Plan (VPRP) અંગે પણ ચર્ચા થઈ હતી. ગ્રામ્ય પરિવારોની જરૂરિયાતો, રોજગાર અને આજીવિકાની તકો, સામાજિક-આર્થિક વિકાસ તેમજ પાત્ર પરિવારોને વિવિધ સરકારી યોજનાઓ સાથે જોડવા અંગે સૂચનો અને પ્રસ્તાવો મેળવવામાં આવ્યા હતા.

ગ્રામજનોને પીપલ્સ પ્લાન કેમ્પેઈન અંતર્ગત ગ્રામ વિકાસની યોજના બનાવવામાં સક્રિય ભાગીદારી નોંધાવવા, પોતાની જરૂરિયાતો અને સૂચનો ગ્રામસભા સમક્ષ રજૂ કરવા તેમજ ગ્રામ પંચાયતના વિકાસમાં સહયોગ આપવા અપીલ કરવામાં આવી હતી.

# સેલવાસમાં કોંગ્રેસની બાઈક રેલી યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૪ :** ગાંધી જયંતિ તેમજ પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતિ નિમિત્તે દાદરા અને નગર હવેલી કોંગ્રેસ સમિતિ દ્વારા ઉમરકુઈ પંચાયત વિસ્તારમાં જનજાગૃતિ અને વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના જણાવ્યા મુજબ આ કાર્યક્રમ અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના નિર્દેશ હેઠળ ચાલી રહેલા 'લોકતંત્ર બચાવો સપ્તાહ' અને 'વોટ બચાવો પ્રદેશ બચાવો' અભિયાન અંતર્ગત યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆત ઉમરકુઈ ત્રણ રસ્તા ખાતે મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રીના ચિત્ર પર પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ પ્રભુ ટોકિયા સહિત PCC, DCC, બ્લોક અને મંડળના હોદ્દેદારો, વિવિધ સેલના પ્રમુખો, સરપંચો અને કાર્યકરોએ મહાનુભાવોને શ્રદ્ધાંજલિ આપી હતી.

રેલીમાં સ્થાનિક યુવાનોને રોજગારમાં પ્રાથમિકતા આપવાનો મુદ્દો મુખ્ય રહ્યો હતો. ઔદ્યોગિક એકમોમાં ૮૦ ટકા સ્થાનિક યુવાનોની ભરતી સુનિશ્ચિત કરવાની માંગ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી હતી. રેલી દરમિયાન '૮૦ ટકા સ્થાનિક ભરતી સુનિશ્ચિત કરો' અને 'સ્થાનિક યુવાનોને રોજગાર આપો'

જેવા સંદેશાવાળા પોસ્ટરો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. પ્રભુ ટોકિયાએ જણાવ્યું હતું કે, સ્થાનિક યુવાનોના રોજગાર, આદિવાસી અધિકારો, જળ-જંગલ-જમીન તેમજ વિસ્તારની મૂળભૂત સમસ્યાઓને લઈને કોંગ્રેસ વહીવટીતંત્ર પાસેથી જવાબ માંગતી રહેશે. તેમણે બ્લોક, મંડળ અને પંચાયત સ્તરના હોદ્દેદારોને સ્થાનિક પ્રશ્નોને પ્રાથમિકતા સાથે ઉઠાવવા અપીલ કરી હતી.

# વલસાડનો ૨૧ વર્ષથી ફરાર ચોરીનો આરોપી મહારાષ્ટ્રથી ઝડપાયો

**વલસાડ, તા. ૦૪ :** વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે વર્ષ ૨૦૦૫થી ૭૫ લાખની માતબર રકમની નોકર ચોરીના ગુનામાં ફરાર વોન્ટેડ આરોપીને મહારાષ્ટ્રના નાસિક થી ઝડપી પાડી જેલમાં ધકેલી દીધો છે. વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના અને LCB પી. આઈ. એ. યુ. રોઝના માર્ગદર્શન હેઠળ નાસતા-ફરતા વોન્ટેડ આરોપીઓને પકડવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરાઈ હતી. આ કામગીરી દરમિયાન PSI જે. બી. ધનેશા તથા સ્ટાફ તપાસમાં હતો. તે દરમિયાન વલસાડ LCB ટીમ ને મળેલી બાતમીના આધારે વલસાડ સિટી પોલીસ સ્ટેશન માં નોકર ચોરીના ગંભીર ગુનામાં છેલ્લા ૨૧ વર્ષથી નાસતા ફરતા આરોપી છગનભાઈ ઉર્ફે છગનરામ હાજારામભાઈ પટેલ ઉ.વ. ૪૧ હાલ રહે. ચંદ્ર-ભા સોસાયટી, ફ્લેટ નં-૦૧, જેલ રોડ, નાસિક, મહારાષ્ટ્ર; મૂળ રહે. ગામ-હાડેચા, તા. ચીતલવાના, જિ. સાંચોર (રાજસ્થાન) ને મહારાષ્ટ્રના નાસિક શહેર ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને વધુ તપાસ અર્થે વલસાડ સિટી પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.

# મોદી સરકાર સામે સૌથી ગંભીર પડકાર : રાહુલની પણ કસોટી છે




## વિશ્લેષણ
કુન્દન વ્યાસ

ચૂંટણીપંચ અને મુખ્ય કમિશનર જ્ઞાનેશકુમારે ગંભીર આક્ષેપોનો ખુલાસો કર્યા પછી હવે પંચની કાર્યવાહી સામે વિરોધ પક્ષોની લડાઈ નિર્ણાયક તબક્કામાં પ્રવેશી છે. જ્ઞાનેશકુમારે અન્ય બંને સાથી કમિશનરને સાથે બેસાડીને - પત્રકાર પરિષદમાં સ્પષ્ટતા કરી છે કે ચર્ચા - વિચારણામાં મતભેદ વ્યક્ત થયા હોવા છતાં મતદારયાદીની ફેરતપાસના નિર્ણય સર્વસંમતિથી લેવાયા છે. આ ખુલાસો એમની કામગીરી બાબત છે, જ્યારે વિરોધ પક્ષોને પંચની કાર્યવાહી (મતદારયાદીની ફેરતપાસ) સામે જ વાંધો છે તેથી હવે જઈઇ (તપાસણી) રદ કરવાની માગણી છે. અત્યાર સુધી ૧૩ કરોડ જેટલા મતદારોનાં નામ કપાયાં છે તેની પાછળ વડાપ્રધાન મોદી અને ગૃહપ્રધાન અમિત શાહનો હાથ છે એમ જણાવીને એમનાં રાજીનામાંની માગણી થઈ છે. કોંગ્રેસ કારોબારીની બેઠક પછી ઈન્ડિ - મોરચાની બેઠક મળી તેમાં પણ વિરોધ આંદોલન શરૂ કરવાનો નિર્ણય લેવાયો. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને યાદ કરીને ભારતભરમાં આંદોલન શરૂ થયું છે, પંચની કાર્યવાહી સામે કાનૂની અને મોદી સરકાર સામે રાજકીય જંગ - લડત શરૂ થઈ છે. વર્ષ ૨૦૧૪માં મોદીને દેશભરમાં અભૂતપૂર્વ સમર્થન મળ્યું તે પછી રાહુલ ગાંધીની આગેવાની હેઠળ મોદી સરકાર સામે સતત આક્ષેપો અને એમને હટાવવાના પ્રયાસ - કાવતરાં સ્વદેશી અને વિદેશી થયાં છે અને નિષ્ફળ ગયાં છે, પણ હવે સૌથી વધુ ગંભીર પડકાર છે. ચૂંટણીપંચની નિષ્પક્ષતા ઉપર શંકા ઉઠાવાઈ અને દેશવ્યાપી વાયરલ થઈ છે. ૧૯૭૫ની ઈમર્જન્સીમાં તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ ભારતીય નાગરિકોના મૂળભૂત અધિકાર છીનવી લીધા હતા. સમગ્ર દેશ ગુલામ બની ગયો હતો. અખબારી સ્વાતંત્ર્યનાં ગળે ટૂંપો હતો. વિરોધ પક્ષોના નેતાઓ જેલમાં હતા. ૧૯ મહિના સુધી જેલવાસ ભોગવ્યા પછી જનતાએ ઈન્દિરા ગાંધીને પદભ્રષ્ટ કર્યાં. લોકસભાની ચૂંટણીમાં સજ્જડ પરાભવ થયો. ભારતની ગરીબ અને અભણ - નિરક્ષર ગણાતી જનતાની કોઠાસૂઝ હતી. મતાધિકાર પાછો મળતા લોકો - ભલે એક દિન કા સુલતાન હોય - આંગળીનાં ટેરવાંની શક્તિ બતાવી દીધી. આજે ભૂતકાળનો શાસક પક્ષ કોંગ્રેસ વિપક્ષ - વિરોધ પક્ષ છે અને તેની ફરિયાદ આક્ષેપ વોટ ચોરીનો છે ! ૧૪૦ કરોડ લોકોની વસતિમાંથી ઘણાં - ૧૩ કરોડ લોકોનો મતાધિકાર છીનવાઈ ગયાનો આરોપ છે અને યુવાવર્ગને લોકતંત્રમાં મતાધિકારથી વંચિત રાખવાનો આક્ષેપ - પ્રચાર જેન - ઝીને ભડકાવીને સમર્થન મેળવવા માટે છે. મોદી સરકાર સામે અત્યાર સુધીનો આ સૌથી ગંભીર પડકાર છે. કોંગ્રેસી મોરચાની બેઠકમાં આંદોલન વિશે ચર્ચા - વિચારણા થઈ અને મુખ્ય કમિશનરને પદભ્રષ્ટ કરવા ઉપરાંત વોટિંગ મશીનો ભંગારમાં કાઢીને ફરીથી જૂનાં મતપત્રક - બેલેટ પેપર દાખલ કરવાની માગણી થઈ છે. સર - મતદારયાદીની ફેરતપાસ રદ કરવાની, હવે પછી બંધ કરવાની માગણી પણ થઈ છે. જો કે શરૂઆતમાં મમતા બેનરજી અને તેજસ્વી યાદવે બિહાર - બંગાળની છેલ્લી ચૂંટણી રદ કરવાની, નવેસરથી ચૂંટણી કરવાની માગણી કરી હતી, તે વિષયે ફરીથી ચર્ચા થઈ નથી. ચૂંટણી કમિશનર સામે ઈમ્પિચમેન્ટ - મહાભિયોગ લાવવાની ચર્ચા તથા નિર્ણય લેવાયો નથી. વિરોધ પક્ષોની ગણતરી એવી હોઈ શકે કે સંસદમાં સરકારની બહુમતી હોવાથી પ્રસ્તાવ નામંજૂર થાય તે પહેલાં જનતાની અદાલતમાં સરકાર અને પંચ વિરોધી પ્રચાર કરી શકાય તેનો ફાયદો ચૂંટણીમાં મળી શકે. આ વ્યૂહ મુજબ દેશભરમાં વિરોધ આંદોલનનો જુસ્સો - ટેમ્પો જાળવી રાખવો જરૂરી છે. હવે આંદોલન શાંતિમય રહે છે કે પછી હિંસક બને છે, બનાવાય છે તે જોવાનું છે. અશાંતિ અને અનિશ્ચિતતાથી અરાજકતા શરૂ થાય છે. ઈન્દિરા ગાંધીએ સખત હાથે ઈમર્જન્સી લાદીને વિરોધીઓને દબાવી દીધા હતા, પણ તે પછી મોકો મળતાં લોકશક્તિ જાગી હતી. અત્યારે વિરોધ પક્ષો કાનૂની મોરચો ખોલીને ગરમી ચાલુ રાખશે. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી અને દલીલબાજીમાં આક્ષેપબાજી પણ ચાલુ હોય તેનો પ્રચાર થઈ શકે. ચૂંટણીપંચને લોકોનો મતાધિકાર છીનવી લેવાની સત્તા નથી, તો કોણે આપી ? એ વિવાદ છે. સામાન્ય રીતે અત્યાર સુધી ચૂંટણીપંચ દ્વારા પ્રયાસ થયા છે - લોકોને મતાધિકારનું મહત્ત્વ સમજાવવા માટે વિજ્ઞાપનો અપાયાં છે અને મતદાન થયા પછી તેની ટકાવારીનું ગૌરવ લેવાયું છે. ભૂતકાળમાં મતદારયાદીઓની ફેરતપાસ થઈ છે, પણ આ વખતે બાંગલાદેશી - વિદેશીઓની ઘૂસણખોરી અને મતાધિકાર વેચાયા, વહેંચાયા હોવાની ફરિયાદ હતી. ઘણા પકડાયા પણ ખરા - વોટ બેન્કની શરૂઆત થઈ તેથી ફેરતપાસ જરૂરી હતી. અયોગ્ય - અપાત્રને મતાધિકારનાં નામે લોકતંત્રનું અપહરણ થાય, તે કેવી રીતે ચલાવી શકાય ? આ દરમિયાન, એક સમાન નાગરિક સંહિતા અને એક રાષ્ટ્ર એક ચૂંટણીની ચર્ચા શરૂ થઈ. વડાપ્રધાન મોદીએ મહિલાઓ તથા જેન - ઝીને જીતી લેવાના પ્રયાસ શરૂ કર્યા એટલે વિરોધ પક્ષો - ચોંકી ઊઠયા. રાહુલ ગાંધીને પણ રાજકીય ભવિષ્યની ચિંતા થાય તે સ્વાભાવિક છે. આ દરમિયાન યુપીઆઈનાં કારણે વ્યાપારીવર્ગ - ભાજપનું પીઠબળ ગણાય છે તેનો પણ વિરોધ શરૂ થયો. ૩૭૦મી કલમ, નોટબંધી, આતંકવાદનો ખાતમો - આ તમામ સિદ્ધિઓ હવે જાણે ગૌણ બની ગઈ છે ! લોકોની આઝાદી જોખમમાં હોવાનો પ્રચાર જોરદાર થાય છે. હવે સરકાર - મોદી કેવી રીતે વિશ્વાસ જીતે છે, તે જોવાનું છે. ચૂંટણી કમિશનરોને - ફરજ દરમિયાન એમની કામગીરીના સંદર્ભમાં કોઈ પ્રકારની કાનૂની કાર્યવાહીમાંથી કાયદેસર મુક્તિ મળી છે તેથી - સંસદીય મહાભિયોગ સિવાય - બીજી કોઈ કાનૂની ફરિયાદ થઈ શકે નહીં. હવે મુક્તિ રદ કરવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરવાની વિચારણા થઈ રહી છે. પંચના જે સ્ટાફ - તથા અધિકારીઓને આવું કાનૂની રક્ષાકવચ નથી, તેમની સામે કેસ દાખલ કરીને શરૂઆત થશે. બીજો મુદ્દો મતદારયાદીની ફેરતપાસ રદ કરવાનો છે. વિરોધ પક્ષો કહે છે આ કાર્યવાહી ગેરબંધારણીય છે. સુપ્રીમ કોર્ટ આ કેસ હાથ ધરે તો પણ સુનાવણીમાં અને ચુકાદો આવતાં સમય લાગશે. તે દરમિયાન સંસદનું શિયાળુ શીતકાલીન સત્ર શરૂ થશે, તેમાં ધમાલ થશે. મોદીની જેમ રાહુલ ગાંધીની પણ કસોટી છે. એમણે સ્થાન જમાવ્યું છે અને જાણે છે કે અભી નહીં, તો કભી નહીં ! કોંગ્રેસી મોરચામાં એમણે વિપક્ષી એકતા ઉપર ભાર મૂક્યો અને કહ્યું કે આપણે એકબીજાંના સંબંધ અને વિરોધાભાસની ટીકા - ટિપ્પણ નહીં કરવી જોઈએ. કેરળ, બંગાળ કે ઉત્તરપ્રદેશમાં સામ - સામા થવાને બદલે એકતા જાળવવી જોઈએ. રાહુલ ગાંધીનો ઈશારો અખિલેશ યાદવ અને ઉત્તરપ્રદેશની ચૂંટણી ઉપર છે. જાહેરમાં ખેંચતાણ કરવાને બદલે બેઠકોની સમજૂતી કરવી જોઈએ એવી સલાહ છે !આ બેઠકમાં મમતા બેનરજીએ કહ્યું કે રાહુલ ગાંધી વડાપ્રધાન બની શકે, ત્યારે રાહુલ ગાંધીએ ખુલાસો કર્યો કે સત્તા અથવા વડાપ્રધાનપદ માટે આ લડાઈ નથી, આપણે એકતાથી લોકતંત્ર અને સંવિધાન બચાવ્યું છે.

તેની નોંધ ઈતિહાસકારો લેશે. મોદી વિરોધીઓમાં વડાપ્રધાનનાં નામે ભંગાણ પડે નહીં તેની કાળજી છે. આમ છતાં, રાહુલ ગાંધી માને છે કે હવે એમનો કોઈ હરીફ નથી. એવો પ્રચાર છે કે મોદી મનોવૈજ્ઞાનિક રીતે ઢીલા પડયા છે.

આગામી - છથી આઠ મહિનામાં શું થાય છે તે જુઓ. આપણી એકતાથી એક ધક્કા ઓર દો... રાહુલ ગાંધીએ હાલમાં જ કહ્યું હતું, મને તોફાની દરિયામાં તરવાની મજા આવે છે - હવે વિપક્ષી એકતા મજબૂત કરવામાં અને રાખવામાં એમની પરીક્ષા છે. ઉત્તરપ્રદેશ અને અન્ય રાજ્યોની ચૂંટણીઓ - સમયસર થાય તો એમની એકતાની કસોટી થશે. એક વાત નિશ્ચિત છે નિર્ણાયક તબક્કો શરૂ થયો છે તે લાંબો ચાલશે અને રાહુલ ગાંધી જાણે છે અભી નહીં, તો કભી નહીં...

# જો પુરુષોને પણ પિરિયડ્સ આવતા હોત તો...?

## પૌરુષ



અંકિત દેસાઇ,
ટુકવાડા

હમણાં જાણીતી અભિનેત્રી શ્રુતિ હાસને એક પોડકાસ્ટ દરમિયાન એક ગંભીર છતાં રમુજી નિવેદન આપ્યું કે તેમણે હજારો વાર એવી પ્રાર્થના કરી છે કે પુરુષોને પણ પિરિયડ્સ આવવા જોઈએ. તેમનો તર્ક એવો હતો કે જો પુરુષોને માસિક ધર્મ આવતો હોત તો કદાચ કોર્પોરેટ જગતમાં પિરિયડ લીવ કે રજાઓ આપવાના નિયમો વધુ સહજ, સંવેદનશીલ અને ઝડપી બની ગયા હોત, કારણ કે પુરુષકેન્દ્રી સમાજમાં જે પીડા દેખાય છે તેની જ ગંભીરતાથી નોંધ લેવાય છે. આ નિવેદન સાંભળીને પ્રથમ દૃષ્ટિએ કોઈ પણ પુરુષને નારાજગી થઈ શકે અથવા તો આ વાતને માત્ર એક ભ્રમ કે કટાક્ષ ગણીને નકારી દેવાનું મન થાય. પરંતુ જ્યારે આપણે આ વિષયને આવેગ કે પક્ષપાત વગર, કેવળ તર્ક અને માનવ સહજ વાસ્તવિકતાના ચશ્માંમાંથી જોઈએ છીએ, ત્યારે આ નિવેદન પાછળ છુપાયેલી સામાજિક કડવાશ અને જૈવિક સત્ય વચ્ચેનો તફાવત સ્પષ્ટ થવા લાગે છે.

સૌ પ્રથમ તો જૈવિક અને વૈજ્ઞાનિક વાસ્તવિકતા એ છે કે પ્રકૃતિએ સ્ત્રી અને પુરુષના શારીરિક બંધારણ, હોર્મોનલ ચક્ર અને પ્રજનન ક્ષમતાની વહેંચણી ચોક્કસ હેતુથી કરી છે. પ્રકૃતિનો આ નિયમ કાલ્પનિક ઈચ્છાઓથી બદલાવાનો નથી. તેથી જો પુરુષોને પિરિયડ્સ આવે તો શું થાય એ પ્રશ્ન વૈજ્ઞાનિક રીતે અર્થહીન છે, પણ સામાજિક અને માનસિક રીતે તે અત્યંત વિચારણીય છે. પ્રશ્ન એ નથી કે પુરુષે શારીરિક રીતે એ લોહી અને અસહ્ય ખેંચાણની પીડા ભોગવવી પડે, પરંતુ પ્રશ્ન એ છે કે શું કોઈ પીડાને સમજવા માટે એ પીડામાંથી પોતે પસાર થવું ફરજિયાત છે? જો એવું જ હોય તો કેન્સરના દર્દીની સારવાર કરતો ડોક્ટર કે સરહદ પર ઘવાયેલા સૈનિકની સારવાર કરતો માનવી ક્યારેય એમની તકલીફ સમજી જ ન શકે. પુરુષત્વની ખરી કસોટી પીડા અનુભવવામાં નહીં, પરંતુ સ્વજનની પીડાને આત્મસાત કરીને તેની સપોર્ટ સિસ્ટમ બનવામાં છે.

આપણા સમાજમાં દાયકાઓથી પિરિયડ્સને એક એવો ગુપ્ત વિષય બનાવી દેવામાં આવ્યો છે જેના વિશે ઘરમાં પણ ધ્રૂજતા અવાજે કે ઈશારામાં વાત થાય છે. બાળપણથી જ છોકરાઓને બહેન કે માતાના આ દિવસોથી દૂર રાખવામાં આવે છે, પિરિયડ્સના પેડ કાળા ઝભ્ભા કે છાપામાં વીંટાળીને લાવવામાં આવે છે, અને આ પ્રક્રિયાને માત્ર સ્ત્રીઓની ખાનગી બાબત કહીને પુરુષોની સમજણનો દરવાજો જ બંધ કરી દેવાય છે. પરિણામે, મોટાભાગના પુરુષો પિરિયડ્સ પ્રત્યે કઠોર કે સંવેદનહીન નથી હોતા, પણ તેઓ કેવળ અજ્ઞાન હોય છે. તેમને એ વાતનો ખ્યાલ જ નથી હોતો કે આ માત્ર લોહી વહેવાની સામાન્ય પ્રક્રિયા નથી, પરંતુ તેની સાથે ડિપ્રેશન, હોર્મોનલ ફેરફારો, અસહ્ય કમર અને પેટનો દુખાવો, પીસીઓએસ અને મૂડ સ્વિંગ્સ જેવી જટિલ શારીરિક-માનસિક સ્થિતિઓ જોડાયેલી હોય છે. પુરુષ જ્યારે આ પ્રક્રિયાના વિજ્ઞાનથી વંચિત રહે છે, ત્યારે તે વર્કપ્લેસ પર કે ઘરમાં તેને નાટક કે મૂડ સ્વિંગ્સ ગણી લેવાની ભૂલ કરી બેસે છે. શ્રુતિ હાસનના નિવેદનમાં વર્કપ્લેસ કલ્ચરને લઈને જે આક્ષેપ છે, તેનો એક તાર્કિક પક્ષ એ પણ છે કે પુરુષસત્તાક કે કોર્પોરેટ માનસિકતામાં દેખાતી ઈજાને તરત જ સ્વીકારવામાં આવે છે, જ્યારે અદ્રશ્ય પીડાને નકારવામાં આવે છે. જો કોઈ પુરુષ કર્મચારીને અકસ્માત થાય, ફ્રેક્ચર થાય કે સર્જરી કરાવવી પડે, તો કંપનીઓ તેને મહિનાઓની મેડિકલ લીવ સહજતાથી આપે છે. પરંતુ જે પીડા શરીરમાં અંદરથી થઈ રહી છે અને જેનું કોઈ બાહ્ય પટ્ટી કે પ્લાસ્ટર દેખાતું નથી, તેને ઘણીવાર ગંભીરતાથી લેવામાં આવતી નથી. જોકે, આ માનસિકતા માત્ર સ્ત્રીઓ પૂરતી સીમિત નથી. પુરુષો પણ આ જ ટાસ્ક-ઓરિએન્ટેડ અને કઠોર વર્ક કલ્ચરના ભોગ બને છે. પુરુષો જ્યારે માનસિક તણાવ, બર્નઆઉટ કે ડીપ્રેશનમાંથી પસાર થાય છે, ત્યારે તેમને પણ પુરુષ થઈને રડે છે? કે આટલામાં થાકી ગયો? કહીને તેમની અદ્રશ્ય પીડાને નકારી દેવાય છે. એટલે કે, વર્કપ્લેસ પર અદ્રશ્ય પીડા પ્રત્યેની સંવેદનહીનતા એ માત્ર સ્ત્રી-પુરુષનો ભેદભાવ નથી, પણ સમગ્ર કોર્પોરેટ માનસિકતાની ખામી છે.

આ સ્થિતિમાં જો પુરુષ પોતાનો દૃષ્ટિકોણ સ્પષ્ટ કરે, તો તેણે એ સમજવું પડે કે સ્ત્રી જ્યારે આવી આકરી માગણીઓ કે આક્રોશ વ્યક્ત કરે છે, ત્યારે તેની પાછળ વર્ષોની અણસમજ અને તિરસ્કારનો અનુભવ હોય છે. જ્યારે કોઈ મહિલા ઓફિસમાં પીડાથી તરફડતી હોય અને તેને એમ કહેવામાં આવે કે આ તો દર મહિનાનું છે, એમાં આટલો ડ્રામા કરવાની શું જરૂર છે?, ત્યારે જ એ સ્ત્રીના મનમાં એવો વિચાર જન્મે છે કે જો આ પુરુષને પણ આ પીડા થતી હોત તો કદાચ એ આ શબ્દો ન બોલ્યો હોત. તેથી, પુરુષોએ આવી ટિપ્પણીઓથી નારાજ થવાને બદલે એ વિચારવાની જરૂર છે કે આપણે એક સમાજ તરીકે ક્યાં ઊણા ઉતર્યા છીએ.

વાસ્તવિક અને લોજિકલ ઉકેલ એ નથી કે પુરુષો પ્રકૃતિ સામે લડીને પિરિયડ્સની રાહ જુએ. સાચો ઉકેલ એ છે કે પુરુષ પોતાના પુરુષત્વને વધુ પરિપક્વ અને સંવેદનશીલ બનાવે. એક પિતા તરીકે પોતાના પુત્રને નાનપણથી જ પિરિયડ્સનું સાચું વિજ્ઞાન સમજાવવું, એક પતિ તરીકે ઘરમાં પિરિયડ્સના દિવસોમાં પત્નીને શારીરિક કામમાંથી મુક્તિ આપીને હોટ વોટર બેગ કે દવા આપવાની સહજતા કેળવવી, અને એક બોસ કે કો-વર્કર તરીકે ઓફિસમાં કામ કરતી મહિલા સહકર્મીની તકલીફને સમજીને તેને જરૂરી સ્પેસ આપવી—આ જ ખરી મેચ્યોરિટી છે.

આખરે કુદરતે સ્ત્રી અને પુરુષને એકબીજાના પૂરક બનાવ્યા છે, હરીફ નહીં. સ્ત્રીની જૈવિક પીડાને પુરુષ અનુભવી શકતો નથી, પણ એ પીડાને સમજીને તેની પડખે ઊભા રહેવાની ક્ષમતા તો ઈશ્વરે પુરુષને આપી જ છે. શ્રુતિ હાસનના નિવેદનનો સકારાત્મક સાર એ જ હોવો જોઈએ કે પુરુષોને પિરિયડ્સ આવવાની કોઈ જ જરૂર નથી, બસ પુરુષોમાં પિરિયડ્સ અને સ્ત્રી સહજ પીડા પ્રત્યે માનસિક મેચ્યોરિટી અને સંવેદના આવવી અત્યંત જરૂરી છે. જો આ સંવેદના આવી જશે, તો કોઈપણ કાયદા કે પિરિયડ લીવના નિયમો વગર પણ સમાજ અને વર્કપ્લેસ વધુ માનવીય અને સુંદર બની જશે.

# દિગ્ગજ ડાયરેક્ટર સિંગીથમ શ્રીનિવાસ રાવનું નિધન

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૪ : ભારતીય સિનેમા અને દક્ષિણ ભારતીય ફિલ્મ ઉદ્યોગ માટે એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીના દિગ્ગજ ડાયરેક્ટર, સ્ક્રીનરાઈટર અને મ્યુઝિક કંપોઝર સિંગીથમ શ્રીનિવાસ રાવનું ૯૫ વર્ષની વયે નિધન થયું છે.



તેમણે ચેન્નાઈની કાવેરી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા, જ્યાં તેઓ વધતી ઉંમર અને સ્વાસ્થ્ય સંબંધી બીમારીઓની સારવાર કરાવી રહ્યા હતા. ૬ દાયકાથી પણ વધુ લાંબા કરિયરમાં ભારતીય સિનેમાને અનેક યાદગાર ફિલ્મો આપનારા આ વિઝનરી ડાયરેક્ટરના જવાથી સમગ્ર મનોરંજન જગતમાં ઘેરા શોકની લહેર છવાઈ ગઈ છે.

તેમના નિધનના સમાચાર સામે આવતા જ ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકો અને તેમના પ્રશંસકો વચ્ચે શોકની લહેર છવાઈ છે. તેમના નિધન પર અભિનેતા જૂનિયર એનટીઆરે પણ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે, સિંગીથમ શ્રીનિવાસ રાવ એવા દૂરોગામી (દૂરદર્શી) ફિલ્મમેકર હતા, જેમણે બનાવેલી ફિલ્મો ઘણી પેઢીઓ પછી પણ તાજી અનુભવાય છે. જૂનિયર એનટીઆરે આદિત્ય ૩૬૯, પુષ્પક વિમાન અને મયૂરી જેવી ફિલ્મોને યાદ કરતા તેમના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

એસ.એસ. રાજામૌલીએ ફિલ્મમેકરને યાદ કરતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું હતું કે, સિંગીથમ શ્રીનિવાસ રાવના નિધનના સમાચાર અત્યંત દુઃખદ છે. આદિત્ય ૩૬૯, પુષ્પક વિમાન અને મયૂરી જેવી ફિલ્મો બનાવનારા સિંગીથમ એવા ફિલ્મમેકર હતા, જેમણે પોતાના સમયથી આગળનું વિચારીને કામ કર્યું.

# ‘વસુધૈવ કુટુંબકમ્’ માત્ર સૂત્ર નહીં, ભારતનું DNA છે

**વસુધૈવ કુટુંબકમ્ એ માત્ર કોઈ પુસ્તકમાં લખાયેલા શબ્દો નથી, પણ એ ભારતનો DNA છે. આથી જ ભારત હંમેશા વિશ્વની પ્રત્યેક સમસ્યાનાં સમાધાન માટે માર્ગદર્શક જ નહીં મદદગાર તરીકે તત્પર રહ્યું છે. તે ભાવનાને વધુ મજબૂત બનાવવા માટે આપણે પ્રત્યેકે પોતાનાં હૃદયમાંથી હું અને મારું છોડીને આપણે અને આપણું વિચારતા શીખવું પડે**

## મનનમ્



ડો. યોગેશ ગોરાને
આચાર્ય
વિનય મંદિર, દાંડી

**ॐ अयं निजः परो वेति गणना लघुचेतसाम् । उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥**

અર્થાત્, આ પોતાનું છે અને આ પારકું છે એવો ભેદ (નાના) સંકુચિત મનવાળા લોકો કરે છે, જ્યારે ઉદાર હૃદયવાળા લોકો માટે સમગ્ર પૃથ્વી એક પરિવાર છે. અથર્વવેદ સાથે જોડાયેલા મહા ઉપનિષદના આ શ્લોકથી ભારતીય ઋષિઓની સમગ્ર વિશ્વને એક કુટુંબ ગણવાની ઉદાર દ્રષ્ટિનો પરિચય થાય છે. ઉત્ક્રાંતિવાદની ઉત્ક્રાંતિ પહેલા કહેવાયેલ આ શ્લોક માત્ર સૂત્ર કે વિચાર નથી પરંતુ ભારતીય જીવનદર્શનનું કેન્દ્રબિંદુ છે અને વિવિધતામાં એકતાનો આદર્શ છે.

આજે જ્યારે આખું વિશ્વ યુદ્ધ, અશાંતિ અને વૈચારિક મતભેદો, આતંકવાદ, પર્યાવરણીય સંકટ, ગરીબી અને અસહિષ્ણુતામાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે તે જ આદર્શની આજે ખૂબ જ જરૂર છે. કારણ કે ભારતનો આ યુગો જૂનો મંત્ર - ‘વસુધૈવ કુટુંબકમ્’ જ સમગ્ર માનવજાતને સાચો રાહ ચીંધી શકે છે.

શાંતિ કા સંદેશ દેકર, જગ કો અપના બનાયા હે

ભારત ને હર યુગ મેં વસુધૈવ કુટુંબકમ્ કા પાઠ પઢાયા હે.

વસુધૈવ કુટુંબકમ્ એ માત્ર કોઈ પુસ્તકમાં લખાયેલા શબ્દો નથી, પણ એ ભારતનો DNA છે. આથી જ તો ભારતે ક્યારેય વિશ્વનાં કોઈપણ દેશને પોતાના ફાયદા કે સત્તા સ્થાપિત કરવાની દ્રષ્ટિએ જોયો નથી પરંતુ હંમેશા પ્રેમ, કરુણા અને સંસ્કૃતિના સંગાથી તરીકે જોયો છે.

વસુધૈવ કુટુંબકમ્ ભાવનાથી જ તો હજારો વર્ષો પહેલા ભારતીય ઋષિઓએ **यत्र विश्वं भवत्येकनीडम्** કહીને આખા વિશ્વને એક માળા (ઘર) તરીકે સ્વીકાર્યું છે. ઋષિઓના તે વિચારને વર્તનમાં મૂકીને ભારતીય નેતાઓએ પાડોશી દેશોને કુટુંબના સભ્યોની જેમ મદદ કરી છે. જેમકે, ૨૦૧૪માં માલદીવમાં પીવાના પાણીની સમસ્યા વખતે ‘ઓપરેશન નીર’ હેઠળ જહાજો અને વિમાનો દ્વારા લાખો લિટર પીવાનું પાણી પહોંચાડ્યું, ૨૦૧૫માં નેપાળમાં આવેલા વિનાશક ભૂકંપ વખતે ‘ઓપરેશન મૈત્રી’થી સહાય કરી, ૨૦૨૨માં શ્રીલંકાના ગંભીર આર્થિક સંકટમાં ઇંધણ, દવાઓ, ખાદ્યપદાર્થો અને નાણાકીય સહાય કરી, ભૂતાન અને બાંગ્લાદેશમાં શિક્ષણ, આરોગ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે ભારત સહાય કરતું રહ્યું છે. તેમજ જ્યારે વિશ્વ કોરોના જેવી મહામારી સામે ઝઝૂમી રહ્યું હતું, ત્યારે ભારતે વેક્સિન મૈત્રી અભિયાન હેઠળ વિશ્વના અનેક નાના-મોટા દેશોને મફતમાં વેક્સિન પહોંચાડીને વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાને ચરિતાર્થ કરી દેખાડી છે. કારણકે પાંડુરંગ શાસ્ત્રીના શબ્દોમાં કહીએ તો -

"Other is not other but he is my devine brother" બીજો એ માત્ર બીજો નથી પણ તે મારો દૈવી ભાઈ છે, એટલે જ તો ભૂતકાળમાં હોય કે આજે ભારત માટે અન્ય દેશો માત્ર વેપારનું સાધન નહીં, પોતાનાં પરિવારનો જ હિસ્સો રહ્યા છે.



સમગ્ર વિશ્વને એક પરિવાર ગણીને, પરિવાર માટેની ચિંતા કરતા G20 શિખર સંમેલનમાં ભારતે વિશ્વને One Earth, One Family, One Future' નો મંત્ર આપ્યો તો આબોહવા પરિવર્તન (Climate Change) કે યુદ્ધની સ્થિતિ વખતે ભારતે વૈશ્વિકમંચ પરથી હંમેશા પ્રેમ અને વિચારથી શાંતિ અને ઐક્ય નિર્માણ કરવા માટેની તત્પરતા દેખાડી છે કારણ કે વિચાર અને પ્રેમની કૃષ્ણથી લઈને બુદ્ધ સુધીની પરંપરા ભારત પાસે જ છે. સમગ્ર વિશ્વમાં વૈશ્વિક શાંતિ માટેનું શ્રેષ્ઠ માર્ગદર્શન માત્ર ભારત જ આપી શકે છે,

**हिंद देश के निवासी सभी जन एक है**
**रंग रूप वेश भाषा चाहे अनेक है ।**

ભારત અનેક ભાષાઓ, ધર્મો, પરંપરાઓ અને સંસ્કૃતિઓ ધરાવતા લોકોનો દેશ છે, છતાં પણ અહીં પ્રેમ, શાંતિ અને ઐક્ય છે. ભારતના બુદ્ધ, મહાવીર, સ્વામી વિવેકાનંદ અને મહાત્મા ગાંધી જેવા મહાન વિચારકો દ્વારા વિશ્વને સંદેશ અપાય છે કે શાંતિ માત્ર સૈન્ય શક્તિથી નહીં, પરંતુ માનવતા, સહિષ્ણુતા અને પરસ્પર સન્માનથી સ્થાપિત થઈ શકે છે. જેને સ્વામી વિવેકાનંદના શબ્દોમાં કહીએ તો -

“Help and not fight, assimilation and not destruction, harmony and peace and not dissension.”

અર્થાત્, સહાય કરો, લડો નહીં; સમન્વય સાધો, વિનાશ નહીં; સુમેળ અને શાંતિ સ્થાપો, વિખવાદ નહીં.

ભારતે વિશ્વને શીખવ્યું છે કે ભિન્નતા વિવાદનું કારણ નહીં, પરંતુ સમૃદ્ધિનું સાધન બની શકે છે. આથી જ તો ભારત સંવાદ અને સહકારને પ્રોત્સાહન આપી મિત્રતાના સંબંધો જાળવીને વિશ્વ પર આવનારી પ્રત્યેક મુસીબત - કોરોના હોય કે કુદરતી આપત્તિ હંમેશાં મદદ માટે આગળ આવ્યું છે. કારણ કે ‘વસુદેવ કુટુંબકમ્’ની ભાવના વિકસાવનારા ભારતના ઋષિઓએ કહ્યું છે **सर्वे भवन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः ।** અર્થાત્, બધા સુખી રહે અને બધા નિરોગી રહે. અહીં જે ‘બધા’ એમ કહેવાયું છે એ માત્ર ભારતના લોકો માટે જ નહીં પણ સમગ્ર માનવજાત માટેની શુભેચ્છા છે.

આથી વસુધૈવ કુટુંબકમ્ માત્ર સરકારો કે નેતાઓ માટેનું સૂત્ર નથી પરંતુ જાતિ, ધર્મ, ભાષા અને પ્રદેશના ભેદભાવથી પર થઈને મિત્રતા, સહકાર અને માનવતાનાં મૂલ્યો અપનાવવાનું માર્ગદર્શન છે. ભારત હંમેશા વિશ્વની પ્રત્યેક સમસ્યાનાં સમાધાન માટે માર્ગદર્શક જ નહીં મદદગાર તરીકે તત્પર રહ્યું છે તે માટે પ્રત્યેક પોતાનાં હૃદયમાંથી હું અને મારું છોડીને આપણે અને આપણું વિચારતા શીખવું પડે.

તો ચાલો, આપણે સૌ મળીને એક પૃથ્વી - એક પરિવાર - એક ભવિષ્યના સંકલ્પને સાકાર કરીએ અને વિશ્વમાં શાંતિ, ભાઈચારો અને માનવતાનો સંદેશ ફેલાવીએ. **लोकाः समस्ताः सुखिनो भवन्तु ।** સમગ્ર વિશ્વના બધા લોકો સુખી રહે. એવી વિધાયક પ્રાર્થના સાથે આપણે વસુધૈવ કુટુંબકમ્‌ના મહાન વિચારને આપણા વર્તનમાં ઉતારીએ અને વિશ્વ શાંતિના દૂત બનીએ.

# ધરમપુર-કપરાડા-નાનાપોંઢા તાલુકા વિશેષ

Monday 05, October 2026

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913

- ધરમપુર
- નાનાપોંઢા
- કપરાડા
- મોટાપોંઢા


# નાનાપોંઢા તાલુકાની રચનાને એક વર્ષ પૂર્ણ

## કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ સરકારનો આભાર વ્યક્ત કરી રસ્તા, વીજળી, શિક્ષણ અને પાણી સહિતની સુવિધાઓને વિકાસની મહત્વની કડી ગણાવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૦૪ :** વલસાડ જિલ્લાના નવા નાનાપોંઢા તાલુકાની રચના અને વહીવટી કામગીરી શરૂ થયાને આજે એક વર્ષ પૂર્ણ થયું છે. નાનાપોંઢા તાલુકો ૨ ઓક્ટોબર ૨૦૨૫થી સત્તાવાર રીતે કાર્યરત બન્યો હતો. તાલુકાની રચના બાદ ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારોના લોકોને વહીવટી સેવાઓ નજીકથી અને સરળતાથી મળી રહે તેવી નવી વ્યવસ્થાનો પ્રારંભ થયો છે.

નાનાપોંઢા તાલુકામાં કુલ ૪૯ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અગાઉ આ ગામો કપરાડા, પારડી અને વાપી તાલુકાની વહીવટી વ્યવસ્થામાં આવતાં હતાં.



નવા તાલુકાની રચનાથી મહેસૂલ, પંચાયત તથા વિકાસલક્ષી કામગીરી માટે સ્થાનિક કક્ષાએ વહીવટી માળખું ઊભું થયું છે. નાનાપોંઢા મામલતદાર કચેરી તેમજ DLR કચેરી પણ કાર્યરત છે.

**રસ્તા-વીજળી-પાણી-શિક્ષણ પર ભાર**

નાનાપોંઢા તાલુકાની પ્રથમ વર્ષગાંઠના પ્રસંગે કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે રસ્તા, વીજળી, પાણી અને શિક્ષણને વિસ્તારના વિકાસ માટેની મહત્વપૂર્ણ કડી ગણાવી હતી. ગ્રામ્ય વિસ્તારોમાં સારી કનેક્ટિવિટી, નિયમિત વીજ પુરવઠો, શૈક્ષણિક સુવિધાઓ અને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાની કામગીરીને પ્રાથમિકતા આપવાની વાત તેમણે કરી હતી. તેમણે જણાવ્યું હતું કે નવા તાલુકાના વિકાસ માટે વિવિધ સરકારી વિભાગો સાથે સંકલન કરીને સ્થાનિક જરૂરિયાતો મુજબ કામગીરી આગળ ધપાવવામાં આવી રહી છે.

**૪૯ ગામો માટે નજીકનું વહીવટી કેન્દ્ર**

નવા તાલુકાની રચનાથી ૪૯ ગામોના લોકોને પ્રમાણપત્રો, મહેસૂલી કામગીરી, સરકારી યોજનાઓ અને અન્ય વહીવટી સેવાઓ માટે વધુ નજીકનું કેન્દ્ર મળ્યું છે. ખાસ કરીને આદિવાસી બહુલ વિસ્તાર માટે સ્થાનિક સ્તરે વહીવટી સુવિધાઓનું મજબૂતીકરણ મહત્વપૂર્ણ બન્યું છે. એક વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ મનિષાબેન પટેલ, તાલુકા વિકાસ અધિકારી પ્રિતેશભાઈ બારિયા, તાલુકા તથા જિલ્લા પંચાયતના સદસ્યો, કર્મચારીઓ અને અગ્રણી આગેવાનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આગામી સમયમાં નાનાપોંઢા તાલુકો વિકાસનું વધુ મજબૂત કેન્દ્ર બને અને લોકોને સરકારી સેવાઓ ઝડપી તથા સરળતાથી મળે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

# મધુબન ડેમમાં ભરપૂર જળ સંગ્રહથી ખેડૂતો ખુશી

## ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ પૂજા કરી જળદેવતાને નમન કર્યું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૦૪ :** મધુબન ડેમમાં ૧૦૦ ટકા જળસંગ્રહ થતાં કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ ડેમ ખાતે પહોંચીને પૂજા-અર્ચના કરી હતી. તેમણે જળદેવતાને નમન કરી સમગ્ર વિસ્તારના ખેડૂતો અને ગ્રામજનો માટે પાણીની સમૃદ્ધિ જળવાઈરહે તેવી પ્રાર્થના કરી હતી. મધુબન ડેમમાં ભરપૂર પાણીનો સંગ્રહ થતાં કપરાડા સહિત આસપાસના વિસ્તારોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. ડેમમાં પાણીની ઉપલબ્ધતા ખેતી અને સિંચાઈ માટે મહત્વપૂર્ણ બની રહેશે. ખાસ કરીને વરસાદ આધારિત ખેતી કરતા ખેડૂતો માટે જળસંગ્રહથી આગામી દિવસોમાં સિંચાઈની જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદ મળી શકે છે. ડેમમાં પૂરતું પાણી હોવાને કારણે પીવાના પાણીની જરૂરિયાત માટે પણ આશાસ્પદ સ્થિતિ સર્જાઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાં પીવાનું પાણી, ખેતી, પશુપાલન સહિતની વિવિધ જરૂરિયાતો માટે પાણીનું મહત્વ હોવાથી સારો જળસંગ્રહ સ્થાનિક લોકો માટે રાહતરૂપ બન્યો છે.

આ પ્રસંગે ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ પાણીના સંરક્ષણ અને યોગ્ય ઉપયોગ પર ભાર મૂક્યો હતો. તેમણે વરસાદી પાણીનો સંગ્રહ વધારવા અને ઉપલબ્ધ પાણીનો બગાડ ન થાય તે માટે સૌને જવાબદારીપૂર્વક પાણીનો ઉપયોગ કરવાની અપીલ કરી હતી. મધુબન ડેમમાં ૧૦૦ ટકા જળસંગ્રહ થતાં ખેડૂતોમાં આગામી ખેતીની કામગીરીને લઈને આશા જાગી છે. ડેમમાં સંગ્રહિત પાણીનો આયોજનબદ્ધ અને કરકસરપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો તેનો લાભ લાંબા સમય સુધી લઈ શકાય તેમ છે. ડેમની જળસંપત્તિ વિસ્તારના લોકો માટે ઉપયોગી બની રહે તેવી પ્રાર્થના સાથે પૂજા-અર્ચના કરવામાં આવી હતી.

# બાલચોંડીની ગ્રામસભામાં જમીન કબજેદારના પ્રમાણપત્ર માટે રજૂઆત




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૦૪ :** બાલચોંડી ગ્રામ પંચાયતની ગ્રામસભા તા. ૨ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ પ્રાથમિક શાળાના પ્રાર્થના હોલમાં સરપંચ રાજેશ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ ગ્રામસભા દરમિયાન ગામના જાગૃત નાગરિક તરીકે હરેશ પટેલ, કમુ ખુશાલ તથા નારણ પટેલ દ્વારા જમીન કબજેદારનું પ્રમાણપત્ર મેળવવા અંગે આવેદનપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. રજૂઆત મુજબ, બાલચોંડી ગામના સર્વે નંબર ૪૭/૧માં આવેલી ૯૨ ગુંઠા જમીન વર્ષ ૧૯૬૫માં વાજવડ ગામના શંકર દગડુ પાસેથી ચમાર મરજી અને મુદ્રા શકા દ્વારા વેચાણ કરારથી લેવામાં આવી હતી. રજૂઆતકર્તાઓના જણાવ્યા અનુસાર, ત્યારથી છેલ્લા આશરે ૬૦ વર્ષથી તેમના વારસદારો આ જમીન પર કબજો રાખી ખેતી કરતા આવ્યા છે.

રજૂઆતમાં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, જમીનના અગાઉના વેચાણકર્તા પક્ષના વારસદારો દ્વારા આ જ જમીન અંગે ફરીથી વેચાણની કાર્યવાહી કરવામાં આવી રહી હોવાની જાણકારી મળી છે. આ બાબતે ગ્રામસભાનું ધ્યાન દોરી, સમગ્ર મામલાની યોગ્ય તપાસ થાય અને કોઈપણ વિવાદાસ્પદ કે નિયમવિરુદ્ધ કાર્યવાહી ન થાય તે માટે જરૂરી પગલાં લેવા રજૂઆત કરવામાં આવી હતી.

રજૂઆતકર્તાઓએ ગ્રામસભા સમક્ષ માંગ કરી હતી કે, સર્વે નંબર ૪૭/૧ની જમીન અંગે ઉપલબ્ધ જૂના દસ્તાવેજો, વેચાણ કરાર, કબજો તથા ખેતીના પુરાવાની યોગ્ય તપાસ કરવામાં આવે અને કાયદેસરની પ્રક્રિયા મુજબ જમીન કબજેદારનું પ્રમાણપત્ર મેળવવા માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે.

સાથે સાથે, જમીન અંગે કોઈપણ પક્ષ દ્વારા કરવામાં આવતી કાર્યવાહીથી વિવાદ ઊભો ન થાય તે માટે સંબંધિત મહેસૂલી અધિકારીઓ દ્વારા હકીકતોની તપાસ કરી યોગ્ય માર્ગદર્શન અને કાર્યવાહી કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

# મેઘવાળમાં એસ.ટી. બસ રૂટ ફાળવાતા લોકોમાં ખુશી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૦૪ :** ગુજરાત એસ.ટી. વિભાગ અને વલસાડ એસ ટી વિભાગના વાપી ડેપોની ઐતિહાસિક પહેલ દેશ આઝાદ થયો પછી આ કપરાડા તાલુકા મેઘવાળ ગામે જે દમણગંગા નદીના કિનારે આવેલ ગામ છે આજુબાજુ કેન્દ્રશાસિત પ્રદેશ હોય અને વચ્ચે આ કપરાડા તાલુકાનું મોટું ગામ મેઘવાળ આવેલ છે ત્યાંની પ્રાથમિક શાળાના ૮૦ જેટલા ગરીબ આદિવાસીના વિદ્યાર્થી માટે પરિવહન સુવિધા ન હતી જેઓ ૬ થી ૮ કિલોમીટર ચાલી ને શાળા એ આવતા હતા જે ગુજરાત સરકાર ને દયાને આવતા આ બાબત ની રજૂઆત એસ ટી વિભાગ ને થતા રોડ રસ્તા સાંકડા હોવા છતાં એક ઐતિહાસિક સ્થળની મુલાકાત વાપી ડેપોના અધિકારી ધનસુખ પટેલ દ્વારા લેતા સવારે અને સાંજે બે ટ્રીપ વિધાર્થી માટે બસ સેવાનો પ્રારંભ આજ રોજ કરવામાં આવતા ગ્રામ જનો તેમજ પ્રાથમિક શાળાના આચાર્ય મહેશભાઈ પટેલ તથા તેમનો સ્ટાફ ઉપસ્થિત રહી એસ ટી વિભાગ ની કામગરીની બિરદાવી હતી

## રાષ્ટ્રીય બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં પ્રીતેશ ગાવિતનું દ્વિતીય સ્થાન

# કાકડકોપરના યુવા બોડી બિલ્ડરનું સન્માન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૦૪ :** નાનાપોંઢા તાલુકાના કાકડકોપર ગામના યુવા બોડી બિલ્ડર પ્રીતેશ ગાવિતે 'મોન્સ્ટર મસલ નેચરલ સીઝન-૨' રાષ્ટ્રીય બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં ૬૦ કિલો કેટેગરીમાં દ્વિતીય સ્થાન મેળવી વલસાડ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. તેમની સિદ્ધિ બદલ કાકડકોપર ગ્રામ પંચાયતના હોલમાં ગ્રામજનો અને આગેવાનોની ઉપસ્થિતિમાં સન્માન સમારોહ યોજાયો હતો. કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ પ્રીતેશને અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, સામાન્ય આદિવાસી પરિવારમાંથી આવતા યુવાને પોતાની મહેનત અને પ્રતિભાના આધારે રાષ્ટ્રીય કક્ષાએ ગામ અને તાલુકાનું નામ પહોંચાડ્યું છે. યુવાનોમાં રહેલી પ્રતિભાને યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તો તેઓ રમતગમત સહિત વિવિધ ક્ષેત્રોમાં આગળ વધી શકે છે.



નાનાપોંઢાના ફિટનેસકર જિમ સાથે જોડાયેલા પ્રીતેશે નિયમિત તાલીમ, શિસ્ત અને મહેનતના આધારે આ સિદ્ધિ મેળવી હતી. ધારાસભ્યએ કાકડકોપર ખાતેના રમતના મેદાનનો યુવાનો વધુમાં વધુ ઉપયોગ કરે તેવી અપીલ કરી હતી. રમતગમત ઉપરાંત પોલીસ, મિલિટરી સહિતની ભરતીની શારીરિક કસોટીની તૈયારી માટે પણ મેદાન ઉપયોગી બની શકે તેમ તેમણે જણાવ્યું હતું.

જીતુભાઈ ચૌધરીએ ડાંગની રમતવીર સરિતા ગાયકવાડનું ઉદાહરણ આપી ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારના યુવાનો યોગ્ય માર્ગદર્શનથી રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની ઓળખ બનાવી શકે તેમ જણાવ્યું હતું. તેમણે નીતેશના કોચ મેહુલ પટેલનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. જિલ્લા પંચાયત સદસ્ય મિતેશભાઈ પટેલે યુવાનોને તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા અને જંકફૂડથી દૂર રહેવા અપીલ કરી હતી. વાલીઓએ બાળકોની રુચિ અને પ્રતિભા ઓળખી તેમને શિક્ષણ તથા રમતગમત બંને ક્ષેત્રે પ્રોત્સાહન આપવું જોઈએ તેમ જણાવ્યું હતું.

કોચ મેહુલ પટેલે જણાવ્યું હતું કે, ૨૭ સપ્ટેમ્બરે સ્પર્ધા દરમિયાન પ્રીતેશે દ્વિતીય સ્થાન મેળવ્યું હોવાના સમાચાર મળતાં આનંદ થયો હતો. પ્રીતેશની સતત મહેનત અને તાલીમના પરિણામે આ સિદ્ધિ મળી હોવાનું તેમણે જણાવ્યું હતું. કાર્યક્રમનું આયોજન કાકડકોપર ગ્રામ પંચાયત દ્વારા સરપંચ ગણેશભાઈ ગાવિત તથા સભ્યોના સહયોગથી કરાયું હતું. નાનાપોંઢા તાલુકા પંચાયત પ્રમુખ મનિષાબેન પટેલ સહિત તાલુકા પંચાયતના સભ્યો, આગેવાનો, ગ્રામજનો અને મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. પ્રીતેશની સિદ્ધિથી સમગ્ર વિસ્તારમાં ગૌરવની લાગણી જોવા મળી હતી.

## સોશિયલ મીડિયાની મીઠી ચેટથી જીવનભરનો કડવો પસ્તાવો!

# કપરાડા-નાનાપોંઢા પંથકમાં યુવા પેઢી માટે ચેતવણીની ઘંટડી

## ફોટો અને ચેટથી સંબંધ નહીં–હકીકત જાણીને જ જીવનનો નિર્ણય જરૂરી

મોબાઈલના નાના પડદાએ આખી દુનિયાને હાથમાં લાવી દીધી છે. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ સહિતના સોશિયલ મીડિયા પ્લેટફોર્મે વાતચીતને સરળ બનાવી છે. અજાણ્યા લોકો સાથે મિત્રતા કરવી, વિચારો વહેંચવા અને એકબીજાના ફોટા જોવાનું આજે સામાન્ય બની ગયું છે. પરંતુ આ જ સોશિયલ મીડિયા હવે કેટલાક યુવાનો માટે મનોરંજનનું સાધન નહીં, પરંતુ જીવનભરની મુશ્કેલીનું કારણ બની રહ્યું હોવાની ચિંતાજનક સ્થિતિ સામે આવી રહી છે.

કપરાડા અને નાનાપોંઢા તાલુકાના અનેક ગામડાઓમાં યુવાનો અને યુવતીઓ સોશિયલ મીડિયા પરની ઓળખને વાસ્તવિક સંબંધ માનીને જીવનના મોટા નિર્ણયો લેતા હોવાની ચર્ચા છે. માત્ર થોડા દિવસોની ચેટ, મીઠી વાતો અને સોશિયલ મીડિયા પર મૂકેલા ફોટાથી પ્રભાવિત થઈને લગ્ન, ઘર છોડવું કે સાથે રહેવા જેવા નિર્ણયો લેવાઈ રહ્યા છે. જ્યારે વાસ્તવિક જીવન સામે આવે છે ત્યારે ઘણી વખત સંબંધની ચમક ઉતરી જાય છે અને પસ્તાવા સિવાય કંઈ હાથમાં રહેતું નથી. ચેટથી શરૂ થયેલો સંબંધ જીવનની મુશ્કેલી બની ગયો એક ઘટનામાં સામાન્ય પરિવારની યુવતીની સોશિયલ મીડિયા મારફતે એક યુવાન સાથે ઓળખાણ થઈ. શરૂઆતમાં બંને વચ્ચે સામાન્ય વાતચીત થતી હતી. ધીમે ધીમે વાતચીત વધતી ગઈ અને યુવતી યુવાનથી ભાવનાત્મક રીતે જોડાતી ગઈ. યુવાન પોતાની કેટલીક તસવીરો અને વાતો યુવતી સાથે શેર કરતો હતો. પરંતુ તેની વાસ્તવિક પરિસ્થિતિ અંગે સંપૂર્ણ હકીકત યુવતી સામે આવી નહોતી. સોશિયલ મીડિયા પર દેખાતી છબીથી પ્રભાવિત યુવતીએ આ સંબંધને જિંદગીનો આધાર માની લીધો. પરિવારની ચિંતા અને સમજાવટ કરતાં સોશિયલ મીડિયા પર મળેલા વ્યક્તિ પર વિશ્વાસ વધુ મોટો બની ગયો. અંતે યુવતી ઘર અને માતા-પિતાથી દૂર થઈને યુવાન સાથે જીવન જીવવા તૈયાર થઈ ગઈ. પરંતુ થોડા સમય બાદ જ્યારે વાસ્તવિક જીવનની મુશ્કેલીઓ સામે આવી ત્યારે તેને સમજાયું કે સોશિયલ મીડિયા પર જે દુનિયા સુંદર લાગતી હતી, તે વાસ્તવિક જીવનમાં એટલી સરળ નહોતી. આજે આવી પરિસ્થિતિમાં મુકાયેલી યુવતી પોતાની પીડા ખુલ્લેઆમ કોઈને કહી પણ શકતી નથી. એક તરફ પરિવાર છોડવાનો પસ્તાવો અને બીજી તરફ સંબંધની વાસ્તવિકતા–બંને વચ્ચે તેનું જીવન મુશ્કેલીમાં મુકાઈ જાય છે.

બીજી ઘટના પણ ચેતવણીરૂપ બીજા એક ગામમાં સોશિયલ મીડિયા મારફતે એક યુવતી એક યુવાનના સંપર્કમાં આવી. ચેટિંગ અને વાતચીતના કારણે બંને વચ્ચે નજીકના સંબંધો બન્યા. યુવતી યુવાનથી એટલી પ્રભાવિત થઈ કે તેની સાથે લગ્ન કરવા માટે તૈયાર થઈ ગઈ. ત્યારબાદ યુવતી યુવાનના ઘરે આવતી-જતી રહી અને બંનેએ સાથે રહેવાના નિર્ણય તરફ પગલાં ભર્યાં. પરંતુ જ્યારે સંબંધને વાસ્તવિક જીવનની જવાબદારીઓનો સામનો કરવો પડ્યો ત્યારે પરિસ્થિતિ બદલાઈ ગઈ. આજે સ્થિતિ એવી બની કે યુવતીને અન્યના ઘરમાં આશરો લેવો પડે તેવી પરિસ્થિતિ ઊભી થઈ. જે સંબંધ સોશિયલ મીડિયાની દુનિયામાં સુખદ લાગતો હતો, તે વાસ્તવિક જીવનમાં મુશ્કેલીનું કારણ બની ગયો. આ બંને ઘટનાઓ માત્ર ઉદાહરણ છે. આવી અનેક ઘટનાઓ ગામડાઓમાં બને છે, પરંતુ પરિવારની પ્રતિષ્ઠા, સમાજનો ભય અને વ્યક્તિગત સંકોચને કારણે તે જાહેરમાં આવતી નથી.

ફોટો અને બે કલાકની ચેટ કોઈની ઓળખ નથી સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું સોશિયલ મીડિયા પર કોઈ વ્યક્તિના ફોટા જોઈને તેની સંપૂર્ણ ઓળખ થઈ શકે?

જવાબ સ્પષ્ટ છે—ના. સોશિયલ મીડિયા પર વ્યક્તિ પોતાની પસંદગીનું જીવન બતાવે છે. ફોટો સુંદર હોઈ શકે, વાતચીત મીઠી હોઈ શકે, પ્રોફાઈલ આકર્ષક હોઈ શકે; પરંતુ વ્યક્તિનો વાસ્તવિક સ્વભાવ, પરિવાર, જવાબદારી, આર્થિક સ્થિતિ, વ્યવહાર



**નાનાપોંઢાનો પત્ર**

**ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા**

અને જીવન જીવવાની રીત સોશિયલ મીડિયાના થોડા ફોટાથી જાણી શકાતી નથી. યુવાનો માટે આ સમજવું ખૂબ જરૂરી છે કે 'ઓનલાઈન ઓળખાણ' અને 'વાસ્તવિક ઓળખાણ' વચ્ચે મોટો તફાવત છે. પ્રેમમાં સમજદારી ગુમાવવી નહીં પ્રેમ જીવનની સુંદર લાગણી છે. પરંતુ પ્રેમમાં પડ્યા પછી સમજદારી ગુમાવવી યોગ્ય નથી. કોઈ વ્યક્તિ સાથે ભાવનાત્મક સંબંધ બને ત્યારે પણ જીવનનો મોટો નિર્ણય ઉતાવળમાં ન લેવો જોઈએ. લગ્ન માત્ર બે વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ નથી. તે બે પરિવાર, બે જીવનશૈલી અને અનેક જવાબદારીઓ સાથે જોડાયેલો નિર્ણય છે. તેથી લગ્ન પહેલાં વ્યક્તિને અને તેના પરિવારને સારી રીતે ઓળખવું, તેની હકીકત જાણવી, પરિવારજનો સાથે ચર્ચા કરવી અને જરૂરી હોય તો વિશ્વાસુ વડીલોની સલાહ લેવી અત્યંત જરૂરી છે. પરિવારથી દૂર નહીં, પરિવાર સાથે વાત કરો આજના યુવાનો માટે સૌથી મહત્વનો સંદેશ એ છે કે જીવનમાં કોઈ વ્યક્તિ ગમે કે કોઈ સંબંધ અંગે મૂંઝવણ હોય તો માતા-પિતા અથવા વિશ્વાસુ વડીલ સાથે વાત કરવી જોઈએ. 'ઘરે કહેશે તો વિરોધ કરશે' એવા ડરથી પરિવારથી વાત છુપાવવી અને અજાણી વ્યક્તિ પર સંપૂર્ણ વિશ્વાસ કરવો ઘણી વખત વધુ મોટું જોખમ ઊભું કરી શકે છે.

વાલીઓએ પણ બાળકોની વાત સાંભળવાની તૈયારી રાખવી પડશે. માત્ર મોબાઈલ છીનવી લેવો કે સોશિયલ મીડિયા બંધ કરાવવું એ ઉકેલ નથી. બાળકોને સમજણ આપવી, વિશ્વાસનું વાતાવરણ ઊભું કરવું અને તેમને સાચા-ખોટા સંબંધ વચ્ચેનો તફાવત સમજાવવો જરૂરી છે. ગ્રામ્ય વિસ્તારમાં વિશેષ જાગૃતિ જરૂરી કપરાડા અને નાનાપોંઢા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં મોબાઈલ અને ઈન્ટરનેટનો ઉપયોગ ઝડપથી વધ્યો છે. યુવાનો શિક્ષણ, નોકરી, મનોરંજન અને મિત્રતા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે છે. આ ઉપયોગ સકારાત્મક પણ બની શકે છે, પરંતુ અજાણ્યા વ્યક્તિ સાથે સંબંધ બાંધતી વખતે વિશેષ સાવચેતી જરૂરી છે. શાળાઓ, શિક્ષકો, વાલીમંડળો, ગ્રામ પંચાયતો અને સામાજિક સંસ્થાઓએ સમયાંતરે યુવાનો માટે સોશિયલ મીડિયા જાગૃતિ કાર્યક્રમો યોજવા જોઈએ. યુવાનોને સમજાવવું જોઈએ કે કોઈ વ્યક્તિ જો પોતાની ઓળખ છુપાવે, સતત અંગત માહિતી માગે, પરિવારથી દૂર રહેવા પ્રેરિત કરે, ઝડપથી લગ્ન કે સાથે રહેવા માટે દબાણ કરે અથવા ભાવનાત્મક રીતે નિયંત્રિત કરવાનો પ્રયાસ કરે તો સાવચેત થવું જરૂરી છે. સોશિયલ મીડિયા દુશ્મન નથી, અંધવિશ્વાસ જોખમી છે

સોશિયલ મીડિયાને સંપૂર્ણપણે ખરાબ ગણવું પણ યોગ્ય નથી. તેનો ઉપયોગ શિક્ષણ, રોજગાર, સમાચાર, જ્ઞાન, સર્જનાત્મકતા અને સારા સંબંધો માટે થઈ શકે છે.

પરંતુ સોશિયલ મીડિયા પર મળેલી દરેક વ્યક્તિને સાચી અને વિશ્વાસપાત્ર માની લેવી ગંભીર ભૂલ છે. સોશિયલ મીડિયા સમસ્યા નથી; સોશિયલ મીડિયા પર અંધવિશ્વાસ સમસ્યા છે. આજના યુવાન-યુવતીઓએ આ એક વાત યાદ રાખવી જોઈએ.

હવે જાગવાનો સમય આજે જે સંબંધ મોબાઈલની સ્ક્રીન પર ખૂબ સુંદર લાગે છે, તે આવતીકાલે વાસ્તવિક જીવનમાં કેવો હશે તેની કોઈ ખાતરી નથી. તેથી જીવનના નિર્ણયો 'લાઈક', 'કમેન્ટ', 'ચેટ' કે 'ફોટો'ના આધારે ન લેવા જોઈએ. એક ક્ષણનું આકર્ષણ આખી જિંદગીનો નિર્ણય બની જાય તે પહેલાં થોભવું જરૂરી છે. વ્યક્તિને ઓળખો, હકીકત જાણો, પરિવાર સાથે વાત કરો અને પછી જ નિર્ણય લો. કપરાડા-નાનાપોંઢા પંથકની યુવા પેઢી માટે આજે સૌથી મોટી જરૂર ડિજિટલ જાગૃતિ સાથે જીવનની સમજદારીની છે. કારણ કે– ફોટો જોઈને પ્રેમ થઈ શકે, ચેટથી લાગણી ઊભી થઈ શકે, પરંતુ જીવનભરનો સંબંધ માત્ર હકીકત અને વિશ્વાસથી જ ટકી શકે. આથી આજની યુવા પેઢી માટે એક જ સચોટ સંદેશ સોશિયલ મીડિયાથી સંબંધ બનાવો ત્યારે સાવચેતી રાખો, પરંતુ જીવનનો નિર્ણય માત્ર સોશિયલ મીડિયાના ભરોસે ક્યારેય ન લો.

# અવલખંડીમાં શ્રી કૃષ્ણરાજ ઠાકરસી છાત્રાલય દ્વારા ગાંધી જયંતી ઉજવાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૪ :** અવલખંડી કેળવણી ટ્રસ્ટ સંચાલિત શ્રી કૃષ્ણરાજ ઠાકરસી છાત્રાલય ખાતે તા. ૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે વિવિધ રચનાત્મક અને પ્રેરણાદાયી કાર્યક્રમોનું આયોજન કન્યા છાત્રાલય કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં વહેલી સવારે ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીજીના ઉચ્ચ આદર્શો અને નારાઓ સાથે ઉત્સાહભેર -ભાતફેરી કાઢવામાં આવી હતી. ત્યારબાદ કેમ્પસ ખાતે પૂજ્ય બાપુની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી સાંસ્કૃતિક સભાનું આયોજન કરાયું હતું. આ સાંસ્કૃતિક સભામાં વિદ્યાર્થીઓએ બાપુના જીવન-કવન પર પ્રેરણાદાયી વક્તવ્યો તેમજ તેમના પ્રિય ભજનો અને ધૂનની સુંદર પ્રસ્તુતિ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. પ્રત્યક્ષ ઉપસ્થિત અતિથિ વિશેષ ટ્રસ્ટી કાંતિભાઈ એન. ચૌધરી તથા આંગણવાડી કાર્યકર હંસાબેન કે. ચૌધરીએ બાળકોને ગાંધીજીના સત્ય, અહિંસા અને સ્વચ્છતાના મૂલ્યો જીવનમાં અપનાવવા પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમના અંતિમ ચરણમાં સ્વચ્છતા ત્યાં પ્રભુતાના સંદેશને સાર્થક કરતા અવલખંડીના પાબુરનિયા ફળિયામાં સામૂહિક સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના વિદ્યાર્થીઓ, સ્ટાફ પરિવાર અને અતિથિઓએ ઉત્સાહપૂર્વક શ્રમદાન કરી ગ્રામજનોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવી હતી. સમગ્ર કાર્યક્રમ અત્યંત પ્રેરણાદાયી અને મંગલમય વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# ધરમપુરમાં ખેડૂતો અને યુવાનોના પ્રશ્નોને લઈને કોંગ્રેસ આજે આવેદનપત્ર રજુ કરશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૪ :** તાલુકાના ખેડૂતો અને યુવાનોના વિવિધ પડતર પ્રશ્નોને લઈને કોંગ્રેસ પક્ષ દ્વારા આજરોજ ધરમપુર ખાતે આવેદનપત્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સ્થાનિક આગેવાન દેવુ મોકાશી દ્વારા ખેડૂતો, યુવાનો અને વડીલોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં ખાસ કરીને વર્ષ ૨૦૦૬ હેઠળ કરવામાં આવેલી જમીન અધિકારની પડતર દાવા અરજીઓનો નિકાલ, ખેડૂતોને જમીનના કાયદેસર હક્ક આપવા, તેમજ સેટેલાઇટ સર્વેમાં થયેલી જમીન માપણીની ભૂલો સરકાર દ્વારા પોતાના ખર્ચે સુધારવા અંગે રજૂઆત કરવામાં આવનાર છે. યુવાનોના શિક્ષણ અને ભવિષ્ય સાથે જોડાયેલા પ્રશ્નોમાં NEET સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પારદર્શિતા અને ગેરરીતિ સામે કાર્યવાહી કરવાની માંગ પણ રજૂ કરવામાં આવશે. કાર્યક્રમ તા. ૫ ઓક્ટોબર, સવારે ૧૧ વાગ્યે, બિરસા મુંડા વાવ ચોક નજીક આવેલા કોંગ્રેસ કાર્યાલય, ધરમપુર ખાતે યોજાશે. કાર્યક્રમમાં ખેડૂતો, યુવાનો અને વડીલોને ઉપસ્થિત રહેવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# પશ્ચિમ એશિયામાં સંકટ વચ્ચે મોદીની દેશવાસીઓને ૭ અપીલ



## મોદીએ દેશવાસીઓને દેશની આર્થિક આત્મનિર્ભરતા મજબૂત કરવામાં ભાગીદાર બનવાની અપીલ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૪ : પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને દેશની આર્થિક આત્મનિર્ભરતા મજબૂત કરવામાં ભાગીદાર બનવાની અપીલ કરી છે. હૈદરાબાદમાં એક કાર્યક્રમને સંબોધિત કરતી વખતે તેમણે દેશના લોકોને સાત મહત્વપૂર્ણ અપીલ કરી હતી.

વડાપ્રધાન મોદીએ વિદેશી મુદ્રા ભંડાર બચાવવા માટે પેટ્રોલ-ડીઝલ જેવા આયાતી ઈંધણનો વપરાશ ઘટાડવા જણાવ્યું.

આ માટે જાહેર પરિવહનનો ઉપયોગ અને કારપૂલિંગને પ્રોત્સાહન આપવા અપીલ કરી. પશ્ચિમ એશિયાના સંકટને કારણે કાચા તેલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ અમેરિકન ડોલરથી ઉપર પહોંચ્યા હોવાનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો.

તેમણે લોકોને એક વર્ષ માટે વિદેશ પ્રવાસ ટાળવા અને વિદેશમાં ડેસ્ટિનેશન વેડિંગ જેવા ખર્ચ પર ફરી વિચાર કરવા કહ્યું.

આ ઉપરાંત એક વર્ષ સુધી વધુ પડતી સોનાની ખરીદી ટાળવા અને શક્ય હોય ત્યાં સુધી Work From Homeની પદ્ધતિ ફરી અપનાવવાની અપીલ કરી. PM મોદીએ ખાદ્ય તેલનો વપરાશ ઘટાડવા અને ખેડૂતોને વિદેશથી આયાત થતા કેમિકલ ખાતરો પરની નિર્ભરતા ઓછી કરવા પણ જણાવ્યું.

તેમણે 'Vocal for Local' અભિયાન પર ભાર મૂક્યો અને કહ્યું કે ભારતને ૨૦૪૭ સુધી વિકસિત ભારત બનાવવાના લક્ષ્ય માટે આત્મનિર્ભરતા અને ઓર્ગેનિક ખેતી મહત્વપૂર્ણ છે.


દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Monday 05, October 2026


## સુવર્ણનો દુકાળ નહીં સિદ્ધિઓનો સુકાળ

હાલ જાપાનના આઈચી-નાગોયામાં રમાઈ રહેલી એશિયન ગેમ્સમાં ભારતે ૧૫ સુવર્ણ સાથે કુલ ૭૫ મેડલ મેળવ્યા છે અને હજી કેટલીક રમતોમાં ભારતને ગોલ્ડની આશા હોવા છતાં એકંદરે ત્રણ વર્ષ પહેલાં ચીનના હાંગઝાઉમાં આપણા ખેલાડીઓએ જીતેલા ૨૮ ગોલ્ડમાંથી વીસ હાથમાંથી સરકી ગયાનું ચિત્ર છે. શાટિંગ, તીરંદાજી, બેડમિન્ટન, અશ્વારોહણ, સ્ક્વોશ અને ટેનિસ જેવી રમતોમાંના ગોલ્ડ આ વખતે ભારતીય એથ્લીટ્સ જીતી શક્યા નથી અને હાંગઝાઉમાં ભારત વતી વ્યક્તિગત સુવર્ણ ચંદ્રક જીતેલા ખેલાડીઓ આ વખતે મેડલનો ગઢ સાચવી શક્યા નથી. ૨૦૨૩માં ૨૮ સુવર્ણ સહિત કુલ ૧૦૬ મેડલ મેળવી ભારતે ઐતિહાસિક સિદ્ધિ નોંધાવી હતી. આ વાત ચિંતાજનક ખરી, પણ જે સિદ્ધિ આ વખતે ખેલાડીઓએ મેળવી છે, તેની તરફ આંખ આડા કાન કરવા બરાબર પણ ગણાશે. આવું શા માટે થયું એના પર ચિંતન થવું આવશ્યક છે,

પણ જે સકારાત્મક પાસાં આ વખતે સામે આવ્યાં છે, તેને નજરઅંદાજ કરવા અયોગ્ય ગણાશે. બીજી ઓક્ટોબરે ભારતીય મહિલા ટીમે હોકીની ફાઈનલમાં ચીનને ૧-૦થી હરાવી સુવર્ણ અંકે કરી, ૪૪ વર્ષથી આ રમતમાં પ્રવર્તતા મેડલના દુકાળનો અંત આણ્યો છે. છેલ્લે ૧૯૮૨માં નવી દિલ્હી ખાતે યોજાયેલી એશિયન ગેમ્સમાં મહિલાઓની ટીમે ગોલ્ડ જીત્યો હતો. આ ઉપરાંત, તીરંદાજીમાં અંકિતા ભક્તા, કીર્તિ અને કુમકુમ મોહોદની ટીમે હેવી-વેઈટ દક્ષિણ કોરિયાને ૫-૩થી હરાવી મહિલાઓની રિકર્વ ટીમે પહેલીવાર સુવર્ણ મેળવ્યો. એટલું જ નહીં, મેન્સ, વુમેન્સ અને મિક્સ્ડ એમ ત્રણેય ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ જીતી ક્લિન સ્વીપ કરી હતી, તો એક જ દિવસમાં બોક્સિંગના ત્રણ સુવર્ણ ચંદ્રક જીતવાનું પરાક્રમ પણ આપણા બોક્સર્સ લવલિના બોરગોહેન, પરવીન હુડા અને અંકુશ પંઘલે કર્યું છે.

શાટિંગની ફાઈનલમાં નીરુ ધાંડા અને ક્યાનાન ચીનાઈએ એશિયન રેકોર્ડ સ્થાપિત કરવા સાથે ગોલ્ડ મેળવ્યો હતો. કિરણ પહલ, એમ. આર. પૂવામ્મા, પ્રાચી ચૌધરી અને વિદ્યા રામરાજની ટીમે ફોર બાય ફોર ૧૦૦ મીટર રીલેમાં સુવર્ણ જીતી ટ્રેક-એન્ડ-ફિલ્ડમાં ગોલ્ડ મેડલ જીતવાનો ભારતનો ટ્રેક રેકોર્ડ અકબંધ રાખ્યો છે. હજી ભારતીય પુરુષ હોકી ટીમ અને ક્રિકેટ ટીમને ગોલ્ડ જીતવાની તક છે તથા એકંદર મેડલ જુમલો ૧૦૦ની આસપાસ પહોંચવાની શક્યતા છે. આવામાં, હાથમાંથી સરી ગયેલી તક પર ચિંતન થવું જોઈએ, પણ જે રમતવીરોએ તિરંગો ફરકતો રાખ્યો છે, તેમને હતોત્સાહ ન કરવા એ જવાબદારી પણ આપણી જ છે, એ યાદ રહે.

# એશિયન ગેમ્સનું સમાપન:ભારતે ૨૧ ગોલ્ડ સહિત કુલ ૮૫ મેડલ જીત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૪ : ભારતે જાપાનના આઈચી નાગોયામાં એશિયન ગેમ્સ ૨૦૨૬નું ગોલ્ડન પંચ સાથે સમાપન કર્યુંછે. શનિવારે એશિયન ગેમ્સના અંતિમ દિવસે ભારતીય ખેલાડીઓએ તેમના પ્રભાવશાળી પ્રદર્શનથી કુલ ૯ મેડલ (૫ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૨ બ્રોન્ઝ) જીતીને બધાને આશ્ચર્યચકિત કર્યા હતા. આ સાથે આ ગેમ્સમાં ભારતનો કુલ મેડલ ટેલી ૮૫ (૨૧ ગોલ્ડ, ૨૭ સિલ્વર અને ૩૭ બ્રોન્ઝ) પર પહોંચી ગયો. ભારત હાલમાં મેડલ ટેલીમાં ચોથા સ્થાને પોતાનું અભિયાન પૂરું કરી રહ્યું છે.

જોકે, રવિવારે કેટલીક ઈવેન્ટ્સ બાકી હોવાથી ભારતની મેડલ ટેલી સ્થિતિ પાછળથી બદલાઈ શકે છે.

ભારત મેડલ ટેબલમાં ચોથા સ્થાને છે. ચીન ૧૬૯ ગોલ્ડ સહિત ૩૪૧ મેડલ સાથે પ્રથમ સ્થાને છે, જાપાન ૮૩ ગોલ્ડ અને કુલ ૨૬૯ મેડલ સાથે બીજા સ્થાને છે. દક્ષિણ કોરિયા ૩૯ ગોલ્ડ સહિત ૧૫૦ મેડલ સાથે ત્રીજા સ્થાને છે. ભારત પછી ઉઝબેકિસ્તાન ૨૧ ગોલ્ડ અને કુલ ૭૦ મેડલ સાથે પાંચમા સ્થાને છે.

કુમકુમ મોહોડ (તીરંદાજી) : ૧૭ વર્ષીય યુવા તીરંદાજ કુમકુમ મોહોડ મહિલા રિકર્વ વ્યક્તિગત ઈવેન્ટમાં રોમાંચક શૂટ-ઓફમાં દક્ષિણ કોરિયાની ઓ યેજિનને હરાવીને પરફેક્ટ ૧૦નો સ્કોર કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો.

પ્રણવી શરથ ઉર્સ (ગોલ્ફ) : પ્રણવીએ મહિલા વ્યક્તિગત સ્ટ્રોક પ્લે ઈવેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું, ૧૫ અંડર પારના સ્કોર સાથે પ્રથમ સ્થાને રહીને દેશ માટે ગોલ્ડ મેડલ જીત્યો હતો.

અમન સેહરાવત (કુસ્તી) : પુરુષોની ફ્રીસ્ટાઈલ ૫૭ કિગ્રા શ્રેણીમાં અમન સેહરાવતે ઉત્તર કોરિયાના કુસ્તીબાજને એક રોમાંચક સ્પર્ધામાં હરાવીને ભારતને કુસ્તીમાં બીજો ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.

પુરુષોની હૉકી ટીમ (હૉકી) : ભારતીય પુરુષ ટીમે એશિયન ગેમ્સમાં સતત બીજો ગોલ્ડ મેડલ જીત્યો, ફાઈનલમાં મલેશિયાને ૫-૧થી હરાવ્યું. આ સાથે ભારતે એક જ આવૃત્તિમાં પુરુષો અને મહિલા બંને ટીમો માટે ગોલ્ડ જીતવાનો ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો હતો

ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ (ક્રિકેટ) : ભારતીય ક્રિકેટ ટીમે ફાઈનલમાં કટ્ટર હરીફ પાકિસ્તાનને ૧૯ રનથી હરાવીને ગૌરવ સાથે ગોલ્ડ મેડલ જીત્યો. ભારતે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો, ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૨૧૧ રન બનાવ્યા. જવાબમાં પાકિસ્તાન ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ફક્ત ૧૯૨ રન જ બનાવી શક્યું.

મહિલા ગોલ્ફ ટીમ ઈવેન્ટ : ભારતીય મહિલા ગોલ્ફ ટીમે સિલ્વર મેડલ જીતીને ઈતિહાસ રચ્યો.

૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ કાસુગાઈ કન્ટ્રી ક્લબ ઈસ્ટ કોર્સ ખાતે રમાયેલી મહિલા ટીમ ઈવેન્ટમાં ભારતે ૧૪-અંડર ૫૪૬નો સ્કોર કર્યો અને ચીન પછી બીજા સ્થાને રહ્યું.

અંતિમ પંઘાલ (કુસ્તી) : મહિલા કુસ્તી ૫૩ કિગ્રા ફાઈનલમાં જાપાનની મો કિયોકા સામે હારવા છતાં અંતિમે દેશ માટે સિલ્વર મેડલ જીતવા માટે શાનદાર વાપસી કરી. તે આ આવૃત્તિમાં મેડલ જીતનારી એકમાત્ર ભારતીય મહિલા કુસ્તીબાજ હતી.

# ભારત મોસ્કો સાથેના સંબંધોને જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ :જયશંકર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૪ : ભારત અને રશિયા વચ્ચેના સંબંધો તથા રશિયન ક્રૂડ ઓઈલની આયાત ફરી એકવાર ચર્ચામાં આવી છે. યુક્રેન યુદ્ધ બાદ ભારતે રશિયા પાસેથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ ખરીદવાનું શરૂ કર્યું હતું. આ મુદ્દે અમેરિકા સહિત પશ્ચિમી દેશો તરફથી ભારત પર સતત દબાણ જોવા મળ્યું છે. જોકે, ભારતે પોતાના ઊર્જા હિતોને ધ્યાનમાં રાખીને રશિયા સાથેના સંબંધો જાળવી રાખવાનો સંકેત આપ્યો છે.

વિદેશ મંત્રી એસ. જયશંકરે રશિયન તેલ અંગે ભારતનું વલણ સ્પષ્ટ કરતાં કહ્યું છે કે બાહ્ય દબાણ છતાં ભારત મોસ્કો સાથેના સંબંધોને જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ છે.

વિદેશ મંત્રાલયની સલાહકાર સમિતિની બેઠક દરમિયાન ભારતની રશિયા પર ક્રૂડ ઓઈલ માટેની નિર્ભરતા, યુક્રેન યુદ્ધ અને વૈશ્વિક ઊર્જા પુરવઠા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

યુક્રેન યુદ્ધ પહેલાં ભારતની ક્રૂડ ઓઈલ આયાતમાં રશિયાનો હિસ્સો ખૂબ ઓછો હતો. એક સમયે ભારતીય ઓઈલ બાસ્કેટમાં રશિયન ક્રૂડનો હિસ્સો ૨ ટકાથી પણ ઓછો હતો. જોકે, યુદ્ધ બાદ પશ્ચિમી દેશો દ્વારા



રશિયન તેલ પર પ્રતિબંધો અને વૈશ્વિક બજારમાં બદલાયેલા સપ્લાય પેટર્ન વચ્ચે ભારતે રશિયા પાસેથી સસ્તા ક્રૂડ ઓઈલની ખરીદીમાં વધારો કર્યો.

બેઠક દરમિયાન રજૂ કરવામાં આવેલી માહિતી અનુસાર, ભારતની ક્રૂડ ઓઈલ આયાતમાં રશિયાનો હિસ્સો આશરે ૫૨ ટકા સુધી પહોંચ્યો હોવાનું જણાવાયું હતું.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે પરંપરાગત તેલ સપ્લાયરો પાસેથી પુરવઠા પર અસર પડતી હોવાના કારણે પણ રશિયા ભારત માટે મહત્વપૂર્ણ ઊર્જા ભાગીદાર બન્યું છે.

ચર્ચા દરમિયાન એ મુદ્દો પણ સામે આવ્યો કે યુક્રેન યુદ્ધ ચાલુ હોવા છતાં કેટલાક યુરોપિયન દેશો પોતાની ઊર્જા જરૂરિયાતો માટે રશિયા પાસેથી ચોક્કસ ઊર્જા ઉત્પાદનોની આયાત ચાલુ રાખી રહ્યા છે. ભારતનું કહેવું છે કે વૈશ્વિક ઊર્જા બજારની વાસ્તવિક સ્થિતિને ધ્યાનમાં રાખીને પોતાના રાષ્ટ્રીય હિત મુજબ ઊર્જા ખરીદીના નિર્ણયો લેવા જરૂરી છે.

ભારતે અનેક વખત સ્પષ્ટ કર્યું છે કે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદીનો મુખ્ય ઉદ્દેશ ભારતીય ગ્રાહકો અને અર્થતંત્ર માટે ઊર્જાની સુરક્ષા જાળવવાનો છે. વૈશ્વિક સ્તરે તેલના ભાવ અને પુરવઠામાં અસ્થિરતા વચ્ચે ભારત માટે સસ્તા અને સ્થિર ક્રૂડ ઓઈલનો પુરવઠો મહત્વપૂર્ણ બની રહે છે.

જયશંકરે બેઠક દરમિયાન યુક્રેન સંઘર્ષ અંગે પણ ભારતનું વલણ રજૂ કર્યું હતું. ભારત સતત કહી રહ્યું છે કે યુદ્ધનો ઉકેલ વાતચીત અને રાજદ્વારી દ્વારા શોધવો જોઈએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન તેમજ યુક્રેનના નેતૃત્વ સાથે પણ વાતચીત કરી ચૂક્યા છે.

ભારતનો પ્રયાસ રશિયા સાથેના સંબંધો જાળવી રાખવાની સાથે યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ માટે રાજદ્વારી પ્રયાસોને સમર્થન આપવાનો રહ્યો છે. ભારતે બંને પક્ષો વચ્ચે સંવાદ અને કૂટનીતિને આગળ વધવાનો માર્ગ ગણાવ્યો છે.




## યશ હાઈવોલ્ટેજે અમેરિકન માર્કેટમાં હાજરી વધારી

**સુરત, તા. ૦૪ :** વીજ ઉત્પાદન અને ટ્રાન્સમિશન ક્ષેત્ર માટે કન્ડેન્સર ગ્રેડેડ ટ્રાન્સફોર્મર બુશિંગ્સ બનાવતી દેશની અગ્રણી કંપની યશ હાઈવોલ્ટેજ લિમિટેડ (યશજા અથવા કંપની)ની પેટાકંપની, યશ એચવી યુએસએ ઈંક.એ ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬થી અમલી બને તે રીતે ગેટવે પાવર સેલ્સ સાથે ૩૬ મહિનાનો રિપ્રેઝન્ટેશન કરાર કર્યો હોવાની જાહેરાત કરી છે.જેમાં અમેરિકાના મધ્ય પશ્ચિમ ક્ષેત્રના વધુ ત્રણ રાજ્યોને આવરી લેવાયાં છે.

આ કરાર હેઠળ, ગેટવે પાવર સેલ્સ તેને સોંપાયેલા ક્ષેત્રોમાં યશ હાઈવોલ્ટેજની પ્રોડક્ટ્સનું પ્રમોશન, માર્કેટિંગ, જાગરુકતા અને વેચાણ વધારવામાં મદદ કરશે. આ ઉપરાંત, સ્થાનિક ગ્રાહકો સુધી પહોંચવા, પ્રોડક્ટનો પ્રચાર કરવા, પાવર યુટિલિટીઝ પાસેથી જરૂરી મંજૂરીઓ મેળવવા અને પ્રોડક્ટટેસ્ટિંગ/સર્ટિફિકેશન પ્રક્રિયા પૂરી કરવામાં પણ સહાય પૂરી પાડશે.

# ૨૦ વર્ષ જૂના ભ્રષ્ટાચાર-આપઘાત કેસમાં જ્ઞાનેશ કુમારની કેરળ સરકારે શરૂ કરી તપાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૪ : મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશકુમાર સામે એક બાજુ વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે અને હવે એક ૨૦ વર્ષ જૂનો પ્રશાસનિક અને ભ્રષ્ટાચારનો કેસ ફરીથી ખુલ્યો છે. વાત જાણે એમ છે કે કેરળના ગૃહમંત્રી રમેશ ચેન્નિથલાએ જ્ઞાનેશકુમાર સામે ભ્રષ્ટાચાર અને ગડબડીના ગંભીર આરોપો પર વિઝિલન્સ તપાસના આદેશ આપ્યા છે. એવું કહેવાય છે કે આ સમગ્ર મામલે ૨૦૦૬નો છે. તે વખતે જ્ઞાનેશકુમાર લોક નિર્માણ વિભાગ (PWD)ના સચિવ પદ પર હતા. તેમના કાર્યકાળ દરમિયાન તે વખતે તેમના પર ગેરરીતિ વર્તવાનો આરોપ લાગ્યો હતો.

વાત જાણે એમ છે કે આ સમગ્ર મામલો એક વિદેશી એન્જિનિયરના મોત સાથે જોડાયેલો છે. વર્ષ ૨૦૦૬માં મલેશિયાના એક સિવિલ એન્જિનિયર સી સી બીને કથિત રીતે આત્મહત્યા કરી હતી. આ એન્જિનિયર કેરળ સ્ટેટ ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ અંતર્ગત એમસી રોડ સંબંધિત અપગ્રેડેશનનું કામ કરતા હતા.

આ સમયગાળામાં એન્જિનિયરે અંતિમ પગલું ભર્યું હતું. સ્યૂસાઈડ નોટમાં કથિત રીતે તત્કાલિન PWD સચિવ જ્ઞાનેશકુમારનું નામ લખ્યું હતું. હવે આ મામલાની ફેર તપાસના આદેશ બહાર પડ્યા છે. અત્રે જણાવવાનું કે મલયાનકીઝુ વેણુગોપાલ તરફથી નોંધાયેલી એક નવી ફરિયાદ બાદ કેરળ સરકારે આ પગલું ભર્યું છે. ફરિયાદમાં એવો આરોપ લગાવવામાં આવ્યો કે ૨૦૦૬માં જ્ઞાનેશકુમાર જ્યારે PWD સચિવ હતા ત્યારે કેરળ સ્ટેટ ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ (KSTP) હેઠળ રોડ નિર્માણના કોન્ટ્રાક્ટ આપવામાં ભારે નાણાકીય ગેરરીતિઓ થઈ હતી. વિવાદ વધતા ૨૦૦૬ના અંત પહેલા જ્ઞાનેશકુમારને PWD સચિવ પદેથી હટાવીને ટ્રાન્સફર કરાઈ હતી. તે સમયે એક પ્રાથમિક તપાસ થઈ હતી

પરંતુ ફરિયાદકર્તાનો આરોપ છે કે જૂની તપાસને કોઈ પણ તાર્કિક તારણો પર પહોંચાડ્યા વગર દબાણમાં કેસ બંધ કરી દેવાયો હતો. મામલો ફક્ત નાણાકીય ગડબડીઓ પૂરતો જ નહીં પરંતુ એક વિદેશી નાગરિકના શંકાસ્પદ આત્મહત્યા સાથે પણ જોડાયેલો હતો.

# સરળ રસ્તો કે કઠિન રસ્તો, ઈરાન અંગે અમેરિકા નિર્ણય લેશેઃ ટ્રમ્પ



(જી.એન.એસ) તા. ૪
વોશિંગ્ટન,મધ્ય પૂર્વમાં સંઘર્ષ વધુ તીવ્ર બની રહ્યો છે ત્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, વોશિંગ્ટન ઈરાન અંગે નિર્ણય લેશે. તેમણે ચેતવણી આપી હતી કે આનું પરિણામ કાં તો "સરળ રસ્તે" અથવા "કઠિન રસ્તે" આવશે અને સાથે જ દાવો કર્યો હતો કે તેહરાન (ઈરાન) "તબાહ" થઈ ગયું છે.

ઈરાન અંગે હું નિર્ણય લઈશઃ ટ્રમ્પ "ઈરાન અંગે મારે એક નિર્ણય લેવાનો છે. ઈરાન તબાહ થઈ ગયું છે. તેથી હવે માત્ર એ જ સવાલ છે કે આ મામલો સરળ રસ્તે ઉકેલાશે કે કઠિન રસ્તે. અમે તેને સરળ રસ્તે અથવા કઠિન રસ્તે ઉકેલીશું," એમ ટ્રમ્પે વ્હાઈટ હાઉસની બહાર પત્રકારોને કહ્યું.અમેરિકી રાષ્ટ્રપતિએ ઈરાન અંગેની તેમની આગામી કાર્યવાહી વિશે વિગતો આપવાનું ટાળ્યું હતું અને માત્ર એટલું જ કહ્યું હતું કે પરિસ્થિતિ અનુકૂળ દિશામાં આગળ વધી રહી છે અને ઈરાનની હાલત "ખરાબ" છે. પત્રકારો સાથે વાત કરતી વખતે, જ્યારે ટ્રમ્પને ઈરાન અંગેની તેમની આગામી વ્યૂહરચના વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે શરૂઆતમાં સંકેત આપ્યો હતો કે તેમની યોજનાઓ જાહેર કરવાથી મોટી હેડલાઈન્સ બનશે. "જો હું તમને કહું, તો તમારી પાસે એક મોટી સ્ટોરી આવી જશે, ખરું ને? પરંતુ તમે જોશો. બધું ખૂબ સારી રીતે આગળ વધી રહ્યું છે. ઈરાનની હાલત સારી નથી," ટ્રમ્પે કહ્યું.અમેરિકી રાષ્ટ્રપતિએ તેમના વહીવટીતંત્ર દ્વારા લેવામાં આવી શકે તેવા સંભવિત પગલાં વિશે વધુ વિગતો આપી ન હતી કે પછી તેમના આગામી પગલાં માટે કોઈ સમયરેખા સૂચવી હતી.

ઈરાન સાથેનો મામલો ખૂબ જ ઝડપથી ઉકેલાઈ જશેઃ ટ્રમ્પ અગાઉ, ટ્રમ્પે કહ્યું હતું કે ઈરાન સાથેનું યુદ્ધ "ખૂબ જ ઝડપથી" સમાપ્ત થશે અને આગાહી કરી હતી કે દુશ્મનાવટ પૂરી થયા પછી તેલના ભાવમાં ભારે ઘટાડો થશે. તેમણે તેહરાનને આર્થિક અને લશ્કરી એમ બંને રીતે અત્યંત નબળું પડી ગયેલું ગણાવ્યું હતું.

# ૧૩ કરોડ વોટની ચોરી, બેલેટ પેપરથી યોજાય ચૂંટણી :રાજ-ઉદ્ધવ ઠાકરે

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૪ : મુંબઈની ગર્જના મોરચા રેલીમાં ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ ચૂંટણી પંચ અને જીંઇ (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) પર આકરા પ્રહારો કર્યા હતા. ઉદ્ધવ ઠાકરેએ દાવો કર્યો હતો કે, દેશભરમાંથી લગભગ ૧૩ કરોડ મતદારોના નામ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. તેમણે આને મતદાનના અધિકાર સાથે જોડાયેલો ગંભીર મુદ્દો ગણાવ્યો હતો. તો બીજી તરફ રાજ ઠાકરેએ કહ્યું કે, તેઓ ૨૦૧૭થી ચૂંટણી પ્રક્રિયામાં ગડબડ અંગે સવાલો ઉઠાવી રહ્યા છે. તેમણે જીંઇ ને સંપૂર્ણપણે રદ કરવાની માંગ કરી હતી. બંને નેતાઓએ બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની વાત પણ દોહરાવી હતી. ઉદ્ધવે પશ્ચિમ બંગાળમાં હટાવાયેલા મતદારો અને સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણીનો પણ ઉલ્લેખ કર્યો હતો.

મુંબઈમાં રવિવારે ઠાકરે બંધુઓની જોડીએ ચૂંટણીના મુદ્દે જોરદાર હૂંકાર ભરી હતી. શિવસેના (UBT) પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને MNS પ્રમુખ રાજ ઠાકરેના નેતૃત્વમાં નીકળેલા ગર્જના મોરચામાં હજારો લોકો ઉમટી પડ્યા હતા. આ દરમિયાન મંચ પરથી ચૂંટણી પંચ અને મતદાર યાદીના વિશેષ સઘન પુનરીક્ષણ એટલે કે જીંઇ સામે આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા. ઉદ્ધવ ઠાકરેએ પોતાના ભાષણમાં દાવો કર્યો હતો કે, દેશભરમાંથી લગભગ ૧૩ કરોડ મતદારોના નામ મતદાર યાદીમાંથી ગાયબ કરી દેવાયા છે.

તેમણે આને મત આપવાના અધિકાર સાથે જોડાયેલો મોટો સવાલ ગણાવ્યો હતો. જ્યારે રાજ ઠાકરેએ કહ્યું કે, ચૂંટણી પ્રક્રિયામાં ગડબડ અંગે તેઓ વર્ષોથી અવાજ ઉઠાવી રહ્યા છે. તેમણે SIR ને સંપૂર્ણપણે રદ કરવા અને ચૂંટણીઓ બેલેટ પેપરથી કરાવવાની માંગ કરી હતી.

ગર્જના મોરચામાં ઉદ્ધવ ઠાકરેએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર પણ પોતાના ખાસ અંદાજમાં પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, આ લડાઈ કોઈ એક પક્ષ કે નેતાની નથી, પરંતુ દેશ અને આઝાદી સાથે જોડાયેલો મુદ્દો છે. રાજ ઠાકરેએ પણ ચૂંટણી પંચની કાર્યશૈલી પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, આજે ભાજપ સત્તામાં છે,

# બીજેપીએ જાહેર કર્યા બંગાળ-ઉત્તરાખંડના રાજ્યસભા ઉમેદવાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૪ : ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ રવિવારે (૪ ઓક્ટોબર) રાજ્યસભા ચૂંટણી ૨૦૨૬ માટે બે મહત્વના ઉમેદવારોની ઘોષણા કરી. ભાજપે ઉત્તરાખંડથી દિનેશ આર્યને તક આપી છે. તો પશ્ચિમ બંગાળથી રૂક્મિણી મલિક (કોયલ મલિક) ને ટિકિટ આપી છે. મહત્વની વાત એ છે કે કોયલ પહેલા તૃણમૂલ કોંગ્રેસનો હિસ્સો હતા અને હવે તેઓ ભાજપમાં સામેલ થઈ ચૂક્યા છે.

તૃણમૂલ કોંગ્રેસ તરફથી રાજ્યસભા સાંસદ બનેલા કોયલ મલિકે થોડા સમય પહેલા જ રાજ્યસભા સીટ પરથી રાજીનામું આપ્યું હતું, હવે આ વખતે BJP એ તેમને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. કોયલ મલિકે એપ્રિલ મહિનામાં શપથ લીધા હતા અને જુલાઈ મહિનામાં ચોમાસુ સત્રની શરૂઆત પહેલા રાજીનામું આપી દીધું હતું, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ તરીકે કોયલ મલિકે એક પણ દિવસ સત્રમાં ભાગ લીધો નહોતો. ભાજપે દિનેશ આર્યને ઉત્તરાખંડથી રાજ્યસભા ઉમેદવાર બનાવ્યા છે. આગામી વિધાનસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખતા તેમને ટિકિટ મળવી મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. દિનેશ આર્ય ભાજપના નૈનીતાલ જિલ્લા અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. તેમને ઉત્તરાખંડમાં રાજયમંત્રીનો દરજ્જો પણ મળેલો છે. આ પહેલા ચર્ચા હતી કે તેઓ પાછલી વિધાનસભા ચૂંટણીમાં ટિકિટ ન મળવાથી નારાજ હતા. જોકે હવે પાર્ટીએ મોટો ઉપહાર આપ્યો છે. રાજ્યસભાની ૧૨ સીટો પર ઈલેક્શન થવાના છે. તેમાં ઉત્તર પ્રદેશની ૧૦ સીટો સામેલ છે. જ્યારે ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળની એક-એક સીટ પર વોટિંગ થશે.

# ભારતે પાકિસ્તાની રાજદૂતને સમન્સ મોકલ્યું

(જી.એન.એસ) તા. ૪
નવી દિલ્હી, ભારત સરકારે પાકિસ્તાન હાઈ કમિશનના ચાર્જ ડી'અફેર્સને સમન્સ પાઠવીને "ગેરકાયદેસર રીતે" સરહદ પાર ઘૂસણખોરીને "સતત સુવિધા" આપવા બદલ સખત વિરોધ વ્યક્ત કર્યો છે. આ ઘટના સરહદ સુરક્ષા દળ (મ્જીહ્લ) દ્વારા પંજાબમાં આંતરરાષ્ટ્રીય સરહદ (ૈંમ્) પર બે શંકાસ્પદ પાકિસ્તાની ઘૂસણખોરોને તટસ્થ કરવાના પ્રતિભાવમાં આવી છે.૨ ઓક્ટોબરની ઘટના અંગે પાકિસ્તાનના "પાયાવિહોણા અને પ્રેરિત" આરોપોને નકારી કાઢતા, ભારતે પાકિસ્તાનને સરહદ પારથી ઘૂસણખોરી અને ડ્રગ્સની દાણચોરીની પ્રવૃત્તિઓની તપાસ કરવા અને યોગ્ય પગલાં લેવા વિનંતી કરી. તેણે પાકિસ્તાનના બોર્ડર ગાર્ડિંગ ફોર્સને તેમની "સંડોવણી" માટે પણ બોલાવ્યા.એક અખબારી યાદીમાં, વિદેશ મંત્રાલય (સ્ઈછ) એ જણાવ્યું હતું કે ત્રણ પાકિસ્તાની વ્યક્તિઓએ તરનતારન જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ પર ભારતીય ક્ષેત્રમાં ઘૂસણખોરી કરી હતી અને મ્જીહ્લ દ્વારા અનેક ચેતવણીઓ છતાં વાડ પાર કરવાનું ચાલુ રાખ્યું હતું, જેના કારણે કર્મચારીઓને "તટવર્તી સુરક્ષા ખતરો ઉભો કરવા બદલ તેમની સાથે વ્યવહાર કરવાની ફરજ પડી હતી"."આ ઘટના પાકિસ્તાનથી કાર્યરત સશસ્ત્ર નાર્કોટિક્સ સિન્ડિકેટ દ્વારા વારંવાર સરહદ પાર હિલચાલના સ્પષ્ટ દાખલાને પ્રકાશિત કરે છે," સ્ઈછ એ જણાવ્યું હતું.

# અન્ય સમાચારો

## છીરી વિસ્તારના ચાલી માલિકો સાથે ડુંગરા પોલીસે જાગૃતિ બેઠક



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૦૪ :** સુરક્ષિત સમાજ, સુખી સમાજના સૂત્ર સાથે ડુંગરા પોલીસ સ્ટેશન દ્વારા છીરી વિસ્તારમાં આવેલી ચાલીઓના માલિકો સાથે જાગૃતિ બેઠક યોજવામાં આવી હતી. ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી અભિયાન અંતર્ગત ચાલી વિસ્તારમાં સ્વચ્છતા, સલામતી, બાળ સુરક્ષા, શિક્ષણ તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે અંગે માર્ગદર્શન અપાયું હતું.

બેઠકમાં છ મુદ્દાઓ પર ભાર મૂકાયો હતો. ચાલી અને આસપાસમાં સ્વચ્છતા જાળવવાની જવાબદારી માલિકની રહેશે. ભાડુઆતોના બાળકો બાળમજૂરીમાં ન જોડાય તેની તકેદારી રાખવા અને ધ્યાને આવે તો તંત્રને જાણ કરવા સૂચના અપાઈ. મજૂર પરિવારના બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટે શાળાએ મોકલવા સહકાર આપવા જણાવાયું. આગ જેવી દુર્ઘટના ન બને તે માટે ફાયર સેફ્ટીના સાધનો રાખવા, તમામ ભાડુઆતોના ભાડા કરાર, આધારકાર્ડ સહિતની વિગતો ડુંગરા પોલીસ સ્ટેશને જમા કરાવી પોલીસ ચકાસણી કરાવવી, તેમજ ચાલીના પ્રવેશદ્વાર પર સીસીટીવી કેમેરા લગાવી ૩ માસ સુધીનું રેકોર્ડિંગ સાચવવા સૂચના અપાઈ હતી. પોલીસનો સહકાર તમારી જવાબદારી, સુરક્ષિત ચાલી, સુરક્ષિત સમાજના સંદેશ સાથે સુરક્ષા સૌની જવાબદારી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

## વાપી જીઆઈડીસીની કંપનીઓ દ્વારા સાફ સફાઈ અભિયાન જારી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૦૪ :** વલસાડ જિલ્લા કલેકટર નિતિન સાંગવાનના માર્ગદર્શનમાં સેવા મેરા યોગદાન અંતર્ગત સ્વચ્છતા અભિયાન ચલાવામાં આવી રહ્યુ છે.જે અંતગર્ત વાપી જીપીસીબી દ્વારા સેવા મેરા યોગદાન અંતગર્ત સ્વચ્છતા અભિયાનમાં કંપનીઓ જોડાય રહી છે. ગુરુવારે વાપી જીપીસીબીની ટીમ દ્વારા જીઆઈડીસી થર્ડ ફેસની વિસ્તારની ૩૧ જેટલી કેમિકલ અને પેપર મીલ કંપનીઓ દ્વારા વાપી જીઆઈડીસી ચાર રસ્તા થી ચણોદ કોલોની સુધીનો વાપી સેલવાસ રોડની પર સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યુ હતું. જેમા વિવિધ કેમિકલ અને પેપર મીલ કંપનીના કર્મચારીઓ અને કામદારો આ સફાઈ અભિયાનમાં જોડાયા હતાં. વાપીના ઉદ્યોગો સ્વચ્છતા અભિયાનમાં સ્વૈચ્છિક ભાગ લીધો હતો.વાપી જીપીસીબીના રિઝયન ઓફિસરએ.જી.પટેલે જણાવ્યું હતું કે વાપી જીઆઈડીસી ચાર રસ્તા થી ચણોદ કોલોની સુધીનો વાપી સેલવાસ રોડ પર સફાઈનું અભિયાન ચલાવામાં આવ્યું હતું. જેમાં થર્ડ ફેસ વિસ્તારની ૩૧ જેટલી કંપનીઓએ સ્વૈચ્છિક ભાગ લીધો હતો. હાલ ઉદ્યોગો નજીકના વિસ્તારોમાં સફાઈ અભિયાન ચાલી રહ્યું છે. વાપી, પારડી,ઉમરગામ સહિતની કંપનીઓ સફાઈ અભિયાનમાં જોડાય રહી છે. ગ્રામ્ય વિસ્તારમાં આવેલી કંપનીઓ પણ પોતાના નજીકના વિસ્તારમાં સફાઈની કામગીરી કરી રહી છે.

## વલસાડની કોમર્સ કોલેજમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિની ઉજવણી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૦૪ :** NSS વિભાગ અને મેરા યુવા ભારત, વલસાડ તથા યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય, ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે તા. ૨૫/૦૯/૨૦૨૬ ના રોજ પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના જીવન, રાષ્ટ્રસેવા, સામાજિક સમરસતા, રાષ્ટ્રીય એકતા તથા તેમના એકાત્મ માનવવાદના વિચારો અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમના જીવન અને વિચારો આજના યુવાનો માટે કેવી રીતે પ્રેરણારૂપ બની શકે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રુતિ શર્મા દ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના જીવન, કાર્ય અને વિચારો વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. તેમણે યુવાનોને રાષ્ટ્રનિર્માણમાં સક્રિય ભાગીદારી, સામાજિક જવાબદારી, સેવા, સ્વચ્છતા તથા રાષ્ટ્રીય એકતાના મૂલ્યો અપનાવવા પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમમાં મેરા યુવા ભારત (MY Bharat)ની પ્રવૃત્તિઓ તથા યુવાનો માટે ઉપલબ્ધ વિવિધ તકો અંગે પણ માહિતી આપવામાં આવી હતી. યુવાનોમાં નેતૃત્વ ક્ષમતા, સામાજિક જાગૃતિ, સ્વયંસેવક ભાવના અને રાષ્ટ્રપ્રેમ વિકસે તે માટે MY Bharat દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે સમજ આપવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમની પ્રેરણા કોલેજના ઈન્ચાર્જ આચાર્ય વિજયકુમાર આર. ચાંપાનેરી દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

## દમણ પોલીસે વાપીથી ૧૨.૬૦૭ કિલો ગાંજો સાથે બેની ધરપકડ કરી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**દમણ, તા. ૦૪ :** ચાલી રહેલા ડ્રગ વિરોધી અભિયાનના ભાગ રૂપે, દમણ પોલીસના કોસ્ટલ પોલીસ સ્ટેશન, મોતી દમણે એક મોટી કાર્યવાહી હાથ ધરીને આંતરરાજ્ય ગાંજાના દાણચોરી નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ કામગીરી દરમિયાન, પોલીસે કુલ ૧૨.૬૦૭ કિલો ગાંજો જપ્ત કર્યો છે અને બે આરોપીઓની ધરપકડ કરી છે.

NDPS એક્ટ હેઠળ કાર્યવાહી ઉપરાંત, કલમ ૨૯ (ગુનાહિત કાવતરું) પણ લાગુ કરવામાં આવી છે.પોલીસના જણાવ્યા અનુસાર, ૧ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ, પેટ્રોલિંગ ડ્યુટી દરમિયાન મળેલી વિશ્વસનીય માહિતીના આધારે, મોતી દમણના પટેલારા નજીક એક વાહન (DD-03-Q-6502) ને રોકીને તલાશી લેવામાં આવી હતી. વાહનના થડમાંથી ૨.૫૯૭ કિલો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે આ કેસના સંદર્ભમાં અંકિત રાજકુમાર ગુપ્તાની ધરપકડ કરી હતી.

પૂછપરછ દરમિયાન, પોલીસને ગાંજો સપ્લાય કરનાર મુખ્ય આરોપી વિશે મહત્વપૂર્ણ માહિતી મળી. આ માહિતીના આધારે, તપાસ ટીમે કાર્યવાહી કરી અને ૨ ઓક્ટોબરના રોજ સૌરભ રાય સિંહની ધરપકડ કરી.

પોલીસના જણાવ્યા અનુસાર, બીજા આરોપી પાસેથી મળેલી માહિતીના આધારે, ગુજરાતના વાપીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. એક ગુપ્ત સ્થળે છુપાયેલો ૧૦,૦૧૦ કિલો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. બંને કામગીરીમાં જપ્ત કરાયેલ ગાંજોનો કુલ જથ્થો ૧૨,૬૦૭ કિલો સુધી પહોંચ્યો હતો.

પોલીસ હવે આ કેસમાં ગાંજાની દાણચોરી પાછળના નેટવર્કની તપાસ કરી રહી છે. પોલીસનું કહેવું છે કે નેટવર્કમાં સામેલ અન્ય વ્યક્તિઓની ભૂમિકા પણ તપાસ હેઠળ છે.

## બલીઠા આર.યુ.બી. ખાતે પેવર બ્લોક કામનું નિરીક્ષણ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૦૪ :** વાપીના બલીઠા વિસ્તારમાં આવેલ આર.યુ.બી. ખાતે ચાલી રહેલી પેવર બ્લોકની કામગીરીનું વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ સતીશભાઈ પટેલ દ્વારા સ્થળ પર જઈ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.નિરીક્ષણ દરમિયાન તેમણે ચાલી રહેલી કામગીરીની ગુણવત્તા તેમજ પ્રગતિની સમીક્ષા કરી હતી. કામગીરીમાં જરૂરી ગુણવત્તા જળવાઈ રહે અને સમયસર તથા સુચારૂ રીતે પૂર્ણ થાય તે માટે સંબંધિત અધિકારીઓ અને કામગીરી સાથે સંકળાયેલા કોન્ટ્રાક્ટર તેમ

જ કર્મચારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.આ ઉપરાંત પેવર બ્લોકની કામગીરી વધુ ગુણવત્તાસભર અને અહીં થી પસાર થતા વાહન ચાલકો તેમજ નાગરિકોને સુવિધાજનક બને તે માટે જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું.

## પારડી પોલીસે દારૂ સહિત રૂ.૧૯,૮૬,૨૮૪નો મુદ્દામાલ કબજે કર્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**પારડી, તા. ૦૪ :** પારડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં પોલીસ દ્વારા રૂ.૧૯.૮૬ લાખથી વધુનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બીયરના ટીન સહિત કુલ રૂ.૧૯,૮૬,૨૮૪નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ, કલસર ગામના ચોકી ફળિયા વિસ્તારમાં જાહેર રોડ ઉપર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ગેરકાયદેસર રીતે અન્ય રાજ્યમાંથી લાવવામાં આવેલ દારૂના જથ્થાનું કટીંગ કરવામાં આવી રહ્યું હોવાનું બહાર આવ્યું હતું પોલીસે સ્થળ પરથી દારૂની નાની-મોટી બોટલો તથા બીયરના ટીન મળી કુલ ૨,૦૫૧ નંગ, કિંમત રૂ.૫,૯૦,૭૮૪, બે મોબાઈલ ફોન રૂ.૫,૫૦૦ તેમજ ૧૦ વાહનો કિંમત રૂ.૧૩,૯૦,૦૦૦ મળી કુલ રૂ.૧૯,૮૬,૨૮૪નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**
(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૨૪૭/૨૦૨૬
**અરજદાર :** અશોકભાઈ રામુભાઈ સોરઠી, ઉ.આ.વ. ૫૩, ધંધો, નોકરી
રહે. કલગામ, સોરઠવાડ
તા.ઉમરગામ, જી.વલસાડ, (વ.શ્રી. ભૂમિ આર. ટંડેલ)
વિરુધ્ધ
**સામાવાળા :** તલાટી કમ મંત્રી શ્રી, કલગામ
ગ્રામ પંચાયત કચેરી, કલગામ
તા.ઉમરગામ, જી.વલસાડ
**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**
આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અશોકભાઈ રામુભાઈ સોરઠી** રહે. કલગામ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્ર નામે **અક્ષયકુમાર અશોકભાઈ સોરઠીનો** જન્મ તા.૦૧-૦૬-૧૯૯૬ના રોજ મોજે - કલગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.
આજ રોજ તા.૩૧/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
**નં.એમએજી/જન્મ-મરણ/૨.જી.નં.૨૪૭/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**
કોર્ટનો સિક્કો
સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

**-:: વેચાણ અંગેની જાહેર નોટીશ ::-**
આથી આ જાહેર નોટીશ રૂએ લાગતા વળગતા તમામને જણાવવામાં આવે છે કે, નીચેના ''શિડ્યુલ''માં જણાવેલ મીલ્કત સરકારી રેકર્ડ દફતરે રોહન નલીન ઓઝા, રહે. ૧૩૯, ખાતે ફળિયા, પાલી, તા. ઉમરગામ, જી.વલસાડ, સ્ટેટ : ગુજરાતના નામ ઉપર માલીકી હક્કે ચાલી આવેલ છે. અને સદર મીલ્કત ક્લીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી તેઓએ હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે.
જેથી નીચેના ''શિડ્યુલ''માં જણાવેલ મીલ્કત અંગે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, દર દાવો, હક્ક, હીસ્સો કે અન્ય પ્રકારના પ્રત્યક્ષ કે પરોક્ષ હક્ક દાવાઓ હોય, તેવા ઈસમોએ અઆ નોટીસ પ્રસીધ્ધ થયે દિન-૭ (સાત)માં હમારો યોગ્ય પુરાવાઓ સાથે સપંર્ક કરવો અને એ ઉપયુક્ત સમય મર્યાદા દરમ્યાન કાંઈ વાંધાઓ મળી આવશે નહી તો તેવે વખતે હમારૂ માનવું રહેશે કે જે તે ઈસમોએ તેમના હક્ક દાવાઓ હમારા અસીલની તરફેણમાં સરન્ડર યાને ત્યજી દીધેલા છે. અને ત્યાર બાદ હમારા અસીલ સદર મીલ્કતનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સદર મીલ્કતના માલીક પાસેથી કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જેની આ નોટીશ રૂએ લાગતાં વળગતાઓએ નોંધ લેવી.
**-:: શિડ્યુલ :-**
વલસાડ ડીસ્ટ્રીક્ટના રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીક્ટ ઉમરગામ તાલુકાનાં મોજે ''પાલી'' ગામે આવેલ ખેતીના.....

| ખાતા નંબર | જુનો સર્વે નંબર | પ્રમોલગેશન પહેલાનું ક્ષેત્રફળ ચો.મી.માં | રી. સર્વે નંબર | પ્રમોલગેશન બાદનું ક્ષેત્રફળ ચો.મી.માં |
|---|---|---|---|---|
| ૫૩૩ | ૯૦/૬ | ૨૬૫૫.૦૦ | ૬૪૫ | ૨૬૫૫.૦૦ |
| | ૯૦/૨ | ૨૮૩૧.૦૦ | ૬૬૬ | ૨૮૩૨.૦૦ |
| | ૯૦/૭ | ૨૨૭૬.૦૦ | ૬૬૭ | ૨૨૭૬.૦૦ |
| | ૧૦૭/૨/પૈકી૫ | ૨૧૨૫.૦૦ | ૬૬૯ | ૨૦૯૦.૦૦ |
| | ૯૦/૧ | ૪૭૮૦.૦૦ | ૬૭૧ | ૪૭૮૦.૦૦ |
| | ૧૦૭/૫ | ૭૮૯૨.૦૦ | ૬૭૬ | ૭૭૬૦.૦૦ |
| | ૧૦૭/૧/પૈકી૧ | ૭૮૪૮.૦૦ | ૬૭૭ | ૭૭૧૭.૦૦ |
| | ૧૦૭/૪ | ૨૮૩૩.૦૦ | ૬૯૧ | ૧૬૭૭.૦૦ |
| | ૧૦૭/૩ | ૧૧૧૩.૦૦ | ૭૨૨ | ૧૦૯૪.૦૦ |
| ૩૫૩ | ૯૦/૩/પૈકી૨ | ૨૦૨૩.૦૦ | ૬૬૮ | ૨૦૨૩.૦૦ |
| ૫૩૦ | ૧૧૩/પૈકી૧/પૈકી૨ | ૫૩૯૦.૦૦ | ૭૪૪ | ૫૩૯૦.૦૦ |

ના ક્ષેત્રફળવાળી જમીન મીલકત તથા તેમાં જાવ-આવ કરવાના રસ્તાના વપરાશના હક્કો સહિત તથા તેને લગતા, લાગતા, વળગતા તમામ પ્રકારના હક્કો સહીત વાળી મીલકત.
**મુકેશ એમ. ઠુમર (એડવોકેટ) મો.નં. ૯૮૨૫૧૪૫૦૮૫**
ઓફીસ નં.૧૦૮, પહેલા માળે, નક્ષત્ર પ્લાઝા, સબ-વેની ઉપર, ને.હા.નં.૮, વાપી - ૩૯૬ ૧૯૧

**No.MAM/SIL/RTS/RBD-DNH/172/Birth/2026/3097 Dated:12/06/2026**
**APPLICANT- Shankarbhai Jethiyabhai Pagi, Presently residing at- Chowkipada, Luhari, Naroli, DNH.**
**Mo. 9054097848**
**V/S**
**OPPONENTS- The Registrar of Births & Deaths, Luhari.**
**NOTICE**
The public to take note that the above, named applicant Shankarbhai Jethiyabhai Pagi's daughter, namely Jagrutiben Shankarbhai Pagi, who was born on 22/04/2010 at Luhari, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Luhari. Hence, the applicant has moved on application to pass an order to register birth of Jagrutiben Shankarbhai Pagi. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.
**Sd/-**
**RTS-I**

**-:: વેચાણ અંગેની જાહેર નોટીશ ::-**
આથી આ જાહેર નોટીશ રૂએ લાગતા વળગતા તમામને જણાવવામાં આવે છે કે, નીચેના ''શિડ્યુલ''માં જણાવેલ મીલ્કત સરકારી રેકર્ડ દફતરે સ્મિતકુમાર દિલીપભાઈ પટેલ, ઠેકાણું : ૪૨૭, રામપો ફળિયા, કુંભારિયા, તા. પારડી, જી.વલસાડ, સ્ટેટ : ગુજરાતના નામ ઉપર માલીકી હક્કે ચાલી આવેલ છે. અને સદર મીલ્કત કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી તેઓએ હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે.
જેથી નીચેના ''શિડ્યુલ''માં જણાવેલ મીલ્કત અંગે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, દર દાવો, હક્ક, હીસ્સો કે અન્ય પ્રકારના પ્રત્યક્ષ કે પરોક્ષ હક્ક દાવાઓ હોય, તેવા ઈસમોએ આ નોટીસ પ્રસીધ્ધ થયે દિન-૭ (સાત)માં હમારો યોગ્ય પુરાવાઓ સાથે સંપર્ક કરવો અને એ ઉપયુક્ત સમય મર્યાદા દરમ્યાન કાંઈ વાંધાઓ મળી આવશે નહી તો તેવે વખતે હમારૂ માનવું રહેશે કે જે તે ઈસમોએ તેમના હક્ક દાવાઓ હમારા અસીલની તરફેણમાં સરન્ડર યાને ત્યજી દીધેલા છે. અને ત્યારબાદ હમારા અસીલ સદર મીલ્કતનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સદર મીલ્કતના માલીક પાસેથી કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જેની આ નોટીશ રૂએ લાગતાં વળગતાઓએ નોંધ લેવી.
**-:: શિડ્યુલ :-**
વલસાડ ડીસ્ટ્રીક્ટના રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીક્ટ ઉમરગામ તાલુકાનાં મોજે ''પાલી'' ગામે આવેલ ખેતીના.....

| ખાતા નંબર | જુનો સર્વે નંબર | પ્રમોલગેશન પહેલાનું ક્ષેત્રફળ ચો.મી.માં | રી. સર્વે નંબર | પ્રમોલગેશન બાદનું ક્ષેત્રફળ ચો.મી.માં |
|---|---|---|---|---|
| ૫૧૬ | ૯૨/૩ | ૩૪૩૯.૦૦ | ૬૧૦ | ૩૪૩૯.૦૦ |
| | ૧૦૧/૫/પૈકી | ૧૦૭૦૦.૦૦ | ૭૨૫ | ૧૦૭૦૦.૦૦ |
| | ૧૪૭ | ૨૪૨૮.૦૦ | ૭૪૬ | ૨૪૨૮.૦૦ |
| ૫૨૦ | ૯૨/૫ | ૮૧૯૫.૦૦ | ૬૧૪ | ૮૧૯૫.૦૦ |
| | ૯૨/૪ | ૧૨૩૪૩.૦૦ | ૬૪૨ | ૧૨૩૪૨.૦૦ |
| | ૯૦/૪ | ૬૦૬.૦૦ | ૬૬૪ | ૬૦૬.૦૦ |

ના ક્ષેત્રફળવાળી જમીન મીલકત તથા તેમાં જાવ-આવ કરવાના રસ્તાના વપરાશના હક્કો સહિત તથા તેને લગતા, લાગતા, વળગતા તમામ પ્રકારના હક્કો સહીત વાળી મીલકત.
**મુકેશ એમ. ઠુમર (એડવોકેટ) મો.નં. ૯૮૨૫૧૪૫૦૮૫**
ઓફીસ નં.૧૦૮, પહેલા માળે, નક્ષત્ર પ્લાઝા, સબ-વેની ઉપર, ને.હા.નં.૮, વાપી - ૩૯૬ ૧૯૧

**No.MAM/SIL/RTS/RBD-DNH/122/Birth/2026/4509 Dated:22/08/2026**
**APPLICANT- Bhadya Savji Dhadga,**
**Presently residing at- Khanchpada, Naroli, DNH.**
**Mo. 9723239506**
**V/S**
**OPPONENTS- The Registrar of Births & Deaths, Luhari.**
**NOTICE**
The public to take note that the above, named applicant Bhadya Savji Dhadga's daughter, Rani Bhadya Dhadga, who was born on 26/02/2015 at Khanchpada, Luhari, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Luhari. Hence, the applicant has moved on application to pass an order to register birth of Rani Bhadya Dhadga. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.
**Sd/-**
**RTS-I**

**જાહેર સૂચના**
મેસર્સ જીવરાજકા ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝ, સર્વે નં.૧૭૨/૧/૨, ૧૭૨/૪, ૧૭૩/૧, મોરી ફળિયા, કનાડી ફાટક, ગામ નરોલી, સિલવાસા - ૩૯૬૨૩૦, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશ ખાતે મેનમેડ ફાઈબર્સ (Manmade Fibers)ના પ્રસ્તાવિત ઉત્પાદન વિસ્તરણ પ્રોજેક્ટ માટે પર્યાવરણીય મંજૂરી મળી છે.
આ જાહેર જનતાને જણાવવા માટે છે કે કેન્દ્રીય પ્રદેશ સ્તરીય પર્યાવરણ અસર મૂલ્યાંકન પ્રાધિકરણ (UTEIAA), દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ દ્વારા મેસર્સ જીવરાજકા ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝ, સર્વે નં.૧૭૨/૧/૨, ૧૭૨/૪, ૧૭૩/૧, મોરી ફળિયા, કનાડી ફાટક, ગામ નરોલી, સિલવાસા - ૩૯૬૨૩૦, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશ ખાતે મેનમેડ ફાઈબર્સ (Manmade Fibers)ના પ્રસ્તાવિત ઉત્પાદન વિસ્તરણ પ્રોજેક્ટ માટે પર્યાવરણીય મંજૂરી આપવામાં આવી છે. પ્રસ્તાવિત વિસ્તરણ હેઠળ પોલિમર ગ્રેન્યુલ્સ/ચિપ્સને કાચા માલ તરીકે ઉપયોગ કરીને સિન્થેટિક ફાઈબર્સ, જેમાં ફુલ્લી ડ્રોન યાર્ન (FDY), પોલિએસ્ટર મધર યાર્ન (PMY) અને ઈન્ડસ્ટ્રીયલ યાર્ન (IDY)નો સમાવેશ થાય છે, તેનું ઉત્પાદન ૭૧,૦૦૦ મેટ્રિક ટન પ્રતિ વર્ષથી વધારીને ૧,૦૧,૦૦૦ મેટ્રિક ટન પ્રતિ વર્ષ કરવામાં આવશે.
આ પર્યાવરણીય મંજૂરી પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળની EIA Notification, 2006 તા.૧૪ સપ્ટેમ્બર,૨૦૦૬ તથા તેમાં સમયાંતરે કરવામાં આવેલા સુધારાઓ અનુસાર, પર્યાવરણીય મંજૂરી પત્ર ક્રમાંક UTEIAA/DNH-DD/2025/1/66, તારીખ ૧ ઓક્ટોબર, ૨૦૨૬ દ્વારા આપવામાં આવી છે.
ઉલ્લેખિત પર્યાવરણીય મંજૂરી પત્રની નકલ પોલ્યુશન કંટ્રોલ કમિટી (PCC), દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ ખાતે ઉપલબ્ધ છે. તેમજ તેની નકલ PCC, DD&DNHની વેબસાઈટ અને પરિવેશ પોર્ટલ પર પણ જોઈ શકાય છે.
**For જીવરાજકા ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝ**
**Sd/-**
















**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Monday 05, October 2026

# દમણગંગા ટાઇમ્સ


## પારડીથી દારૂ ભરેલી કાર સાથે ત્રણ ઝડપાયા

**વાપી, તા.૦૪ :** સેલવાસથી થાર કારમાં ચોરી છુપીથી સુરત તરફ લઈ જવાતાં રૂ. ૨,૫૬,૦૮૦ના વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણ ઈસમોને વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે.

પોલીસે રૂા.૭ લાખની કાર, રૂા. ૨.૫૬ લાખનો દારૂ અને રૂા. ૧૦ હજારના ૨ મોબાઈલ મળી કુલ રૂા. ૯,૬૬,૦૮૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. ચાલક યોગેશ તિવારી સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી પારડી પોલીસને સોંપાયા છે. જ્યારે જથ્થો મંગાવનાર સાહીલ અને ભરાવનાર ગાયકવાડ વોન્ટેડ જાહેર કરાયા છે.

# દમણમાં સેવા સેતુ કેમ્પમાં ૧ હજારથી વધુ લોકોએ લાભ લીધો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ, તા.૦૪ :** દમણમાં જિલ્લા પ્રશાસન દ્વારા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત સેવા સેતુ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કોળી પટેલ હોલ ખાતે યોજાયેલા આ કેમ્પનો શુભારંભ ડેપ્યુટી કલેક્ટર આરતી અગ્રવાલ, જિલ્લા પંચાયત પ્રમુખ ધરમ પટેલ અને દમણ નગરપાલિકા પ્રમુખ દીપિકા ટંડેલના હસ્તે કરવામાં આવ્યો હતો.

કેમ્પમાં એક જ સ્થળે લોકોને વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ મળી રહે તે માટે કુલ ૩૬ કાઉન્ટર ઉભા કરવામાં આવ્યા હતાં. જેમાં ૧૪ કાઉન્ટર હેલ્પ અને સ્કેનિંગ માટે રાખવામાં આવ્યા હતાં. સમાજ કલ્યાણ, મામલતદાર કચેરી, શિક્ષણ, બેન્કિંગ સહિત વિવિધ વિભાગો દ્વારા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતાં. જ્યાં નાગરિકોએ વિવિધ સેવાઓ, યોજનાઓ અને સરકારી પ્રક્રિયાઓ અંગે માહિતી મેળવી લાભ લીધો હતો.

સેવા સેતુ કેમ્પ દરમિયાન વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા લોકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ અરજીઓ અને જરૂરી દસ્તાવેજોની પ્રક્રિયામાં સહાય કરવામાં આવી હતી. એક જ સ્થળે અનેક સેવાઓ ઉપલબ્ધ થતાં નાગરિકોને સરકારી કચેરીઓના ધક્કા ખાવાથી પણ રાહત મળી હતી. કાર્યક્રમમાં ભાજપ પ્રદેશ પ્રમુખ મહેશ અગરિયા સહિત જિલ્લા પંચાયત અને નગરપાલિકાના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતાં. સમગ્ર કેમ્પ દરમિયાન ૧૦૦૦થી વધુ નાગરિકોએ વિવિધ સેવાઓનો લાભ લીધો હતો.

# સુથારપાડામાં રહસ્યમય રીતે કિશોરીનાં મોતથી ચકચાર

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૦૪ :** કપરાડા તાલુકાના સુથારપાડા ગામના મંદિર ફળિયામાં રહેતી ૧૬ વર્ષીય કિશોરીનું તા.૧ ઓક્ટોબરની રાત્રે રહસ્યમય સંજોગોમાં મોત થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી હતી. બનાવ અંગે તા.૨ ઓક્ટોબરના રોજ કપરાડા પોલીસને જાણ કરવામાં આવી હતી.

પોલીસમાં જાહેર કરાયેલી હકીકત મુજબ, મરણ પામનાર દુર્ગાબેન સુભાષભાઈ ગુંબાડે ધોરણ ૧૦ સુધી અભ્યાસ કર્યા બાદ ઘરે રહી ઘરકામ કરતી હતી. તેના માતા-પિતા છેલ્લા દોઢેક મહિનાથી મહારાષ્ટ્ર ખાતે મજૂરી કામ માટે ગયેલા હોવાથી દુર્ગાબેન સહિત તેમના ત્રણ સંતાનોની સારસંભાળ પરિવારના અન્ય સભ્યો રાખતા હતાં.

તા.૧ ઓક્ટોબરની રાત્રે પરિવારજનો ભોજન બાદ સુઈ ગયા હતાં. દરમિયાન પરિવારના વડીલ રેશમીબેન સુભાષભાઈના ઘરે પાણી લેવા ગયા હતાં. દરવાજો ન ખુલતાં તેમણે અંદર તપાસ કરતાં દુર્ગાબેન નજરે ન આવતા ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ દુર્ગાબેન ગંભીર હાલતમાં મળી આવતા પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. પરિવારજનોએ તાત્કાલિક તેને નીચે ઉતારી સારવાર માટે ૧૦૮ મારફતે સુથારપાડા ખાતેના સરકારી દવાખાને ખસેડી હતી. જોકે ફરજ પરના તબીબે તપાસ બાદ દુર્ગાબેનને મૃત જાહેર કરી હતી. બનાવ અંગે કપરાડા પોલીસને જાણ થતાં પોલીસે જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વલસાડ હાઈવે પર અકસ્માતમાં સુરતના આધેડનું મોત : બે ગંભીર



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૪ :** સુરતના બેગમપુરા વિસ્તારમાં રહેતા ઝોયેબ ગુલામહુસેન (ઉં.વ. ૫૫) તેમના પરિવાર સાથે દીકરી ખતીજાને પુના મહારાષ્ટ્ર મૂકવા ગયા હતાં. ત્યાંથી પરત સુરત જતી વખતે વલસાડના પારનેરા પારડી પાસે વિમ્સ હોસ્પિટલની સામેથી પસાર થઈ રહ્યા હતાં. તે દરમિયાન અર્ટિગા કાર નંબર GJ-05-RX-6065ના ચાલક કાલુશાહ નુરશાહ શાહ રહે. કાલીપુલ, આંબાવાડી, સંગ્રામપુરા, સુરતએ વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી કાર પરથી કાબૂ ગુમાવી દેતાં કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી.

આ અકસ્માતમાં ડ્રાઈવરની બાજુમાં બેઠેલા ઝોયેબભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં તેમનું સ્થળ પર જ કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેઠેલા તેમના પત્ની તસ્લીમબેન (ઉં.વ. ૫૩)ને ડાબા હાથના ખભાના ભાગે તથા દીકરી નફીસા (ઉં.વ. ૨૬)ને કમરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર માટે વલસાડની હોસ્પિટલ ખાતે ખસેડાયા બાદ વધુ સારવાર અર્થે સુરતની કિરણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મૃતક ઝોયેબભાઈના મોટાભાઈ કાઈડજોહર ગુલામહુસેન કાંચવાલા રહે. જીવાની કોમ્પ્લેક્ષ, સુરતએ આ મામલે વલસાડ રૂરલ પોલીસ મથકે અર્ટિગા કારના ચાલક કાલુશાહ શાહ વિરુદ્ધ વલસાડ રૂરલ પોલીસમા ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ગણદેવી તા. પં.નાં અપક્ષ સભ્ય પર ચાર ઈસમનો હુમલો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૦૪ :** ગણદેવી તાલુકા પંચાયતના એકમાત્ર અપક્ષ સભ્ય પર ચાર ઈસમોએ હુમલો કર્યાની ઘટના સામે આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગણદેવી તાલુકા પંચાયતના એકમાત્ર અપક્ષ સભ્ય સેજલભાઈ પટેલ તરીકે તેઓ વિવિધ સ્થાનિક પ્રશ્નો અંગે સક્રિય રીતે રજૂઆતો કરતા હતાં અને સોશ્યલ મીડિયામાં ચમકતા હતાં. દરમિયાન ઉંડાચ ગામની ગૌચર જમીન ઉપર કથિત રીતે ગેરકાયદેસર રેતીનો જથ્થો રાખવામાં આવ્યો હોવાની રજૂઆત ગ્રામ પંચાયતમાં કરી, કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. આ મુદ્દાની અદાવતમાં હુમલો થયો હોવાની આશંકા સેજલભાઈ પટેલ દ્વારા વ્યક્ત કરી છે.

સેજલભાઈ પટેલના જણાવ્યા મુજબ, તેઓ આંતલીયા ચાર રસ્તા ઉપર હતા ત્યારે ચાર શખ્સોએ તેમને ઘેરી લીધો હતો. આ દરમિયાન જાનથી મારી નાખવાની ધમકી આપી લાત-મુક્કા વડે માર માર્યો હતો. મારના કારણે તેઓ જમીન પર પડી ગયા બાદ હુમલાખોરો ત્યાંથી ભાગી ગયા હતા.ઘટનાની જાણ થતાં ૧૦૮ બીલીમોરાની મેંગુશી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બીલીમોરા પોલીસમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# વીપીએસ સ્કૂલમાં ૯-૧૦ ઓક્ટો.એ રાષ્ટ્રીય રગ્બી સ્પર્ધા યોજાશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૪ :** વાપી વટારની પબ્લિક સ્કૂલને ૭મા સીઆઈએસસીઈ રાષ્ટ્રીય રમતોત્સવ અંતર્ગત રગ્બી સ્પર્ધાના આયોજનની જવાબદારી સોંપવામાં આવી છે. રાષ્ટ્રીય કક્ષાની આ રગ્બી સ્પર્ધા ૯ અને ૧૦ ઓક્ટોબરના રોજ વાપી પબ્લિક સ્કૂલ ખાતે યોજાશે.

સ્પર્ધામાં અંડર-૧૪, અંડર-૧૭ અને અંડર-૧૯ છોકરાઓની કેટેગરીમાં દેશના વિવિધ રાજ્યોમાંથી આશરે ૨૦૦ યુવા ખેલાડીઓ ભાગ લેશે.

રાષ્ટ્રીય કક્ષાની આ સ્પર્ધામાં દેશના વિવિધ રાજ્યોની રગ્બી પ્રતિભાઓને એક જ મેદાન પર પોતાની રમતગમતની કુશળતા દર્શાવવાની તક મળશે. સ્પર્ધા દરમિયાન ટીમવર્ક, શિસ્ત, નેતૃત્વ, સહકાર અને રમતગમતની ભાવનાને પ્રોત્સાહન મળશે.

વાપી પબ્લિક સ્કૂલ છેલ્લા ૨૫ વર્ષથી શિક્ષણ સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે. શાળા દ્વારા રમતગમતને પણ વિશેષ મહત્વ આપવામાં આવે છે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાના આયોજનને શાળાની યાત્રામાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન ગણાવતા કાર્યકારી નિયામક અને આચાર્ય ડૉ. અલ્પા એસ. કોટાડિયાએ જણાવ્યું હતું કે, દેશના વિવિધ રાજ્યોમાંથી આવતા આશરે ૨૦૦ યુવા ખેલાડીઓનું વાપીમાં સ્વાગત કરવું અમારા માટે ગૌરવની સાથે મોટી જવાબદારી પણ છે. દરેક ખેલાડી અહીંથી રમતની યાદો ઉપરાંત મિત્રતા, શીખ અને સુંદર અનુભવો લઈને પરત ફરે તેવો અમારો પ્રયાસ રહેશે.

# દમણની બે બહેનો કરાટે સ્પર્ધા ઝળકી

**જયા સિંઘે બે ગોલ્ડ, જુહી સિંઘે બ્રોન્ઝ મેડલ જીતતા કેતન એનજીઓ દ્વારા સન્માન કરાયું**



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ, તા.૦૪ :** સંઘપ્રદેશ દમણના ડાભેલ ગામની બે સગી બહેનોએ મુંબઈમાં યોજાયેલી આંતર રાષ્ટ્રીય કરાટે ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કરી દમણનું નામ રોશન કર્યું છે.

મુંબઈના અંધેરી પશ્ચિમ સ્થિત અંધેરી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ "'એશિયા કપ-૯મી ઓપન કરાટે ચેમ્પિયનશિપ-૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારત સહિત નેપાળ, બાંગ્લાદેશ, જાપાન, શ્રીલંકા, મલેશિયા અને ભૂતાનના ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ડાભેલની રહેવાસી જયા બ્રિજેશ સિંઘે કાતા અને કુમિતે બંને કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી બે ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યા હતાં. જ્યારે તેની બહેન જુહી બ્રિજેશ સિંઘે કાતા કેટેગરીમાં શાનદાર રમતનું પ્રદર્શન કરી બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

આંતરરાષ્ટ્રીય સ્તરે બંને બહેનોએ મેળવેલી આ સિદ્ધિથી પરિવારજનો સહિત ડાભેલ ગામ અને સમગ્ર દમણમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. દમણ પરત ફર્યા બાદ બંને ખેલાડીઓનું કેતન એનજીઓના પ્રમુખ અમીબેન પટેલ અને કેતન પટેલ દ્વારા સ્વાગત કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં. બંને બહેનોની આ સિદ્ધિ અન્ય યુવા ખેલાડીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે. પરિવારજનો અને સ્થાનિક રમતપ્રેમીઓએ તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# નાનાપોંઢા માતૃભૂમિ ડેરી કંપનીમાંથી વાયર ચોરીમાં ચાર ઝડપાયા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૪ :** નાનાપોંઢા પોલીસ સ્ટેશનની હદમાં નાનાપોઢા ગામે આવેલી માતૃભૂમિ ડેરી પ્રા.લી. કંપનીમાં થયેલી વાયર ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી નાનાપોઢા પોલીસે ચાર આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે.

ગત તા.૧૫/૦૬/૨૦૨૬થી તા.૦૩/૧૦/૨૦૨૬ દરમિયાન કંપનીના મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કરી મશીનરી સાથે જોડાયેલા પીળા, લાલ અને બ્લ્યુ કલરના કવરવાળા એલ્યુમિનિયમના અંદાજે ૧૨૦૦ મીટર કેબલ વાયર કિંમત રૂ.૫,૫૦,૦૦૦ની ચોરી થઈ હતી. જે અંગે ગુનો નોંધાયો હતો.

વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શનમાં પીઆઈ એમ.એન. કાતરીયાએ અલગ-અલગ ટીમો બનાવી સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ - હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ કરતા સાહીલ પઠાણ, સમીર મકરાણી, શાહરૂખ શેખ અને કૌશિક યાદવને ઝડપ્યા હતાં. તેમની પાસેથી ચોરીમાં ગયેલા ૧૦૦૦ મીટર વાયર કિં. રૂા. ૪,૬૦,૦૦૦, ગુનામાં વપરાયેલ સ્પ્લેન્ડર બાઈક, એક્ટિવા અને બે મોબાઈલ મળી કુલ રૂા.૬ લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે.

# નામધા-ચંડોર મુખ્ય માર્ગ પર બેફામ દોડતા ભારે વાહનોથી અકસ્માતનો ભય

**આ માર્ગ પર બે આરોગ્ય કેન્દ્ર બે પ્રા. શાળાઓ એક મા. શાળા અને ત્રણ જેટલી આંગણવાડી આવેલી છે છતાં સ્પીડબ્રેકર નથી તો એક ખાનગી ઈંગ્લીશ મીડીયમ પાસે બે મોટા સ્પીડબેકર બનાવાયા છે : તંત્ર જવાબ આપે**

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૪ :** વાપીના નામધા-ચંડોર મુખ્ય માર્ગ પર છેલ્લા ઘણા સમયથી દમણની ઈન્ડસ્ટ્રીઝમાંથી અને વાપી ટાઉન વિસ્તારના ભારે વાહનો રેલવે ઓવરબ્રિજની કામગીરીને કારણે ડાયવર્ટ નામધા મુખ્ય માર્ગથી નેશનલ હાઈવે નંબર ૪૮ પર કરવામાં આવ્યા છે. જેના કારણે આ માર્ગ સતત ૨૪ કલાક ભારે વાહનોની અવરજવર વધી છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ, અનેક ભારે વાહનો ફુલ સ્પીડે અને બેફામ દોડતા હોવાથી રાહદારીઓ તેમજ ગ્રામ્ય વિસ્તારના લોકોના બાઈક અને કાર તથા સાઈકલ સવાર માટે અકસ્માતનું જોખમ વધ્યું છે.

આ મુખ્ય માર્ગ પર આશરે પાંચ કિલોમીટરના વિસ્તારમાં શૈક્ષણિક સંસ્થાઓમાં બે પ્રાથમિક શાળા એક માધ્યમિક શાળા ત્રણ જેટલી આંગણવાડી અને બે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને રહેણાંક વિસ્તારો આવેલા છે. સ્થાનિકોની માંગ છે કે આવા સંવેદનશીલ સ્થળોએ સ્પીડ બ્રેકર તેમજ જરૂરી ટ્રાફિક નિયંત્રણની વ્યવસ્થા કરવામાં આવે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, સરકારી શાળા અને આરોગ્ય કેન્દ્રો પાસે સ્પીડ બ્રેકરનો અભાવ છે, જ્યારે એક ખાનગી શાળાના મુખ્ય ગેટ પાસે સ્પીડ બ્રેકર બનાવવામાં આવ્યું છે. આ મુદ્દે અગાઉ વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર એન.એસ. ચૌધરી, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરો તેમજ વોર્ડના ચૂંટાયેલા સભ્ય રણજીતભાઈ પટેલને મૌખિક રજૂઆત કરવામાં આવી હોવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી. લગભગ દર અઠવાડિયે એકથી બે નાના મોટા અકસ્માતો પણ થઈ રહ્યા છે. જો કોઈ વ્યક્તિનો આ અકસ્માતમાં ગંભીર ઈજા કે મૃત્યુ થશે ત્યારે મહાનગરપાલિકાનું વહીવટી તંત્ર જાગશે કે કેમ તેવા પ્રશ્નો પણ કરાઈ રહ્યા છે. જોકે સ્થાનિકોએ વાપી મહાનગરપાલિકા અને સંબંધિત તંત્રને તાત્કાલિક કાર્યવાહી કરી માર્ગ પર જરૂરી સ્થળોએ સ્પીડ બ્રેકર, ચેતવણીના બોર્ડ અને અન્ય ટ્રાફિક સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવા તેમજ ભારે વાહનોની ગતિ નિયંત્રિત કરવા માંગ કરી છે.

### વડનગરની 'સુર પંચમ લોકગીત સ્પર્ધા'માં

# વાપીની સલવાવ સ્કૂલના બે વિદ્યાર્થીઓ ઝળક્યા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૪ :** 'વડનગરનો વારસો' કાર્યક્રમ અંતર્ગત વડનગરના ઐતિહાસિક તાનારીરી ગાર્ડન ખાતે રાજ્યકક્ષાની 'સુર પંચમ લોકગીત સ્પર્ધા' યોજાઈ હતી. સમગ્ર ગુજરાતમાંથી કલાકારોએ ભાગ લીધો હતો. જેમાં વાપીના બે કલાકારોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સફળતા મેળવી હતી.

સ્પર્ધાની એ કેટેગરી અંડર-૧૭માં વાપીના ઓમ વાલજી દામાએ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. જ્યારે બી કેટેગરી ૧૮થી ૩૫ વર્ષમાં વાપીના પૂજાબેન નૈનેશભાઈ ચૌહાણે તૃતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

તાનારીરી ગાર્ડન ખાતે ૩,૦૦૦થી વધુ સંગીત પ્રેમી શ્રોતાઓની ઉપસ્થિતિમાં બંને કલાકારોએ લોકગીતની સુંદર રજૂઆત કરી હતી. જેને શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. વિજેતાઓને જાણીતા લોકગાયક રાકેશભાઈ બારોટના હસ્તે રોકડ પુરસ્કાર અને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

ઓમ દામા હાલમાં શ્રી સ્વામિનારાયણ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, સલવાવના ગુજરાતી માધ્યમમાં ધો.૧૨માં અભ્યાસ કરે છે. બાળપણથી જ સંગીત પ્રત્યે લગાવ ધરાવતા ઓમ ગાયનની સાથે હાર્મોનિયમ અને તબલા વાદનમાં પણ નિપુણતા ધરાવે છે. ઓમ દામાની આ સિદ્ધિ બદલ શ્રી સ્વામિનારાયણ સલવાવના ટ્રસ્ટીઓ અને આચાર્ય ચંદ્રવદન પટેલ તથા સમગ્ર સ્ટાફે અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# સુરંગી પંચાયતમાં કોન્ટ્રાક્ટ બેઝ ૮ કર્મચારીને બદલવાના મુદ્દે વિવાદ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ, તા.૦૪ :** સુરંગી ગ્રામ પંચાયતમાં આઉટર્સોસિંગ મારફતે ફરજ બજાવતા ૮ કર્મચારીઓને બદલવાના મુદ્દે વિવાદ વકર્યો છે. પંચાયતના સભ્યોએ કર્મચારીઓને પરત ફરજ પર લેવાની માંગ સાથે સંબંધિત અધિકારીઓને લેખિત રજૂઆત કરી છે. આ મામલો જિલ્લા પંચાયતના ચીફ ઓફિસર સમક્ષ પણ રજૂ કરવામાં આવ્યો છે અને તેમના જવાબની રાહ જોવાઈ રહી છે.

૨૯ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ કરાયેલી રજૂઆતમાં પંચાયત સભ્યોએ જણાવ્યું હતું કે ગ્રામ પંચાયતની માસિક બેઠકમાં આઉટર્સોસિંગ મારફતે કાર્યરત ઓપરેટરો અને સફાઈ કર્મચારીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ કર્મચારીઓમાં ફેરફાર કરવામાં આવતા સભ્યોએ સવાલ ઉઠાવ્યો છે કે આ ૮ કર્મચારીઓને બદલવાનો નિર્ણય કોણે લીધો અને કયા આધારે લીધો ?

રજૂઆત સાથે ઓપરેટર તથા સફાઈ કામગીરી સાથે સંકળાયેલા ૮ કર્મચારીઓના નામ પણ આપવામાં આવ્યા છે. સભ્યોએ સમગ્ર મામલે તપાસ કરી કર્મચારીઓને પરત ફરજ પર લેવા માટે જરૂરી કાર્યવાહી કરવાની માંગ કરી છે.

આ મામલે સ્થાનિક સ્તરે રાજકીય પક્ષપાતની ચર્ચાએ પણ જોર પકડ્યું છે. વેલુગામના ચારેય પંચાયત સભ્યો વિપક્ષ પક્ષ સાથે જોડાયેલા હોવાથી સરપંચ દ્વારા કર્મચારીઓના મામલે પક્ષપાત કરવામાં આવી રહ્યો હોવાની ચર્ચા વિસ્તારમાં ઝડપથી ફેલાઈ રહી છે. જોકે, આ આક્ષેપની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી અને સરપંચનો પક્ષ હજુ સામે આવ્યો નથી.

નામ જાહેર ન કરવાની શરતે એક વોર્ડ સભ્યએ જણાવ્યું હતું કે, મોંઘવારી અને ગરીબીના કારણે લોકો પહેલેથી જ મુશ્કેલીમાં છે. આવા સમયે પંચાયત કે કોઈપણ સંસ્થા દ્વારા લોકોનો રોજગાર છીનવવો અથવા બેરોજગારી વધારવી યોગ્ય નથી. જો કોઈ કર્મચારીની કામગીરીમાં ખામી હોય તો નિયમ મુજબ કાર્યવાહી થવી જોઈએ, પરંતુ યોગ્ય કારણ વિના કોઈનો રોજગાર અસરગ્રસ્ત કરવો યોગ્ય નથી.

પંચાયત સભ્યોએ આ મુદ્દો જિલ્લા પંચાયતના ચીફ ઓફિસર સમક્ષ પણ રજૂ કર્યો છે. હવે વહીવટી તંત્રના જવાબ બાદ જ સ્પષ્ટ થશે કે કર્મચારીઓને બદલવાનો નિર્ણય કયા સ્તરે લેવામાં આવ્યો હતો, તેનું કારણ શું હતું અને નિર્ધારિત પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું હતું કે નહીં.

આ ઉપરાંત આઉટર્સોસિંગ એજન્સી સાથેના કરારમાં કર્મચારીઓની નિમણૂક, બદલાવ અને દૂર કરવાની પ્રક્રિયા અંગે શું જોગવાઈ છે તથા નિર્ણય લેવાની સત્તા કોની પાસે છે, તે પણ તપાસનો વિષય બન્યો છે.

# નારગોલ માલવણ બીચથી અજગરનું રેસ્ક્યું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૦૪ :** ભારે વરસાદની રેલના પાણી સાથે ઉપરવાસના જંગલોમાંથી તણાઈ આવેલા વિવિધ પ્રકારના સાપો, ખાસ કરીને એક પછી એક અજગરો કાંઠા વિસ્તારમાંથી મળી આવી રહ્યા છે. નારગોલના માલવણ બીચ વિસ્તારમાં એક અઠવાડિયામાં બે અજગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે.

મળતી માહિતી મુજબ વર્તમાન ચોમાસા દરમિયાન ભારે વરસાદની રેલની સ્થિતિમાં ઉપરવાસના વિસ્તારોમાંથી અનેક ચીજવસ્તુઓ નદીઓ મારફતે દરિયામાં આવ્યા બાદ કિનારે આવી પહોંચી હતી. જેમાં જંગલોમાંથી વૃક્ષોના થડ અને લાકડાઓ પણ તણાઈ આવ્યા હતા. આવા સંજોગોમાં અનેક પ્રકારના સાપો પૂરના પાણી સાથે દરિયા સુધી આવી પહોંચતા કાંઠા વિસ્તારના ગામોમાં અનેક સાપો જોવા મળી રહ્યા છે. નારગોલ ગામની અંદર વારોલી ખાડી તેમજ અન્ય ખાડીઓના પાણી સાથે અનેક પ્રકારના સાપો આવ્યા હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. અગાઉ આ વિસ્તારમાં અજગર સાપ ભાગ્યે જ જોવા મળતા હતા, પરંતુ પૂરની સ્થિતિ બાદ નારગોલ ગામના દરિયાકિનારે આવેલા ખેતરો અને વાડીઓમાં અનેક અજગરો ફરતા જોવા મળી રહ્યા છે.


દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com



**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**